Since 1925...
જ્ઞાતિ પ્રવાહનું પાક્ષિક માધ્યમ
સળંગ વર્ષ ૯૩મું

# ક.દ.ઓ. પ્રકાશ સમીક્ષા

CDO PRAKASH SAMIKSHA Visit us at : www.prakashsamiksha.com • Email : kdoprakash@gmail.com
FORTNIGHTLY VOLUME : 1 • ISSUE : 2 • PAGES : 40 • DATE : 20TH AUGUST 2018 • YEARLY SUBS. RS. 50/-

## પ્રકાશ સમીક્ષાની કેડીને રાજમાર્ગ બનાવનાર તંત્રીશ્રીને ૧૧મી પુણ્યતિથિએ આદરાંજલિ



## શ્રી સનત નરપાર શાહ

ગામ : મોટી સિંધોડી - હાલ : સાયન, મુંબઈ
અરિહંત શરણ : તા. ૩૦-૮-૨૦૦૭

**આદર્શોને વ્યવહાર બનાવતાં વિતાવ્યું જીવન,**
**પત્રકારત્વથી સમૃધ્ધ કર્યું જ્ઞાતિનું સમાજ જીવન,**
**સ્વજનોને શીખવ્યું કેમ વિસ્તારવા સીમાંકન,**
**સદાયે જીવંત પાવન સ્મૃતિને સાદર વંદન!**

આપના સતત સળંગ પાંચ દાયકાથી વિશેષ સમયકાળના તંત્રીપદ અને પત્રકારિત્વના ગૌરવાન્વિત યોગદાનને આ દસમી પુણ્યતિથિએ નતમસ્તક શ્રધ્ધાંજલિ

**પ્રકાશ સમીક્ષા સમિતિ**

# દક્ષિણ ભારત કચ્છી દશા ઓસવાલ જૈન એકમ મહિલા મંચ હૈદરાબાદ

## રજત જયંતિ મહોત્સવ

25

**દ.ભા.ક.દ.ઓ. જૈન એકમ મહિલા મંચ ''હૈદ્રાબાદ''**

આપ સૌના સાથ ને સહકારથી હર્ષ ને ઉલ્લાસભેર ઉજવે છે
દ.ભા.ક.દ.ઓ જૈન એકમ મહિલા મંચની ''રજત જયંતિ''.
આપસૌને આવકારવા મથીયે તન મનથી આવજો સૌ હર્ષને ઉલ્લાસથી...

સ્થળ : અલંકીતા રીસોર્ટ, શામીરપેટ, હૈદ્રાબાદ
તારીખ : ૨૧, ૨૨, ૨૩ સપ્ટેમ્બર ૨૦૧૮

**અતિથી વિશેષ**

**શ્રીમતી કીર્તીદાબેન ભરતભાઈ મેકાણી - સીંગાપોર**
Recipient of the President Award for the Environment, Singapore
Environmentalist/Educationalist

**સમ્માનીય અતિથીગણ**

**શ્રીમતી કુસુમબેન હરીશભાઈ ધરમશી (મુંબઈ)**
Ex-Director SPRJ Educational Trust

**માતુશ્રી મધુરીબેન નવીનભાઈ સોનાવલા (બેંગલોર)**
સંસ્થાપક અધ્યક્ષ, દ.ભા.ક.દ.ઓ જૈન એકમ મહિલા મંચ

**શ્રી પૂનમભાઈ એલ. ધરમશી (હુબલી)**
પ્રમુખ, દ.ભા.ક.દ.ઓ. જૈન એકમ

**શ્રી સતીષભાઈ દેવજી આણંદજી મૈશેરી (બેંગલોર)**
માનદ્ મંત્રી, દ.ભા.ક.દ.ઓ. જૈન એકમ

**શ્રી ધનપતભાઈ લાલજી મોતા**
પ્રમુખ, શ્રી ક.દ.ઓ. જૈન જ્ઞાતિ મહાજન, હૈદરાબાદ

**શ્રી હિરેનભાઈ (રાજુભાઈ) મુલજી પટેલ**
માનદ્ મંત્રી, શ્રી ક.દ.ઓ. જૈન જ્ઞાતિ મહાજન, હૈદરાબાદ

**શ્રીમતી કાજલ ઓઝા વૈદ્ય**
અતિથિ વક્તા

**શ્રીમતી ભાવના શાહ**
Lions Past District Governor, Mumbai

# રજત જયંતિ મહોત્સવ ના સમર્થક
## શ્રી ક.દ.ઓ. જૈન જ્ઞાતિ મહાજન હૈદરાબાદ

મુખ્ય દાતા

**દ.ભા.ક.દ.ઓ. જૈન એકમ બેંગલોર**

**શ્રીમતી લતાબેન મણીકાંત મોમાયા**

**માતુશ્રી મધુરીબેન નવીનચંદ સોનાવાલા સપરિવાર બેંગલોર**

સહાયક દાતા

**શ્રીમતી રાજુલબેન રમેશભાઈ પ્રેમજી લોડાયા**

**શ્રીમતી હિરાવંતીબેન ધનપતભાઈ મોતા**

**શ્રીમતી મીનાબેન ગુલાબભાઈ મોતા**

**માતુશ્રી સોનબાઈ મુલજી પટેલ**

**શ્રી ધીરજભાઈ જેતશી ધુલ્લા**

**શ્રીમતી મીનાક્ષીબેન મોનીક ધરમશી**

**શ્રીમતી જયશ્રીબેન ભરતભાઈ મોતા**

**શ્રી કૌશીક જયચંદભાઈ મૈશેરી**

સહકાર દાતા

**મેસર્સ અલકા માર્કેટીંગ (માતુશ્રી રાજબાઈ પદમશી મોતા)**

❖ ❖ ❖

દ.ભા.ક.દ.ઓ. જૈન એકમ મહિલા મંચ

પ્રમુખ

**શ્રીમતી લતાબેન મણીકાંત મોમાયા**

ઉપ-પ્રમુખ

**શ્રીમતી કાન્તાબેન પ્રફુલ દંડ**

માનદ્ મંત્રી

**શ્રીમતી ગ્રીષ્મા ગીરીશ મોતા**

સહ-માનદ્ મંત્રી

**શ્રીમતી ધારીણી પારસ જાગીરદાર**

ખજાનચી

**શ્રીમતી મીનાક્ષી મોનીક ધરમશી**

સહખજાનચી

**શ્રીમતી છાયા વસંત મોતા**

કમીટી મેમ્બર્સ

**શ્રીમતી જયશ્રીબેન ખુશાલ ધરમશી**

**શ્રીમતી સોનલ ચેતન લાપસીયા**

કમીટી મેમ્બર્સ

**શ્રીમતી હેમાલી નીતેશ મોતા**

**શ્રીમતી તેજલ કૌશીક મૈશેરી**

# મૃત્યુમાં અમૃત ગમય...

જન્મ
તા. ૪.૨.૧૯૩૦



દેહાંત
તા. ૩૦.૮.૨૦૦૭

## શ્રી સનત નરપાર શાહ

**માતુશ્રી દમયંતી સનત શાહ પરિવાર** (મોટી સિંધોડી - સાયન, મુંબઈ)

## પ્રથમ પુણ્યતિથિએ શ્રદ્ધાંજલિ



જન્મ :
તા. ૧૨/૧૨/૧૯૫૩

દેહવિલય :
તા. ૧૪/૦૮/૨૦૧૭

**સ્વ. અ.સૌ. ગીતા વિનોદ નાગડા** (તેરા - નિઝામાબાદ)

"હે પ્રભુ, તું આવું ભાગ્ય કેમ લખતો હશે ?
મિલાવી ને કેમ જુદા કરતો હશે ?
પ્રેમાળ હાથ હવે પછી તમારા કદી નહી ફરે
લાખ કરીશું ઉપાય તોય વાત્સલ્ય ફરી નહી મળે"
હે દિવ્ય આત્મા આપ જ્યાં રહો, ત્યાં પરમ સુખ શાંતિ
અને ઉચ્ચ ગતિ પામો એજ પ્રભુ ચરણે પ્રાર્થના....

-: શોકાકુલ :-

**માતુશ્રી વેજબાઇ વિસનજી માલસી નાગડા પરિવાર** (તેરા-નિઝામાબાદ)
**માતુશ્રી દેવકાબાઇ મુલજી પુનશી વિકમશી પરિવાર** (સુથરી - નિઝામાબાદ)
પતિ : **વિનોદ વિસનજી નાગડા** પુત્ર-પુત્રવધુ : **સૌ. વર્ષા પારસ નાગડા**
પુત્રી-જમાઇ : **સૌ. તારીકા ગિરીશ લોડાયા** (સાંયરા-હિંગોલી)
**સૌ. સારીકા પરેશ ડાઘા** (વરાડિયા-અમદાબાદ)
પૌત્રી : **ધારા** દોહિત્ર-દોહિત્રી : **રાશી, પુજા, સનત, ભક્તિ**

## સ્વ. શ્રી દિનેશ વેલજી ધરમશી - ગામ : સાંધાણ



જન્મ :
૩૦-૦૧-૧૯૪૮

સ્વર્ગવાસ :
તા. ૧૬-૮-૨૦૧૮

પરમકૃપાળુ પરમાત્મા આપની આત્માને ચિરશાંતિ
અને ઉચ્ચગતિ આપે એજ પ્રાર્થના !

**શોકાતુર :**

ધર્મપત્ની : **ધનલક્ષ્મી દિનેશ ધરમશી**
પુત્રો : **કેતન દિનેશ ધરમશી, ચેતન દિનેશ ધરમશી**
પુત્રી-જમાઇ : **અ.સૌ. મીના રમેશ મૈશેરી (મોટી સિંધોડી)**
**અ.સૌ. અંજના વિજય ગોસર (ગોએરસમા)**
ભત્રીજી-જમાઇ : **અ.સૌ. ચાર્મી અંકુર ખોના (મોટી ખાવડી)**
દોહિત્રી-દોહિત્ર : **કાજલ, અક્ષય**
ભાભી-ભાઇ : **અ.સૌ. ભારતીબેન કિર્તી ધરમશી**
બહેન-બનેવી : **રતનબેન પ્રેમજી લાલકા, પ્રેમીલાબેન સોમચંદ નાગડા, ખમાવંતીબેન કુંવરજી મુનવર, સરલાબેન સોમચંદ મૈશેરી, સ્વ. વિજયાબેન પ્રતાપ ખોના**
સાસુ-સસરા : **સ્વ. ખેતબાઇ મુલજી ઢોળ (કોટડી મહાદેવપુરી)**

CAR COLLECTION
Its all about Car
93239 56633

AKSHAR PRINTS
Digital Flex, Vinyl & Signages
98208 95256

**આદ્યતંત્રીઓ**

**''પ્રકાશ''**
ડૉ. વેલજી પાસ્વીર ગોસર
**''સમીક્ષા''**
સનત્ શાહ અને
ગોવિંદજી જીવરાજ લોડાયા
**''પ્રકાશ સમીક્ષા''**
સનત્ શાહ

**: તંત્રી :**
રાયચંદ આર. નાગડા
**: સહતંત્રી :**
ઉદયન લાલજી લોડાયા

**ટ્રસ્ટ રજી. નં : F - 69260**
પ્રમુખ : CA હીરાચંદ દામજી દંડ
માનદ્મંત્રી : ઉદયન લાલજી લોડાયા
કોષાધ્યક્ષ : કિરીટ ખેતસી મુનવર
**અન્ય ટ્રસ્ટીઓ**
કિરીટ લક્ષ્મીચંદ લાપસીયા
રાયચંદ રતનશી નાગડા
શરદ કાંતિલાલ શાહ (નાગડા)
કેશરસિંહ આણંદજી ખોના
તિલકચંદ કુંવરજી લોડાયા
કાશ્મીરા વિરેન્દ્ર લુઠીયા
પંકજ પ્રતાપ શાહ
શૈલેશ સનત્ શાહ
જયંત વિશનજી છેડા
મુકેશ ભવાનજી લોડાયા
**અન્વેષક**
CA મણિકાંત વસનજી નાગડા



**પાક્ષિક અંક નં. ૨**
**Date : 20-8-2018**



**: કાર્યાલય :**
પોસ્ટ/કુરીઅર પત્રવ્યવહાર માટે સરનામું
**C/o. Shri R. R. Nagda,**
**Advocate High Court**
29/41, Tamarind Lane,
Behind Poornima Rest.,
Rajabahadur Comp,
Nr. Stock Exchange Bldg.
Fort, Mumbai - 400 001
E-mail : kdoprakash@gmail.com

**સમય :** બપોરે ૧ થી ૪ ફક્ત
શનિ./રવિ. અને જાહેર રજાના બંધ

**: જાહેરાત સંપર્ક :**
મુકેશ ભવાનજી લોડાયા
**022-2508 4463/64/65**

પ્રકાશ-સમીક્ષા હવે નેટ પર....
www.prakashsamiksha.com


**તંત્રી સમીપે**

# સનત્‌ભાઈ એટલે સંનિષ્ઠ અને સમર્પિત પત્રકારત્વની પ્રેરક પ્રતિમા

રાષ્ટ્રીય સ્તરના અખબારો કે સામયિકોની તુલનામાં જ્ઞાતિપત્રોના તંત્રીઓએ તેમના સમાજને સંબંધિત કોઈ પ્રશ્ન કે સમસ્યા વિષે અને તેમાં પણ કોઈ સંવેદનશીલ મુદ્દે પોતાના મંતવ્યો દર્શાવતી વેળા વધારે ચોકસાઈ, સાવધાની અને નિષ્પક્ષતા રાખવી પડતી હોય છે. આનું મુખ્ય કારણ એ છે કે રાષ્ટ્રીય કક્ષાના વૃતપત્રોના વાચકવર્ગની વ્યાપકતા અને વિશાળતાની સરખામણીયાં જ્ઞાતિપત્રના વાચકો ઘણા ઓછા, લગભગ નિશ્ચિત ચોક્કસપણે ઓળખી શકાય એટલા પરિચિત અને નિકટના વર્તુળોમાં હોય છે તેથી તંત્રી લેખમાં અને પત્રમાં પ્રગટ થયેલા અન્ય લેખોમાં વ્યક્ત થયેલા અભિપ્રાયો કે સમાલોચના બાબતે વાચકો અને સંબંધિતોના પ્રત્યાઘાતો જ્ઞાતિપત્રના તંત્રીને ઘણી વધારે ઝડપથી મળતા હોય છે. આ ઝડપી પ્રતિક્રિયા ઘણી વાર આક્રોશમય પણ હોય છે. વળી જ્ઞાતિપત્રના તંત્રીને કોઈ ગતિવિધિ-પરિસ્થિતિની સમીક્ષા કરતી વખતે પોતાના નિકટના કે પરિચિત જ્ઞાતિજનોની કામગીરી કે કાર્યશૈલીના પક્ષપાત વિનાના લેખા જોખા કરવાના પણ અનેક પ્રસંગ આવતા હોય છે.

આવી વેળાએ જ જ્ઞાતિપત્રના તંત્રીની ખરી કસોટી થતી હોય છે કે તે પોતાના પરિચય-સંબંધોને વચ્ચે લાવ્યા વિના કેટલી માત્રામાં વસ્તુલક્ષી અભિપ્રાય આપી શકે છે અને પોતાના મંતવ્યોને કેટલા અંશે ચુસ્તપણે વળગી રહે છે અથવા ભવિષ્યમાં પણ તે તટસ્થ સમીક્ષા કરવા માટે કેટલા મક્કમ રહી શકતા હોય છે.

સનત્‌ભાઈએ તેમના પંચાવન વર્ષના તંત્રીકાળ દરમ્યાન પોતાના નિર્ભીક અને નિષ્પક્ષ અભિપ્રાય-મંતવ્યો સામે ખાસ કરીને જ્ઞાતિ સંસ્થાઓના વહીવટકર્તાઓ દ્વારા થયેલા તીવ્ર પ્રત્યાઘાતોને પોતાની અડગ નૈતિક હિંમતથી સામી છાતીએ ઝીલ્યા હતા. આને લીધે જ પ્રકાશ-સમીક્ષાની પત્રકારીય પૃષ્ઠભૂમિની સબળતાને કોઈ આંચ આવી ન હતી અને આ રીતે તેમણે એક અવિચલિત તપસ્વીની જેમ પ્રકાશ-સમીક્ષાની જ્યોતને તેજોમય ઉજ્જવળતાથી પાંચ દાયકા સુધી પ્રજ્વલીત રાખી હતી.

એટલે જ, પંચાવન વર્ષ લગી જ્ઞાતિજનો માટે 'પ્રકાશ-સમીક્ષા' અને સનત્‌ભાઈ એકબીજાના પર્યાયરૂપ બની રહ્યા હતા. અને આજે પણ તેમના આ સ્વરૂપ અને તાસીર વિસરાયા નથી.

સનત્‌ભાઈની આ શ્રદ્ધેય પુણ્યસ્મૃતિની અંગરૂપ કઠોર તપશ્ચર્યાને સાદર વંદન..

– રા.

**પ્રકાશ-સમીક્ષા (પાક્ષિક)નું પ્રકાશન દર મહીને ૫ અને ૨૦ તારીખે થશે જે માટેની જાહેરાતો તથા અન્ય લેખન સામગ્રી અમને અનુક્રમે ૧ અને ૧૫ તારીખ સુધીમાં મળી જાય તે રીતે મોકલી સહકાર આપવા વિનંતિ.**

રીયલ હેન્ડ એમ્બ્રોઈડરી, રીઅલ જરી,
ચોકબંધ ઘરચોળા, ડિઝાઈનર સાડી, પ્યોર સિલ્ક સાડી
તેમજ એક્સક્લુઝીવ ડ્રેસ માટે
Since 1982...
Lagna Deep
બી-૧૩, જલારામ આશિષ દેવીદયાલ રોડ,
મુલુન્ડ (વેસ્ટ), મુંબઈ-૪૦૦ ૦૮૦.
ફોન : ૨૫૬૮૦૮૦૭ (૦૨૨)
Mob.: 7666688881 / 7666622229



## મહામાંગલિક પર્યુષણ પર્વના પૂર્વ પાક્ષિકે

આ અંક પ્રકાશિત થશે અને તેની દષ્ય-મુદ્રિત નકલ આપને વાંચન માટે ઉપલબ્ધ થશે ત્યારે અત્ર-તત્ર-સર્વત્ર આંદોલિત થયેલા પર્વાધિરાજના શુભાગમનના પૂર્વતરંગો આપ સૌ અનુભવી રહ્યા હશો.

'પ્રકાશ-સમીક્ષા'નો આગામી અંક પર્યુષણ પર્વની પૂર્વ સંધ્યાએ ૫ સપ્ટેમ્બરના પ્રકાશિત થશે તે સંજોગોને અનુલક્ષીને આપને આગોતરા શુભકારી વધામણા આપીએ છીએ. આપની આત્મા અને મોક્ષના વિવેકની શુચિતા સતત ઉર્ધ્વગામી જળવાઇ રહો અને તપ-આરાધનાની વિભાવના પણ મંગલ-કલ્યાણકારક ઉપક્રમી રહો એવી વિતરાગવંદના સહ

**મિચ્છામિ દુક્કડમ્.**

– પ્રકાશ સમીક્ષા સમિતિ

| પ્રકાશ- સમીક્ષાના જાહેરાત દર + 5% GST | | | |
|---|---|---|---|
| પ્રકાર | સાઈઝ | કલર | બ્લેક/વ્હાઈટ |
| મુખપૃષ્ઠ | 167 x 190 mm | 10,000/- | - |
| આખું પાનું | 160 x 225 mm | 9,000/- | 5,000/- |
| અડધું પાનું | 160 x 111 mm | 5,000/- | 2,700/- |
| પા પાનું | 77 x 111 mm | 3,000/- | 1,500/- |
| ૧/૮ પાનું | 77 x 54 mm | - | 800/- |
| ૧/૧૬ પાનું | 77 x 27 mm | - | 450/- |
| ચેક C.D.O. PRAKASH SAMIKSHA SAMITI ના નામે લખવા | | | |

### જાહેરાત/લવાજમ ભરવા અમારી બેંક અકાઉન્ટની વિગત નીચે મુજબની છે.

For NEFT Transfer
Type of Account : Saving
Account Number : 004003000002
Name of the Bank : Shri Arihant Co-op Bank Ltd.
Branch : Chinch Bunder, Mumbai - 400 009.
IFSC Code : ICIC00ARIHT (after ICIC it is zero zero)
MICR Code : 400800005
Name of the Account: Shri C D O Prakash Samiksha Samiti
For Mobile App Transfer
Our MMID Code : 8359011
You must write/mail separate letter giving payment reference number, amount and date of transfer.
For old subscribers-Just give your Subscription Number.
For New Subscribers - Give full residence address with native village (Kutch Halar).

જાહેરાત / લવાજમ મોકલ્યા પછી બેન્કનો રેફરન્સ નંબર, રકમ તથા તારીખની વિગત અલગથી મોકલવી.

જુના ગ્રાહકોએ ફક્ત ગ્રાહક નંબર મોકલવો.

નવા ગ્રાહકોએ હાલનું પૂરું સરનામું પોતાના (કચ્છ-હાલાર)ના ગામ સાથે લખી મોકલવું.

For Cheque Payment
Draw your cheque in the name of
**"Shri C D O Prakash Samiksha Samiti"** and payable at par at Mumbai.

ચેકથી જાહેરાત/ લવાજમ ભરનારાઓને ચેક Shri C D O Prakash Samiksha Samiti નાં નામથી મોકલવો. ચેક at par મુંબઈ હોવો જોઈએ.

## કલર પેજ જાહેરાતો માટે સૂચના

'પ્રકાશ-સમીક્ષા'ના રંગીન પાનાં ચાર (૪)ના ગુણાંકમાં છપાતા હોવાથી પુણ્યતિથિ કે જન્મ-લગ્ન-જયંતિને લગતી જાહેરાતો અઠવાડીયા પહેલાં મોકલાશે તો તે બધી જાહેરાતોનો સમયસર સમાવેશ કરવામાં અમને આર્થિક કારણોસર મુશ્કેલ બને છે. આ પ્રકારની જાહેરાતો માટે એકાદ પખવાડીયા પહેલાં અમને જાણ કરાશે તો જ સુગમતા રહેશે. તેવી જ રીતે શ્રધ્ધાંજલિ અને અભિનંદનની બધી જાહેરાતોને પણ તે જ પખવાડીકના આગામી અંકમાં પ્રગટ કરવાનું હંમેશા શક્ય બનતું નથી. તેમજ કલર કે અન્ય જાહેરાતો માટે કોઈ ચોક્કસ પાનાનો કે સેન્ટર પેજનો અથવા અગાઉથી બુકીંગ કરવા માટે આગ્રહ રાખવો નહીં. જે પખવાડિયામાં ચાર (૪)ના ગુણાંકની સંખ્યાના પાનાની કલર જાહેરાતો મળશે તેટલી સંખ્યાની જાહેરાતો જ પ્રગટ કરવાનું શક્ય બનશે, તેની નોંધ લેવા અને સહકાર આપવા વિનંતિ.

**– વ્યવસ્થાપક**

# ત્રણ જ્ઞાતિ સંમેલનના ઠરાવોમાં સામ્યતા

**જ્ઞાતિનું પ્રથમ સંમેલન ૧૯૪૭માં (૭૧ વર્ષ પહેલાં), બીજું સંમેલન ૧૯૭૯માં (૩૯ વર્ષ પહેલાં) અને ત્રીજું સંમેલન ૧૯૯૧માં (૨૭ વર્ષ પહેલાં) યોજાયાં. આમાં જ્ઞાતિને સ્પર્શતા કેટલાક સમાન પ્રશ્નો કે વિષયો અંગે ઉપરોક્ત ત્રણે સંમેલનોમાં કે બે સંમેલનોમાં જે ઠરાવ પસાર થયા હતા તેમને અહીં ઉદ્ધૃત કર્યા છે:**

## અતિથિગૃહ

### પ્રથમ સંમેલન : ઠરાવ નં. ૧૧

દેશદેશાવરથી મુંબઈ આવતાં જતાં જ્ઞાતિ ભાઈબેનો માટે ઉતારાની જગ્યાની જરૂરિયાત આ સંમેલન પિછાણે છે અને તે દિશામાં તાત્કાલિક બંદોબસ્ત કરવા શ્રી મુંબઈ મહાજનને આગ્રહભરી વિનંતિ કરે છે.

### દ્વિતીય સંમેલન : ઠરાવ નં. ૧૩

મુંબઈ તથા મુંબઈ બહાર વસતા આપણા જ્ઞાતિજનોને સામાજિક, વૈદ્યકીય, વ્યવહારિક તથા ધાર્મિક ઈત્યાદિ કાર્યો માટે તથા ટૂંક સમયના ઉતારા માટે સંપૂર્ણ સુવિધારૂપ નીવડે તેવું આધુનિક સગવડવાળું અતિથિગૃહ મુંબઈમાં સ્થાપવાનું અતિ આવશ્યક હોવાનું આ સંમેલન સ્વીકારે છે. અને મુંબઈ મહાજનશ્રીને સર્વે મહાજનો, એકમો તથા સર્વે જ્ઞાતિ સંસ્થાઓ અને જ્ઞાતિજનોનો સહકાર મેળવી જેમ બને તેમ જલદીથી અતિથિગૃહ સ્થાપવાની ભલામણ કરે છે. આ ઠરાવ તાત્કાલિક અમલમાં આવે, તે માટે મુંબઈ મહાજનશ્રીને તન, મન અને ધનથી સહકાર આપવા સૌને અનુરોધ કરે છે.

### તૃતીય સંમેલન : ઠરાવ નં. ૩

આપણા જ્ઞાતિજનોના ટૂંક સમયના રોકાણ માટે સુવિધારૂપ નિવડે તેવું સમુચિત અતિથિગૃહ સર્વે મહાજનશ્રીઓના આર્થિક સહયોગ સાથે મુંબઈમાં સત્વરે સ્થાપવાનું આ સંમેલન ઠરાવે છે.

## યુવાઓ અને મહિલાઓને પ્રોત્સાહન

### પ્રથમ સંમેલન : ઠરાવ નં. ૧૭

જ્ઞાતિમાં સર્વાંગી કેળવણી અંગે વધુ પ્રયત્નશીલ બનવા માટે તેમજ હુન્નર ઉદ્યોગોનાં શિક્ષણ તરફ ખાસ ધ્યાન આપવા માટે તથા જ્ઞાતિનાં બંને છાત્રાલયોનાં કાર્યક્ષેત્રનું બની શકે તો એકીકરણ કરવાનો પ્રયત્નો કરવા માટે તેમજ જ્ઞાતિમાં એક બાલિકાશ્રમ સ્થાપવા માટે કાર્ય કરવા તથા જ્ઞાતિની સઘળી શિક્ષણ આપતી સંસ્થાઓને દોરવણી આપવા એક પેટા સમિતિ નીમવા આ સંમેલન મધ્યસ્થ મહાજનને ભલામણ કરે છે.

### દ્વિતીય સંમેલન : ઠરાવ નં. ૧૫

આજનું આ જ્ઞાતિ સંમેલન, જ્ઞાતિ મહાજનો, એકમો તથા જ્ઞાતિ સંસ્થાઓને પોતપોતાની સંસ્થાઓની સંચાલન સમિતિઓમાં યુવાનો તથા મહિલાઓને શક્ય હોય તેટલું વધુ પ્રતિનિધિત્વ આપવા અનુરોધ કરે છે.

### તૃતીય સંમેલન : ઠરાવ નં. ૮

યુવા શક્તિની પ્રતિભાને જ્ઞાતિના પ્રવાહમાં સંમિલિત કરવા યુવા મંચ જેવી યોગ્ય સંસ્થાઓ સ્થાપી તેના વિકાસ માટે જરૂરી સુવિધાઓ પૂરી પાડવા અને તાલીમ પામેલ જ્ઞાતિની યુવા શક્તિઓના પરસ્પર આદાન પ્રદાન દ્વારા જ્ઞાતિની વિવિધ સંસ્થાઓને લાભપ્રદ નિવડે એવી યંત્રણા ઉભી કરવા, સર્વે જ્ઞાતિ મહાજનોને તથા એકમોને આ સંમેલન અનુરોધ કરે છે અને જ્ઞાતિના યુવા વર્ગને આ ઉદ્દેશની પરિપૂર્તિ માટે આવ્હાન કરે છે.

### ઠરાવ નં. ૯

સ્થાનિક અને કેન્દ્રીય ધોરણે જ્ઞાતિ મહિલા મંડળ સ્થાપી મહિલા તથા જ્ઞાતિ વિકાસના ખાસ કરીને સાંસ્કૃતિક, શૈક્ષણિક, લઘુ ઉદ્યોગો, ગૃહ ઉદ્યોગો, સ્વરોજગારી, શૃંગારકલા ઈત્યાદિ ક્ષેત્રોમાં જ્ઞાતિ મહિલાઓને સમ્મિલિત કરવા અંગે યોજનાઓ અને યંત્રણા ઉભી કરવા અને જ્ઞાતિ વિકાસમાં પોતાનું યોગદાન આપવા આગળ આવવા આ સંમેલન જ્ઞાતિ મહિલાઓને આવ્હાન કરે છે અને તેને પ્રોત્સાહિત કરવા સર્વે જ્ઞાતિ મહાજનોને અનુરોધ કરે છે.

## જ્ઞાતિ સંસ્થાઓની માહિતી અને પ્રવૃત્તિઓનું સંકલન

### પ્રથમ સંમેલન : ઠરાવ નં. ૧૫

જ્ઞાતિનાં સઘળાં જાહેર, સખાવતી, ધાર્મિક તેમજ સમાજોપયોગી ટ્રસ્ટોની વિગતવાર માહિતી તૈયાર કરી તે જ્ઞાતિ સમક્ષ ધરવાની મધ્યસ્થ મહાજનને આ સંમેલન ભલામણ કરે છે.

### તૃતીય સંમેલન : ઠરાવ નં. ૧૩

આ સંમેલન જ્ઞાતિના વિવિધ ટ્રસ્ટો અને સંસ્થાઓના હેતુઓ, ઉપલબ્ધ ફંડો અને કાર્ય પદ્ધતિની માહિતી એકત્રિત કરી જ્ઞાતિના સર્વાંગી વિકાસ અને ઉત્કર્ષ માટે ઉપરોક્ત વિવિધ સંસ્થાઓનો જ્ઞાતિ માટે વધારામાં વધારે સારી રીતે ઉપયોગ થઈ શકે તે ઉદ્દેશથી સમુચિત વિચારસરણી ઘડવાનું અને એમની પ્રવૃત્તિઓનું સંકલન કરવાનું ઠરાવે છે. આ હેતુની, પૂર્તી માટે જ્ઞાતિના વિવિધ ટ્રસ્ટો અને સંસ્થાઓને સંપૂર્ણ સહકાર આપવા અનુરોધ કરે છે.

## જ્ઞાતિ ઈતિહાસ વિશે સંશોધન અને પ્રકલ્પ

### પ્રથમ સંમેલન : ઠરાવ નં. ૧૩

જ્ઞાતિ ઈતિહાસનું યોગ્ય સંશોધન કરી, તે પ્રસિદ્ધ કરવા આ સંમેલન મધ્યસ્થ મહાજનને ભલામણ કરે છે.

શ્રી જીવરાજ કરમશી શાહે (પાલીતાણા) પોતાના ઠરાવ પર બોલતાં જણાવ્યું હતું કે 'ગઈ કાલે વિષય વિચારિણી સમિતિમાં પસાર થયેલા ઠરાવ હું આપની સમક્ષ રજૂ કરી રહ્યો છું. દરેક જ્ઞાતિનો પોતાનો ઈતિહાસ હોય છે, પણ આપણી કોમનો યોગ્ય સંશોધિત ઈતિહાસ આજે છે નહિ. થર પારકર જીલ્લામાંથી આપણા વડવાઓએ આવીને કચ્છ, હાલાર અને દેશાવરમાં ક્યારે ને કેવી રીતે વસવાટ કર્યો તેનો ઈતિહાસ આજે પ્રાપ્ત થતો નથી. કરાંચીવાળા શ્રી ડુંગરસી ધરમસી સંપટ અને એવી જ બીજી બહારની કેટલીક વ્યક્તિઓએ આપણી જ્ઞાતિના શેઠ નરસી નાથા જેવા દાનવીરોના કેટલાક નાનકડા પ્રસંગો આલેખ્યા છે. બહારની વ્યક્તિઓ આપણી જ્ઞાતિના દાનવીરો અંગે જાણે છે, જ્યારે આપણે આપણા પૂણ્યશ્લોક જ્ઞાતિજનોના ઈતિહાસથી અપરિચિત છીએ એ ખૂબ અજુગતું ગણાય. આપણી જ્ઞાતિનો ઈતિહાસ ગૌરવ ભરપૂર છે. જ્ઞાતિ ઈતિહાસને લગતું કેટલુંક ઈતિહાસ સાહિત્ય પ્રકાશ સમિતિ તરફથી તૈયાર થયું હતું પણ તે ૧૯૪૪ના એપ્રિલમાં બંદરમાં થયેલા ધડાકાની હોનારતમાં નષ્ટ થયું, એ આપણી કમનસીબી છે.'

ત્યાર પછી વક્તાએ સદ્‌ગત શેઠ શ્રી નરસી નાથાએ કચ્છ-માંડવીમાં ધર્મશાળા ન હતી એ જોઈને ધર્મશાળના આયોજન પછી જ પોતે દાતણ કરશે એવી લીધેલી પ્રતિજ્ઞા અને ત્યાર પછી તુરત જ તેમણે ધર્મશાળા બંધાવી એ હકીકત અને શેઠ લાલજી શામજીએ કેસરિયાજીનો સંઘ કાઢયો તે દરમિયાન તેમણે સાકર ન ખાવાની લીધેલી પ્રતિજ્ઞા વગેરે પ્રેરણાત્મક દાખલાઓ સંભળાવ્યા હતા. અને વધુમાં ઉમેર્યું હતું કે 'સર વસનજી ત્રિકમજીએ રૂપિયા સવા બે લાખની રકમ અમદાવાદના અચળગચ્છના નિયમો પાળતા દેરાસરોના ઈતિહાસ સંશોધન માટે આપી હતી. આપણા જ્ઞાતિજનો તરફથી પૂરતો સહકાર આપવામાં આવે તો જ મધ્યસ્થ મહાજન આ દિશામાં કંઈક કાર્ય કરી શકે. એટલે હું જ્ઞાતિજનોને વિનંતિ કરું છું કે, જ્યારે મધ્યસ્થ મહાજન તરફથી માગણી થાય ત્યારે જ્ઞાતિ ઈતિહાસ સાથે સંબંધ ધરાવતી દરેક સામગ્રી તેમણે હાજર કરવી, અને મધ્યસ્થ મહાજનને દરેક પ્રકારનો સહકાર આપવો.'

શ્રી દેવસી વીરજી ખોનાએ અનુમોદન આપ્યા પછી આ ઠરાવને ટેકો આપતા શ્રી જેઠાભાઈ દેવજી નાગડાએ જણાવ્યું હતું કે, 'આપણા પૂણ્યશ્લોક વડિલોની યાદથી આપણી છાતી ગજ ગજ ઊછળી રહે છે. આપણા વડિલોનો ઈતિહાસ આજના જ્ઞાતિના આગેવાનો અને શ્રીમંતો માટે ખૂબ જ બોધપ્રદ છે. અહીં હું એક દાખલો આપું. શેઠ કેશવજી નાયક કચ્છમાં ગયા ત્યારે ત્યાંના મહાજન તરફથી તેમનું સામૈયું કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે શેઠ કેશવજીના એક બાળમિત્ર છાણાં થાપી રહ્યા હતા, તેણે શેઠને જોયા અને શેઠે તેમને જોયા. બંને એકબીજાને ભેટવા માટે આગળ વધ્યા. શેઠ કેશવજીની આજુબાજુના માણસોને લાગ્યું કે શેઠનાં કપડાં તેમના મિત્રના છાણવાળા હાથને લીધે બગડશે એટલે તેઓ તેમની આજુબાજુ વીંટળાઈ ગયા, પણ શેઠ બધાને દૂર કરીને પોતાના બાળમિત્રને ભેટી પડયા. અને એ મિત્રના છાણવાળા હાથના થાપા શેઠનાં કપડાં પર પડી ચૂક્યા.

એ જ રીતે આપણા વડિલોમાં પ્રમાણિકતા અને સ્નેહના સદ્‌ગુણો પણ હતા. શેઠ કેશવજી નાયકને ત્યાં પીરભાઈ કરીને એક ભાઈ નોકરી કરતા હતા. એક દિવસે શેઠને લાગ્યું કે પીરભાઈ પ્રમાણિક માણસ છે એટલે આપણે તેના નામે વેપાર કરવો અને નફાનો અમુક હિસ્સો પીરભાઈને આપવો. નવાઈની વાત એ બની કે, પીરભાઈના નામે કરેલા વેપારમાં લાખો રૂપિયાનો નફો થયો. અગાઉના સમયમાં

બેસતે વર્ષે નોકરો શેઠને નમસ્કાર કરવા માટે જતા. જ્યારે પીરભાઈ શેઠને મળવા ગયા ત્યારે શેઠ તેમને 'આવો પીરભાઈ શેઠ' કહીને આવકાર આપ્યો. પીરભાઈએ કહ્યું કે, 'શેઠ મારી મશ્કરી કરો છો?' પછી શેઠે મહેતાજીની પાસે પીરભાઈનું ખાતું કઢાવ્યું અને તેમાં પીરભાઈનાં ખાતામાં રૂપિયા પાંચ લાખ જમા નીકળ્યા. પણ પીરભાઈએ કહ્યું કે જો તમે મને કાયમ નોકરીએ રાખો તો જ હું આ પૈસા લઈશ. અને પીરભાઈએ એટલાં નાણાં હોવા છતાં પોતાનો બોલ પાળ્યો, એટલું જ નહિ પણ તેમણે પોતાનાં બાળકોને પણ શેઠની નોકરી ન મૂકવાનું જણાવ્યું હતું.

આવી જ રીતે, એકબીજાને સંકટ વખતે મદદ કરવાનું પણ આપણા વડિલો ચૂકતા નહિ. શેઠ શિવજી નેણસીનો ચીનમાં રેશમ અને અફીણનો જંગી વેપાર ચાલતો. કોઈક કારણે શેઠ ભારમલ તેજસી અને શેઠ શિવજી નેણસી વચ્ચે ઉગ્ર મતભેદ પડયો. હવે શેઠ શિવજી નેણસીની હરીફાઈમાં પબાણી શેઠ નામના એક મુસ્લિમ વેપારીનો વેપાર ચાલતો. પોતાના હરીફને તોડી પાડવાના ઈરાદાથી આ શેઠ પબાણીએ શેઠ શિવજી નેણસી ઉપર ચીનથી લખાયેલી બધી હુંડીઓ એક હાથ કરીને એક જ દિવસે એક સામટી દેખાડ કરી. પરિણામે શિવજી શેઠ મૂંઝવણમાં પડયા. આની શેઠ ભારમલ તેજસીને ખબર પડતાં તેમણે જાતે સામે જઈને તેમને જરૂરી સહાય તત્કાળ આપી હતી. એ જમાનામાં એક્યની ભાવના હતી. પણ આજે તો બીજાનું ગમે તે થાય એમાં આપણે શું ? એવી ભાવના પેદા થઈ છે. આ ભાવનાને આપણે કાઢી જ નાખવી જોઈએ. વિશાળ હૃદય માટે દરેકે પ્રયત્નશીલ થવું જોઈએ.'

### દ્વિતીય સંમેલન : ઠરાવ નં. ૫

પ્રથમ જ્ઞાતિ-સંમેલનમાં થયેલા ઠરાવના અનુસંધાનમાં આ સંમેલન સમસ્ત જ્ઞાતિનો ઈતિહાસ તૈયાર કરી પ્રકાશિત કરવા મુંબઈ મહાજનશ્રીને આગ્રહભરી વિનંતિ કરે છે અને તેમાં તન, મન અને ધનથી સહકાર આપવા સંબંધિત સંસ્થાઓ તથા મહાજનોને આ સંમેલન અનુરોધ કરે છે.

## રીતરિવાજો

### પ્રથમ સંમેલન : ઠરાવ નં. ૧૮

જ્ઞાતિના સર્વદિશિય વિકાસ અર્થે સામાજિક રીતરિવાજોમાં આધુનિક પરિસ્થિતિને યોગ્ય એવા સુધારા વધારા તૈયાર કરી તે અમલી બનાવવા મધ્યસ્થ મહાજનને આ સંમેલન ભલામણ કરે છે.

શ્રી ઉમરસી જેઠાભાઈ કુરૂવાએ પોતાનો ઠરાવ રજૂ કરતાં જણાવ્યું હતું કે, 'આપણું જીવન સરળ, સુખી અને પ્રગતિમાન બને એ માટે સામાજિક રીતરિવાજો બનાવવામાં આવ્યા છે. પ્રગતિના માર્ગને અવરોધતા રીતરિવાજોને દૂર કરવાનો આપણને અધિકાર છે. અમુક રિવાજ ચોક્કસ સમયે ઉપયોગી હોય; પણ બીજા જમાનામાં એ રિવાજ નિરુપયોગી જ સાબિત થાય એમ બને. સ્ત્રીઓ મહાજનમાં બેસી શકે અને તેનાં કામકાજમાં ભાગ લઈ શકે એ જરૂરી છે. આપણે જે મધ્યસ્થ મહાજનની સ્થાપના કરી છે તે સંસ્થા તરફથી આ દિશામાં જરૂરી કાર્ય થશે. આપણે બધા શિસ્ત સમજીને એવા સુધારાઓને અપનાવી લઈશું એવી આશા છે.'

ચાલીગામવાળા શ્રી શિવજી તેજપાળે ઠરાવને અનુમોદન આપ્યા બાદ શ્રી ત્રિકમજી દામજી ખોનાએ આ ઠરાવ પર બોલતાં જણાવ્યું હતું કે, 'આપની સમક્ષ જે ઠરાવ રજૂ થયો છે, તે ઠરાવ શું માગે છે એનો ખ્યાલ કરવાનો છે. ઠરાવ તો બે લીટીનો છે પણ એની માર્મિકતા ઊંડી છે. જૂના વિચારો ધરાવનાર વડિલોને સમતોલપણે વિચાર કરીને પોતાના બાળકોનાં જીવન સુખી બનાવવા માટે રિવાજોમાં ફેરફાર કરવાની મારી વિનંતિ છે. પણ સાથે સાથે હું તેમને ચેતવણી પણ આપું છું કે, હવે અગાઉની પેઠે બધું સાંખી લેનારો જમાનો રહ્યો નથી. હું વડિલોને કહું છે કે, તમે જ તમારે હાથે વિરોધી દળનું નિર્માણ કર્યું છે. તમે પોતે બાળકોને કેળવણી આપો છો, અને જ્યારે એ કેળવણીનું ફળ આવે છે ત્યારે તમે એ ફળનો ઈન્કાર કરો છો. પણ તમે જે વસ્તુની ના પાડશો તે એક નહિ તો બીજી રીતે પણ થશે જ. એટલે, તમે હવે નવી વસ્તુઓને અપનાવી રહો. હું એટલું જ માગું છું કે, આધુનિક સમય મુજબના ફેરફારો તમારે કરવા જોઈએ. તમે તમારાં બાળકોનાં માર્ગદર્શક બનજો. અને તમારાં બાળકોની જિંદગી સુખી બને તેવી તેમને રાહબરી આપજો.'

### દ્વિતીય સંમેલન : ઠરાવ નં. ૧૮

આજનું આ સંમેલન નીચે આપેલા જ્ઞાતિનાં ધારાધોરણેને માન્યતા આપે છે અને સમસ્ત જ્ઞાતિજનોને ભલામણ કરે છે કે તેનો નિષ્ઠાપૂર્વક અમલ કરે અને કોઈ પણ પ્રકારે ઉલ્લંઘન ન કરે.

નોંધ : નીચેના જ્ઞાતિ રીતિરિવાજોના ઠરાવોમાં જણાવેલી રકમથી ઓછી રકમ આપી શકાય છે, પણ ઠરાવિક મર્યાદાથી વધુ રકમ આપવી નહિ.

(ક) જન્મ :

૧. બાળક જન્મની નોંધ વધુમાં વધુ ત્રણ માસની

અંદર બાળકના વાલીઓએ સંબંધિત મહાજનના કાર્યાલયમાં નોંધાવવી. કોઈ પણ મહાજને આ નોંધ અંગેનો લાગો રૂા. ૧.૨૫ પૈસાથી વધુ લેવો નહિ.

૨. છઠ્ઠીમાં બાળકને નાના નાના દાગિનાને બદલે ફક્ત રોકડા રૂપિયા જ આપવા અને સામેની છઠ્ઠીની પ્રથા બંધ રાખવી, તેમ જ છઠ્ઠી આપવા બહારગામ જવું નહિ.

૩. વિયાતરમાં ફક્ત મોસાળ પક્ષે બાળકને કપડાં ઉપરાંત રૂા. ૫૦૧ થી વધુ આપવા નહિ. અન્ય સગાં-સંબંધીઓએ છઠ્ઠીમાં બાળકને રૂા. ૨૫ થી વધુ આપવા નહિ અને તે રકમ બાળકના નામે બેંકમાં જમા રાખવી, જેથી બાળકને ભવિષ્યમાં ઉપયોગી થાય.

૪. વિયાતરમાં દીકરી-જમાઈ સિવાય અન્ય સગાં-સંબંધીઓને કશું આપવું નહિ.

(ખ) સગપણ :

૧. છોકરા તથા છોકરીઓના સગપણની નોંધ તેમના વાલીઓએ સંબંધિત મહાજનના કાર્યાલયમાં કરાવવી. કોઈ પણ મહાજને આ નોંધ અંગેનો લાગો રૂા. ૧.૨૫ પૈસાથી વધુ લેવો નહિ.

૨. ઘર દેખાણીમાં કન્યાને કપડાંની એક જોડ, મિઠાઈ તથા સુખડીના રૂા. ૧૧ થી રૂા. ૨૫ ની વચ્ચે જ આપવા. અન્ય સગાં-સંબંધીઓએ કંઈ પણ લેતી દેતી કરવી નહિ.

૩. છોકરા કે છોકરીની સગાઈ અંગે બન્ને પક્ષોએ કોઈપણ જાતની માગણી કે લેતી દેતી કરવી નહિ.

૪. સગપણમાં વેવાણોને ચોલી પહેરાવવાની તથા વર-કન્યાને સુખડી આપવાની પ્રથા બંધ રાખવી. વેવાણોને વેવાણ દીઠ ચોલીઓના રૂા. ૨૫ થી વધુ આપવા નહિ તથા વેવાઈઓને પાગ-પછેડીના રૂા. ૨૫ થી વધુ આપવા નહિ.

૫. કોઈપણ કારણસર આવા નોંધાયેલા સગપણ છૂટા થાય તો તેની નોંધ પણ બંને પક્ષોએ સંબંધિત મહાજનોમાં કરાવવી.

(ગ) લગ્ન :

૧. વનાડાની પ્રથા સદંતર બંધ રાખવી.

૨. જો જાન બહારગામ જતી હોય તો પોતાના ઘરનાં સગાં ઉપરાંત પુરુષો-સ્ત્રીઓ-બાળકો સહિત વધુમાં વધુ ૨૫ (પચીસ) જણ જાનમાં લઈ જવા.

૩. લગ્નની દરેક વિધિ જમણ તથા મોટી રજા સહિત એક જ દિવસમાં પતાવી લેવી અને મોટી રજાના જમણની પ્રથા બંધ રાખવી.

૪. પડરો : વરપક્ષવાળાએ પડરામાં વધુમાં વધુ અગિયાર તોલા સોનાના દાગીના તથા એકવીસ મડ કપડાંની આપવી તથા ફર્નિચર અને ચાંદીનાં વાસણો વગેરેના રૂા. ૧૦૦૧ થી વધુ આપવા નહિ.

૫. કન્યાદાન : કન્યાદાનમાં વાલીઓએ વધુમાં વધુ અગિયાર તોલા સોનાના દાગીના તથા એકવીસ મડ કપડાંની આપવી તથા ફર્નિચર અને ચાંદીનાં વાસણો વગેરેના રૂા. ૧૦૦૧ થી વધુ આપવા નહિ.

૬. મામેરીયું : મામેરીયું કરનાર મોસાળ પક્ષે પરણનાર વર કે કન્યાને મામેરીયાના રૂા. ૧૦૦૧ થી વધુ આપવા નહિ. અન્યથા કોઈ સગાં-સંબંધીઓએ કશી જ લેતી દેતી કરવી નહિ.

૭. શક્ય હોય ત્યાં સુધી સામૂહિક લગ્નોને ઉત્તેજન આપવું.

૮. લંગાને અપાતી ગોરની પ્રથા સદંતર બંધ કરવી.

૯. લગ્ન પ્રસંગે ડેકોરેશન, ફિલ્મ-ફોટાઓ અને જમણવાર વગેરેના ખર્ચાઓ બંને તેટલા ઓછા કરવા.

૧૦. અઘરણીની પ્રથા બંધ કરવી. ફક્ત ઘર પૂરતા કુળદેવીઓના જુઆર જેમણે કરવા હોય તેઓ કોરા જુઆર કરે, જમણવાર ન રાખવું. માથું પણ પોતાના ઘરે ધોઈ લેવું.

૧૧. પિયરવાળાઓએ અઘરણીના પ્રસંગને અનુરૂપ ફક્ત કપડાંની એક મડ આપવી. તેથી વિશેષ કશું આપવું નહિ. પંચમાસી પોતાના ઘરની કરાવવી. પંચમાસી પહેરાવનારને તથા ખોળો ભરાવનારને રૂા. ૧૧ થી વધુ આપવા નહિ.

(ઘ) છૂટાછેડા :

૧. બને ત્યાં સુધી કોઈએ છૂટાછેડા લેવા નહિ. જો કોઈ કારણસર છૂટાછેડા લેવાનો પ્રસંગ ઉભો થાય તો સંબંધિત મહાજનો મારફત સમાધાન

કરાવવું અને તે પણ શક્ય ન હોય તો છૂટી થનાર સ્ત્રી અને તેનાં બાળકોના ભરણપોષણ તથા સ્ત્રી ધન સહિત બધા હક્કોના રક્ષણની વ્યવસ્થા સંબંધિત મહાજનશ્રીએ કરાવી આપવી.

(ચ) ધાર્મિક :

૧. તપસ્વી ભાઈબહેનોની બને ત્યાં સુધી સામુદાયિક સાંજી રાખવી. ઘર તરફથી તપસ્વીને રૂા. ૧૦૧/- થી વધુ આપવા નહિ. અન્ય સગાં-સંબંધીઓએ નાળિયેરનો રૂા. ૧ થી વધુ તપસ્વીઓને આપવો નહિ.

૨. સાંવત્સરિક ક્ષમાપના જ્યાં જ્યાં શક્ય હોય ત્યાં ત્યાં સામૂહિક જ રાખવી.

(છ) મરણોત્તર વિધિ :

૧. મૃતકની સ્મશાનયાત્રા પછી બહેનોએ તરત જ પોતાને ઘેર જઈને સ્નાન વિધિ પતાવવી. હમણાંના રિવાજ મુજબ નાહીને સડક કે ઓટલા ઉપર બેસવું નહિ, તેમ જ મોટેથી રડીને મોઢુ ઢાંકવું નહિ.

૨. મૃત્યુ સમયે વેવાઈ-વેવાણને શાલ કે ચોલી નાખવી નહિ.

૩. મરનાર વ્યક્તિની પાછળ તેની વિધવા સ્ત્રી સિવાય કોઈએ નાકની સળી તથા ચાંદલો કાઢવો નહિ.

૪. શોક પ્રસંગે શક્ય હોય ત્યાં સુધી સફેદ સાડલા પહેરવા.

૫. શક્ય હોય ત્યાં સુધી સાદડીની પ્રથાને બદલે પ્રાર્થના કરવી. દૂરના સ્થળે પહોંચી ન શકાય તો શોકદર્શક કાર્ડ લખવો.

૬. મૃતકની સાદડી તથા બહેનોએ ઘેર બેસવાનું ત્રણ દિવસમાં જ પતાવી દેવું.

૭. ગુડાવર પ્રસંગે ફક્ત નજીકના કુટુંબીઓએ મરજીયાતપણ બાર દિવસની અંદર જવું.

૮. નજીકનાં સગાં સિવાય કોઈએ એક મહિનાથી વધુ સૂગ રાખવી નહિ અને સૂગ લારાણી આપવી નહિ તથા છમાસી અને વરસીની પ્રથા બંધ રાખવી.

### તૃતીય સંમેલન : ઠરાવ નં. ૧૧

આજનું આ સંમેલન ઠરાવે છે કે :

અ) હવેથી સંઘ પૂજન / કેસર / સુખડનો ચાંદલો આપી કરવું.

બ) હવેથી વર્તમાનપત્રમાં આવતી મૃત્યુ નોંધ ફક્ત ''કચ્છી દશા ઓશવાલ જૈન'' એ મથાળા હેઠળ આપવી.

ક) જ્ઞાતિમાં લગ્નજીવનનાં ક્લેશ થતા છૂટાછેડાના લગતા કિસ્સાઓમાં સ્થાનિક મહાજનદ્વારા નિવેડો લાવવો. તેમ શક્ય ન બને તો સમસ્ત મહાજનદ્વારા નિમાયેલ લવાદ પંચ દ્વારા યોગ્ય રીતે નિવેડો લાવવાની યંત્રણા ઉભી કરવી.

ડ) સામાજિક સુરક્ષાની દ્દષ્ટિએ બચત યોજનાઓ, બાળ કલ્યાણ નિધિ, જીવન અને સામાજિક સુરક્ષા વિમા યોજના ઈત્યાદિ અપનાવવી.

## વતનનો વિકાસ

### દ્વિતીય સંમેલન : ઠરાવ નં. ૮

આર્થિક જરૂરિયાતોને કારણે શહેરી જીવનના આકર્ષણથી આપણા માદરે વતન (કચ્છ-હાલાર)નાં ગામડાંની વસ્તી ઘટતાં આ ગામો આધુનિક વિકાસથી વંચિત રહ્યાં છે. આથી કચ્છ તથા હાલારમાં વસતા આપણા જ્ઞાતિજનોના આર્થિક તથા શૈક્ષણિક વિકાસ માટે તેમના પ્રશ્નોને લક્ષમાં લઈ તેના ઉકેલ માટે જરૂરી કાર્યવાહી કરવા રાજ્ય સરકાર તથા ભારત સરકારની વર્તમાન નીતિ અનુસાર ગ્રામીણ વિભાગમાં ઉદ્યોગો સ્થાપવા તથા અન્ય કાર્યો માટે રાહત-સગવડો મળે છે, તેનો લાભ જ્ઞાતિજનોને મળે, તે માટે આ બાબતનાં નિષ્ણાત જ્ઞાતિ ભાઈબહેનોનો જરૂરી સહકાર મેળવી તેના અમલીકરણ માટે આ સંમેલન નીચે પ્રમાણે પાંચ ભાઈઓની એક સમિતિ નીમી તેને જરૂરી પગલાં લેવા અનુરોધ કરે છે.

૧. શ્રી રમેશ નારાણજી દંડ
૨. શ્રી નારાયણજી શામજી મોમાયા
૩. શ્રી ભવાનજી નરશી છેડા
૪. શ્રી મૂલજી લાલજી ખોના
૫. શ્રી પદમશી લખમશી લાલકા

### તૃતીય સંમેલન : ઠરાવ નં. ૧૪

આપણા વહાલા વતન કચ્છ તથા હાલારના વિકાસ માટે સર્વે જ્ઞાતિજનો સાથે મળી બધી રીતે સક્રીયપણે પ્રયાસ કરે.

***

॥ શ્રી ચંદ્રપ્રભ સ્વામીને નમઃ ॥

## શ્રી ક.દ.ઓ. જૈન જ્ઞાતિ મહાજન - નલીયા

તા. ૧૧-૦૮-૨૦૧૮

### વાર્ષિક સામાન્ય સભાની જાહેરખબર

મહાજનશ્રીની **વાર્ષિક સામાન્ય સભા સોમવાર, તા. ૧૦/૦૯/૨૦૧૮**ના રાતના ૯.૦૦ કલાકે મહાજનશ્રીના વિવિધલક્ષી હૉલમાં મળશે. જેમાં નીચે મુજબની કાર્યવાહી હાથ ધરવામાં આવશે.

**-: કાર્યસુચિ :-**

૧) ગત મિનીટસનું વાંચન તથા એને બહાલી.
૨) મહાજનશ્રીનો વાર્ષિક અહેવાલ.
૩) વર્ષ ૨૦૧૭-૨૦૧૮ના વાર્ષિક ઓડીટેડ હિસાબોનું વાંચન તથા બહાલી.
૪) જ્ઞાતિનું ચતુર્થ સંમેલન બાબાત ચર્ચા વિચારણા.
૫) આવેલ પત્રોનું વાંચન.
૬) પ્રમુખશ્રીની મંજુરીથી જે કાંઈ રજુ થાય તે.

**સર્વે સભ્યોને સમયસર ઉપસ્થિત રહેવા વિનંતી.**

**શ્રી ક.દ.ઓ. જૈન જ્ઞાતિ મહાજન - નલીયા વતી ટ્રસ્ટીગણ**

**તા.ક.:** હિસાબ બાબત કોઇને પણ જાણકારી/ખુલાસો મેળવવા, નલીયા મહાજન ઓફીસમાં તા. ૮-૯-૨૦૧૮ પહેલાં લેખીત જણાવશો. જેથી સામાન્ય સભામાં ખુલાસો આપવા સરલતા રહે.

॥ જીવદયા પરમો ધર્મ ॥

## શ્રી પાંજરાપોળ ગૌશાળા ચેરીટેબલ ટ્રસ્ટ - નલીયા

તા. ૧૧-૦૮-૨૦૧૮

### વાર્ષિક સામાન્ય સભાની જાહેરખબર

**સર્વ નલીયાવાસીઓ ભાઈઓ અને બહેનો,**

શ્રી પાંજરાપોળ ગૌશાળા ચેરીટેબલ ટ્રસ્ટની **વાર્ષિક સામાન્ય સભા સોમવાર, તા. ૧૦-૦૯-૨૦૧૮**ના રાતે ૮.૩૦ કલાકે નલીયા મહાજનશ્રીના વિવિધલક્ષી હૉલમાં મળશે. જેમાં નીચે મુજબની કાર્યવાહી રહેશે.

**-: કાર્યસુચિ :-**

૧) ગત મિનીટસનું વાંચન તથા બહાલી.
૨) પાંજરાપોળનો વાર્ષિક અહેવાલ.
૩) વર્ષ ૨૦૧૭-૧૮ના ઓડીટ હિસાબનું વાંચન અને બહાલી.
૪) આવેલા પત્રોનું વાંચન.
૫) પ્રમુખશ્રીની મંજુરીથી જે કાંઈ રજુ થાય તે.

**સર્વે સભ્યોને સમયસર ઉપસ્થિત રહેવા વિનંતી.**

**શ્રી પાંજરાપોળ ગૌશાળા ચેરીટેબલ ટ્રસ્ટ - નલીયા વતી ટ્રસ્ટીગણ**

**તા.ક.:** હિસાબ બાબત કોઇને પણ જાણકારી/ખુલાસો મેળવવા, નલીયા મહાજન ઓફીસમાં તા. ૮-૯-૨૦૧૮ પહેલાં લેખીત જણાવશો. જેથી સામાન્ય સભામાં ખુલાસો આપવા સરલતા રહે.



## શ્રી જખૌ પાંજરાપોળ ટ્રસ્ટ અને ગૌશાળા

Trust Reg. No. E-302 (Kutch) Dated 28/09/1966 • જખૌ, કચ્છ - ૩૭૦૬૪૦.

### જીવદયા સહાય માટે વિજ્ઞપ્તિ

ચાલુ મોસમમાં કચ્છમાં નજીવો વરસાદ થયો છે. અબડાસા સમસ્ત કોરો, (માંડ એકાદ ઈંચ) છે. આશા રાખીએ કે હજી બાકી મોસમમાં વરસાદ થાય તો રાહત થશે અન્યથા ખૂબ વિકટ પરિસ્થિતિ થશે. હાલ ક્યાં પણ ચારો નથી. દૂર ગુજરાત, મધ્ય પ્રદેશ, રાજસ્થાનથી ચારો આવે છે. સરકાર વ્યવસ્થા કરી રહી છે પણ સમય લાગશે.

જીવદયા પ્રેમી દાતાઓ, સંઘો, ટ્રસ્ટો, સંસ્થાઓ, મંદિરોને આગ્રહ ભરી વિજ્ઞપ્તિ કરીએ છીએ કે આ કપરા સમયે પાંજરાપોળ ને ઉદાર સહાય કરી મુંગા જીવોની રક્ષામાં નિમિત્ત બની તેમના મૂક આશીર્વાદ પ્રાપ્ત કરે.

**વાર્ષિક સહાયતા યોજના :** નીચેના ૩ દાતા, દરેકના રૂા. ૧૨,૦૦૦/- દાન મળેલ છે. યોજના મૂજબ કુલ ૮૦ દાતા થયા છે.

૭૮) માતુશ્રી હીરબાઇ લખમશી નાગડા, હા. રાજકુમાર નાગડા, જખૌ, મુલુંડ ૭૯) શ્રી રાજીવ વર્ધમાન, જખૌ, વરલી, મુંબઈ, ૮૦) શ્રી શાંતિજિન જૈન જાગૃતિ ગ્રુપ, મુંબઇ. દાતાઓને યોજનામાં સહભાગી થવા વિનંતી.

**ઉપરાંત નીચેના દાતાઓ દ્વારા ઉદાર સહાય મળી છે :** ૧) રૂા. ૭૫,૦૦૦/- અમેરિકા સ્થિત એન.આર.આય. તરફથી ચેક શ્રી કચ્છી જૈન ફાઉન્ડેશન, સાયન મુંબઇ મારફત મળ્યો છે, ૨) રૂા. ૧૩,૦૦૦/- શ્રી શાંતિજિન જૈન જાગૃતિ ગ્રુપ, મુંબઇ (રૂા. ૧૨,૦૦૦ + રૂા. ૧૩,૦૦૦ = રૂા. ૨૫,૦૦૦), ૩) રૂા. ૧૧,૦૦૦/- શ્રી આદીનાથ જૈન શ્વેતાંબર મંદિર, ચેન્નઇ, ૪) રૂા. ૮,૫૧૦/- શેઠ શામજી ભવાનજી જવેરી, મુંબઇ. જુવાર મણ ૭૪ બીલ ચુકવ્યું. ૫) રૂા. ૫,૬૦૨/- માતુશ્રી ભાગબાઇ ભાણજી ગજરા, જખૌ, ૬) રૂા. ૫,૦૦૦/- શ્રી ઘાટકોપર જૈન શ્વેતાંબર મૂર્તિ પૂજક તપગચ્છ સંઘ, ઘાટકોપર (વેસ્ટ), ૭) રૂા. ૧,૦૦૦/- શ્રી ભરત જીવાણી, ડોંબિવલી.

**દાન ઈન્કમ ટેક્સ કલમ ૮૦ જી (I.TAX 80 G) મુજબ રાહત પાત્ર છે.**

**સર્વે દાતાઓનો ખૂબ ખૂબ આભાર**

**Banking Details :** **Name :** Sri Jakhau Panjrapol Trust & Gaushala

**Dena Bank**, Mulund (W) Branch,
M.G. Road, Mulund West. Mumbai : 400080.
A/C # SB – 00 94 100 30 652
IFSC Code: BKDN 046 00 94.

Naliya - Kutch :
**Dena Bank**, Naliya Branch. Kutch
A/c # 107110001096
IFSC - BKDN 0331071

**લિ. શ્રી જખૌ પાંજરાપોળ ટ્રસ્ટ અને ગૌશાળાના ટ્રસ્ટીઓ વતી**

મેનેજીંગ ટ્રસ્ટી : **મહેન્દ્ર દેવજી ખોના** (મુંબઈ - થાણા) • મો.: 93239 17075 • ઈમેલ : mdkhona@hotmail.com

**તા.ક.: ઑડિટ રિમાર્કના કારણે શ્રી અરિહંત બેંકનું ઍકાઉન્ટન્ટ બંધ કરેલ છે.**

# વહીવંચા અને આપણો ઈતિહાસ

**રમેશ મુલજી લોડાયા**, ભરૂડિયા-મુલુંડ, **મો. 9820336767**

(રમેશભાઇ પણ આપણી જ્ઞાતિના પૂર્વ મૂળના તંતુઓનો તાગ મેળવવાના સંશોધનમાં દાયકાઓથી પરિશ્રમપૂર્વક વ્યસ્ત છે. તેમાં પણ તેઓ પોતાના ગાંઠના ખર્ચે, આપણ પૂર્વજો અને કુટુંબોની માહિતી-ટીપ-ટીપ્પણી-નોંધવહી રાખતા વહીવંચાઓ અને તેમના વારસ-વંશજો પાસેથી તેની નકલો મેળવીને પોતાના શોખ-સંશોધનનું સંવર્ધન કરવાની સાથે આપણને પણ તેનું રસમય અનુપાન કરાવી રહ્યા છે તે વિશેષતઃ પ્રશંસનીય છે.)

**ગંગર ગોત્ર :** રાઠોડ વંશનું ગંગર ગોત્ર આજે આપણી જ્ઞાતિમાં નથી રહ્યું પરંતુ આ ગોત્રના શા. શામજી વીરધારાણીએ બાંએઠ ગામની પૂર્વ-દક્ષિણ દિશાએ ધરમસર તળાવ ૧૫૦૦૦ કોરીના ખરચે સં. ૧૯૬૬માં બંધાવેલ છે જે એમની યાદ અપાવતું આજે પણ વિદ્યમાન છે. એક સમયે ગંગર ગોત્રના પરિવારો આપણી જ્ઞાતિમાં રામપર, સાંધવ અને બાંયઠમાં રહેતા હતા.

**ચુરલા (ચોડલા) ગોત્ર :** રાઠોડ વંશની એક શાખા ચુરલા (ચુડલા) છે. મારવાડની ગાદી પર રાવ આસ્થાનથી નવમી પેઢીએ રાવ ચુડા થયા. તેણે પડિહારોનું મંડોવર મેળવ્યું. ચુડાએ ચુડલા ગામ વસાવ્યું. તેના પુત્ર વરજાંગને સં. ૧૪૫૨માં ખરતરગચ્છનાં યતિ જિનરાજસૂરિએ પ્રતિબોધી જૈન બનાવ્યો. તેના કુટુંબનું ગોત્ર ચૂડાલા (ચૂડલા) થયું અને તેનું અપ્રભંશ ચુરલા. આ ગોત્ર ઓસવાલમાં ભળી ગયું.

અન્ય નોંધ મુજબ ભટ્ટી વંશીય રાવલ વંશ, સતિ ગોત્ર, શાખ લોઠિયા (લુઠિયા) માંથી બે શાખા નીકળી. ચાડેલા (ચુડલા) અને ભીધ. ભટ બાબુભાઇ વિશ્રામનાં મતે ચુરલા મૂળ વાગડ આઘોઇનાં. આઘોઇથી વીસઓસવાલનો એક પરિવાર છુટો થઇ માંડવી આવી વસ્યો, ત્યાંથી હાલાર થઇ સાંધાણમાં આવી વસ્યો અને દશા ઓસવાલમાં ભળ્યો. આપણી જ્ઞાતિમાં એક જ પરિવાર છે જેનો વસવાટ સાંધાણમાં છે. આ ગોત્રની વંશાવલી આ પ્રમાણે છે. પારસ-રાજેન્દ્ર-શીવજી-લખમશી-દેવસી-ભીમસી-જેસંગ-પદમસી-જેઠા-રાયમલ-રાણા-નોંધા-આસધર-ભારાણી.

**બુરીચા (બોરીચા) :** જૈન ગોત્ર સંગ્રહના લેખક પંડિત હિરાલાલ હંસરાજ લાલનનાં મતે સં. ૧૨૨૬માં નગરપારકર રહેવાસી બોરીચા ગોત્રનાં ઉદયપાલ ક્ષત્રિયને પુણ્યતિલકસૂરીએ પ્રતિબોધી જૈન બનાવ્યો. આ વંશમાં દેકાવાડાના જગરાજથી લઘુ સજ્જનીય (દશા) શાખા થઇ. આ ગોત્રનાં વંશજો નગરપારકર, તરઘરી, રાણપુર, અમરકોટ, નાંદુરી, ખડબા, ખંભાત, મોરબી, ભોરાણામાં વસ્યા.

ઓશવાલ ક્ષત્રિયવૃતાંતનાં લેખક ક્ષેમસિંહ રાઠોડના મતે જાલોરની ગાદીએ સં. ૧૧૯૦માં કોટપાલ ઉર્ફે કુંતપાલ પરમાર થયો તેને ચૌહાણ કીર્તિપાલે સં. ૧૨૧૨માં હરાવ્યો. કુતપાલનાં પુત્ર બોહરજી જાલોર છોડી સીયાણા વસ્યા. બોહરજીનાં પુત્રને જયસિંહસૂરિએ જૈન બનાવી ઓસવાલમાં ભેળવ્યો બોહરજી પરથી બોરીચા ગોત્ર થયું. આ ગોત્રનાં ખીમરાણ ગામનાં બોરીચા આસો ભીમાણી. ભૂચરમોરીનાં પ્રસિધ્ધ યુધ્ધમાં જામનગર પક્ષે અકબરની સેના સામે લડતાં શહીદ થયા સંવત ૧૬૪૮માં તેની પાછળ બહેન વેજઇ સતિ થયા. આપણી જ્ઞાતિમાં વર્તમાને બોરીચા ગોત્રની વસતિ માત્ર બાંયઠમાં જ છે. તેની વંશાવલી : દિપ-રોહિત-જવેરચંદ-માણેકજી-ટોકરસી-દેવજી-જેસંગ-હેમરાજ-સાંધાણી-પદમસીઆણી-સારંગાણી-સોમસી-ડાઇયા-સાંયાણી.

**સીંઘવી (સંગોઇ) ગોત્ર :** રાઠોડ વંશમાં શિયોજીનો પૂત્ર સોનગજીએ ઇડર મેળવ્યું. ૧૪મી પેઢીએ રાવ કલ્યાણમલ થયો તેના પુત્ર સંગ્રામજીને જૈન યતિએ પ્રતિબોધી જૈન બનાવ્યા. તેના સંતાનો પિતા સંગ્રામજી ઉર્ફે સાંગોજીથી સંગોઇ તરીકે ઓળખાયા. થોડા સમયબાદ ઇડરમાં મુસલમાનોની સત્તા આવતા સંગોઇ પરિવારો જોધપુર અને ત્યારબાદ પારકર નજીક વસ્યા. મારવાડમાં સંગોઇ ગોત્રના સીંધી અથવા સંઘી તરીકે ઓળખાયા. પારકરથી સંગોઇ પરિવારો કચ્છમાં આવ્યા.

ભટ્ટ બાબુભાઇ વિશ્રામના મતે મૂળ સમાઘોઘાના સંગોઇ ગોત્રીય પત્રામલનો પૌત્ર દામજી દશામાં ભળ્યો. માંડવી વસ્યો ત્યાર બાદ હાલાર થઇ સાંધાણમાં આવી સ્થિર થયો. એક માત્ર પરિવાર છે. લિતેશ-કુલીનકાંત-ગોવીંદજી-નાગશી-શીવજી-હરઘોર.

અન્ય નોંધ મુજબ કોઇ ગોત્રનાં પુરુષે સંઘ કાઢ્યો તેથી તેની ઓળખ સંઘવી તરીકેની થઇ.

**- ક્રમશઃ**

॥ શ્રી શાંતિનાથાય નમો નમઃ ॥

# સાંધવ નગરે ચાતુર્માસ પ્રવેશ

સાંધવ નગરે **પ.પૂ. સાધ્વીશ્રીજી પાવનગુણાશ્રીજી મ.સા.**નો પ્રવેશ **તા. ૨૧-૭-૨૦૧૮ના સવારના ૭.૦૦ કલાકે** વાજતે ગાજતે થયેલ સામૈયામાં કચ્છી ઢોલ-શરણાઇ, બેન્ડપાર્ટી, બેડલા લઇને બહેનો, ગામે ગામના સંઘો સાજન-મહાજન સાથે પ્રવેશ થયેલ. પ.પૂ. મ.સા.એ માંગલીક સંભળાવેલ. વિપુલ પટેલ આવકાર આપેલ. શામજીભાઇ દંડ આભાર વિધી કરેલ. પ્રવેશ પ્રસંગે મુંબઈ મહાજનના પ્રમુખશ્રી કલ્પેશ મોતા, સાંયરાથી ભદ્રેશ પટેલ, ઉત્તમ મોમાયા, રતિલાલ ધ્રોળ, બિપીન મોમાયા, હિરાચંદ મોમાયા, દિનેશ પટેલ, પદમશીભાઇ લોડાયા, થોભણભાઇ, કીરીટ લોડાયા, હિરાચંદ ધ્રોળ, કેસરસિંહ સાયરા સંઘ બહોળી સંખ્યામાં પધારેલ. સુથરીથી કુલીન પીર, જીગ્નેશ છેડા, કુલીનભાઇ કારાણી, કિશોર છેડા, સુથરી જૈન સંઘ જખૌથી, કિશોર કારાણી, ભરત જીવાણી, વિજય મોતા, પ્રવિણ શિયાળ, વરાડીયાથી દેવેન્દ્ર પટેલ, પદમ મોતા, કોઠારાથી નલીનભાઇ અજાણી, ઉત્તમભાઇ ખોના, રાયચંદ લોડાયા, દિનેશ અજાણી, લલીત લોડાયા, મણીલાલ લોડાયા, વર્ધમાનભાઇ, ધનપતીભાઇ, દિનેશ મોતા, હંસરાજ નાગડા, ગુલાબ મોતા, રતિલાલ નાગડા, કોઠારા જૈન સંઘ, મેરાવા જૈન સંઘ, પૂ.મ.સા.ના સંસારી પક્ષના સંબંધીઓ, રંગપુરના જતીન નાગડા, હિરેન લાપસીયા, સુરતથી શરદ દંડ, વાપીથી ધીરેન લોડાયા, અમદાવાદથી દિનેશ મૈશેરી, નલિયાથી ગુલાબ ખોના, હિરાચંદ દંડ, ડોમ્બીવલીથી લંકેશ (વિપુલ) સાંધવના શામજી ભાઇ દંડ, નવિન લોડાયા, જયેશ લોડાયા, વિપુલ પટેલ, દિનેશ લોડાયા, પ્રવિણ મોતા, ખુશાલ પટેલ, પ્રદિપ ખોના, રાજેશ દંડ, રાજેશ પટેલ, દિલીપ લોડાયા, નરેન લોડાયા, અભય લોડાયા, સાંધવવાસીઓ નિયાણી બહેનો સારી સંખ્યામાં હાજર રહ્યા હતા. ચાતુર્માસ કરાવવાનો લાભ **અ.સૌ. મીનાબેન શામજી માણેકજી લોડાયા પરિવાર** સાંધવ-થાણાએ લીધેલ. દરેક જણને નિચે મુજબ દાતાશ્રીઓ તરફથી રૂા. ૧૫૦/-નો સંઘપૂજન થયેલ.

**રૂા. ૨૫૦૦/- ના લાભ લેનાર ભાગ્યશાળી પરિવારો :** ૧) શેઠશ્રી ચાંપશી માણેકજી લોડાયા, ૨) શેઠ શ્રી શામજી નરશી દંડ, ૩) શ્રી ઠાકરશી લાલજી પટેલ, ૪) શ્રી માણેકજી મેઘજી લોડાયા, ૫) શ્રી ભવાનજી રાઘવજી લોડાયા, ૬) માતુશ્રી નિર્મલાબેન નવીનચંદ્ર લોડાયા, ૭) અ.સૌ. મિનલબેન પ્રદિપ આણંદજી ખોના, આદિપુર.

**રૂા. ૧૧૦૦/-ના લાભ લેનાર ભાગ્યશાળી પરિવારો :** ૧)શેઠશ્રી શામજી માણેકજી લોડાયા, ૨) માતુશ્રી જમકુબાઇ લાલજી પટેલ, શ્રી રસીક દેવરાજ લોડાયા, ૪) માતુશ્રી મણીબાઇ કુંવરજી મોતા, ૫) શ્રી વિરચંદ મેઘજી ખોના, ૬) માતુશ્રી વિમલાબેન ખીમજી દંડ, ૭) જ્યોત્સનાબેન દામજી દંડ, ૮) શ્રી નવિન માણેકજી લોડાયા, ૯) શ્રી પ્રકાશ માણેકજી લોડાયા, ૧૦) શ્રી શામજી ભાણજી દંડ, ૧૧) માતુશ્રી જયાબાઇ લક્ષ્મીચંદ દંડ, ૧૨) માતુશ્રી નવલબાઇ ભવાનજી દંડ, ૧૩) માતુશ્રી શંકુતલાબેન રાયચંદ દંડ, ૧૪) માતુશ્રી દમયંતીબેન હંસરાજ દંડ, ૧૫) માતુશ્રી મંજુલાબહેન હિરાચંદ દંડ, ૧૬) માતુશ્રી લતાબેન ઝવેરચંદ દંડ.

**રૂા. ૫૦૦/-ના લાભ લેનાર ભાગ્યશાળી પરિવારો :** ૧) શ્રી મુલજી માણેકજી લોડાયા, ૨) શ્રી પ્રવિણ માણેકજી લોડાયા, ૩) શ્રી પ્રફુલ માણેકજી લોડાયા, ૪) શ્રી કાંતિલાલ ભવાનજી લોડાયા, ભાંડુપ, ૫) શ્રી મણીલાલ ભવાનજી લોડાયા, ભાંડુપ, ૬) શ્રી સોમચંદ વિસનજી દંડ, ૭) માતુશ્રી લાખબાઇ કાંતીચંદ ખોના, ચેમ્બુર, ૮) માતુશ્રી લક્ષ્મીબાઇ મુરજી દંડ, ઘાટકોપર, ૯) અ.સૌ. જયશ્રી જવેરચંદ ખોના, ડોંબિવલી, ૧૦) માતુશ્રી હિરબાઇ નારાણજી લોડાયા, પાલીતાણા, ૧૧) માતુશ્રી લક્ષ્મીબાઇ મણીલાલ લોડાયા, લોકાપુર, ૧૩) શ્રી કાંતિલાલ કાનજી લાલકા, બાંઢીયા, ૧૪) મેરાઉ જૈન સંઘ ભાગ્યશાળી પરિવારો લાભ લીધેલ.

ચાતુર્માસ આરાધના કરવા ૨૦/૨૫ જણની સંખ્યામાં આરાધકો આરાધના કરી રહ્યા છે. ચાતુર્માસના દાતા પરિવાર તરફથી આમંત્રણ છે. હજી કોઇને આરાધના કરવાની ઇચ્છા હોય જરૂરથી પધારજો. સાંધવ ચાતુર્માસના આરાધકોને પ્રભાવના સ્વરૂપે ૧) માતુશ્રી રસીલાબેન માણેકજી લોડાયા મુલુંડ તરફથી શ્રાવીકાબેનને સાડી, પૂજાનો રૂમાલ સાથે પાઉચ, શ્રાવકભાઇને પેન્ટ શર્ટ, ૨) માતુશ્રી વિમલાબાઇ ઠાકરશી પટેલ તરફથી બટુવો, પૂજાની સામગ્રી સાથે પૂજા બેગ, સંઘમાતા કલ્પનાબેન શામજી દંડ તરફથી નહાવાનો ટુવાલ તથા નેપકીન, ચોમાસી પુનમ ના છઠ્ઠવાળાને રૂા. ૨૦૦/-ની પ્રભાવના એકાસણાવાળાને રૂા. ૫૦/-ની પ્રભાવના કરવામાં આવેલ. બામ બાટલી-વિયાન વિનિત ખોના, નલીયા, માતુશ્રી મણીબાઇ કુંવરજી મોતા, ડોંબિવલી તરફથી ટ્રાવેલીંગ ટ્રોલી બેગ પ.પૂ. મ.સા.ને વંદના કરવા શાંતિનાથ દાદાના દર્શન કરવા દર્શનાર્થીઓની આવજાવ ચાલુ છે.

આ તો મારા શ્રી શાંતિદાદાના રથનો રણકાર, આવો રણકાર બીજે ક્યાંય નથી સાંભળ્યો. એવા સુંદર રથનો સાંધવ નગરે આગમન થયેલ છે. રથ માટે ગાડાના લાભાર્થી શ્રી ઠાકરશી લાલજી પટેલ તથા સુંદર રથ મંદિરના લાભાર્થી શ્રી શાંતિ નવયુગ જૈન મિત્ર મંડળ - સાંધવ.

**લી. પ્રવીણ કુંવરજી મોતા,** ડોંબિવલી

# પ્રાચીન - અર્વાચીન સંતો

**- પ્રવીણ લોડાયા**, વડોદરા

પાટણ જીલ્લામાં ચાણસ્મા પાસે યોગાશ્રમમાં સચ્ચિદાનંદ મહારાજના નામે જાણીતા એક સંત રહેતા હતા. થોડા સમય પહેલાં જ તેઓ બ્રહ્મલીન થયા. સીધા, સાદા અને સરળ પ્રકૃતિના સંત હતા. મારે ઘણીવાર હિન્દુ સાધુઓ વિશે નિખાલસ ચર્ચાઓ થતી.

મહારાજને મેં ‘પુછ્યું, ‘સાધુ થવામાં શું ફાયદો?’ એમણે કહ્યું : ભક્તિ ને સાધના માટે સંસાર છોડીને સાધુ થયા તે તો સંસાર વચ્ચે આશ્રમમાં રહીને કરવાનું અઘરું છે. મેં પૂછ્યું, કેમ અઘરું છે? તેમણે નિખાલસતાથી કહ્યું કે, ઘર છોડ્યું પણ રહેવા આશ્રમ બાંધવો પડ્યો તો ઘર શું ખોટું હતું? આશ્રમ ચલાવવા પૈસા જોઈએ તો ખેતી કે નોકરી શું ખોટી હતી? આશ્રમમાં રસોઈ બનાવવા કોઈ વિધવા કે ત્યકતા બહેન આવે એટલે આખું ગામ આપણા ઉપર વગર લેવાદેવા વાતો કરતું થઈ જાય તો પછી લગ્ન કરવા શું ખોટાં હતા? સાધુ થઈ આશ્રમ સાચવવા ચેલા જોઈએ તો સંસારમાં સંતાનો શું ખોટાં ? ભક્તિ તો ઘરમાં પણ શાંતિ હોય તો થઈ શકે છે. આપણા અનેક સંસારી સંતોને ભગવાન વહેલા મળ્યા છે. હું ભલે સાધુ બન્યો પણ હવે મારે કોઈને સાધુ નથી બનાવવા. સંસાર છોડી ચૂકેલા એક સાચા સંતનું આ છે સાચું જીવનદર્શન.

ભારત આદિ-અનાદી કાળથી હજારો વિવિધ ધર્મ-સંપ્રદાયોના ઋષિ-મુનિઓ, સાધુ-સંતો ને સંન્યાસીઓ ધરાવતો અધ્યાત્મ સમૃદ્ધ વિશાળ દેશ છે. પ્રાચીન ઋષિઓ લગ્ન કરતા ને તેમને સંતાનો પણ હતાં. જંગલમાં રહેતા ને રાજાઓનાં સંતાનોને શિક્ષણ-સંસ્કાર આપવાનું કામ કરતા હતા. રાજાઓ તેમની ગાય, જમીન સહિતની જીવન જરૂરિયાતો પૂરી કરતા હતા. તેઓ રાજાઓને માર્ગદર્શન આપતા હતા.

આ ઋષિ-મુનિઓ આજે સંતો, કથાકારો યા અધ્યાત્મગુરુઓને નામે ઓળખાય છે. જેઓ મોટેભાગે સંસારી હોય છે. એક સાધુ, સંન્યાસીઓનો વર્ગ છે જે લગ્ન નથી કરતો પણ મંદિરો - મઠો - આશ્રમો યા જંગલોમાં રહે છે, યા ફરતો રહે છે.

પ્રાચીન સંતો ને સાધુઓનું જીવનકાર્ય અલગ હતું, તેઓ ભક્તો યા અનુયાયીરૂપે લોકોનાં મોટાં ટોળા ભેગા કરતા ન હતા. કબીર, મીરા, નરસિંહ, એકનાથ જેવા હજારો સંતો તો વશિષ્ઠ, વિશ્વામિત્ર, પરશુરામ, કપિલ, અગત્સ્ય, દધિચી, અત્રિ જેવાં હજારો ઋષિ-મુનિઓ હતા.

અર્વાચીન કાળમાં રમણ મહર્ષિ, અરવિંદ, જે. કૃષ્ણમૂર્તિ જેવા અધ્યાત્મપુરૂષો હતા. પૂ. મોટા, સંત લાલજી કે ભિક્ષુ અખંડઆનંદ જેવા રચનાત્મક સંતો હતા. કોઈની પાસે ભવ્ય બંગલા, આશ્રમો કે ભક્તોનો મોટાં ટોળાં ન હતા.

સંસારમાં હોવા છતાં કામ, ક્રોધ, મોહ, મદ, અહંકારથી મુક્ત હતા. આજે તો સંસાર છોડેલા પણ કામ, ક્રોધ, મોહ કે અહંકારથી મુક્ત નથી પણ વધુ યુક્ત હોય છે. રોજેરોજ છાપામાં આવતાં વિવિધ મહારાજોનાં જાતીય કૌભાંડ શું સૂચવે છે? જેમનું સ્થાન આશ્રમ કે મઠમાં હોવું જોઈએ તે કૃષ્ણ જન્મસ્થળ જેલમાં જવા લાગ્યા છે.

પ્રાચીન અને અર્વાચીન સાધુ-સંતોને ગુરૂઓમાં આવું પરિવર્તન કેમ આવ્યું તે સમાજ માટે ચિંતન, ચર્ચા ને ચિંતાનો વિષય છે અને તેમના ખુદના માટે આત્મખોજનો વિષય છે.

એમાંયે ધર્મક્ષેત્ર કે જે પૂજા, આસ્થા, શ્રધ્ધા ને વિશ્વાસનું પ્રતીક છે તેમાં જો વ્યાપક સડો પેસી જાય તો તે અંતે સમાજને નુકસાનકર્તા નીવડશે. આવી સ્થિતિનાં નિર્માણ માટે સૌથી મોટું કારણ રાજકારણ ને ધર્મની વ્યાપક ભેળસેળ છે.

આજના સાધુઓ એમ કહે છે કે અમે પૈસાને પકડતા નથી પણ તેઓ પૈસાવાળાને પકડે છે. સંસારને સમાજની વચ્ચે જ્યારે અધ્યાત્મપુરૂષો રહેતા હોય ત્યારે તેઓ સમાજમાં માનવીય દૂષણો કે દુર્ગુણોથી સહેજ પણ મુક્ત રહી શકતા નથી. પરિણામે તેઓ સામાન્ય માણસની પેઠે ડરતા રહે છે.

સંસાર છોડ્યા પછી પણ પ્રસિદ્ધિ, સ્ત્રી, સંપત્તિ કે મિલ્કતનો મોહ ઘણાને છૂટતો નથી. સાધુજીવન તો જીવનના અધ્યાત્મમાર્ગ માટે છે ત્યાં તો ત્યાગ ને વૈરાગ્યનું મહત્વ છે ત્યારે સંસારીઓ જેવા કામ, ક્રોધ, અર્થ, મોહ ને મદની માયાજાળ શું કામ? જેમનું કામ સમાજની સમજ વધારવાનું છે તેઓ ખુદ પોતાની સમજ સુધારતા નથી ને બીજાની સમજને ગેરમાર્ગે દોરે છે. જ્યાં ત્યાં સાધુ-સંન્યાસી વેશે ફરતા બાબા ને બાવાઓથી લોકોએ સાવધ રહેવાની જરૂર છે.

જે ખુદ ભય કે લાલચથી મુક્ત નથી તે લોકોનો ભય કે લાલચ કેવી રીતે દૂર કરી શકવાના છે ? જે સંસાર છોડે છે પણ સંસારના વૈભવો છોડી શકતા નથી તે બીજાને અનાસક્તિનો શું ઉપદેશ આપી શકવાના છે ?

ચાણક્ય, રામદાસ જેવા સેંકડો સંતોએ રાજવીઓને યોગ્ય માગદર્શન આપ્યું ને સમાજ પ્રત્યેની પૂરેપૂરી જવાબદારી નિભાવી. સંસારમાં હોવા છતાં જનક, વિદુર ને મોહનદાસ ગાંધી જેવાં લોકોના નામ આગળ આજેય ‘મહાત્મા’ શબ્દ લખાય છે ને લોકો તેમને સંત કહે છે, માને છે, જ્યારે સંસાર છોડનારાને સંસારનો મોહ છૂટતો નથી.

|| શ્રી ચંદ્રપ્રભુ સ્વામીયે નમઃ || ટ્રસ્ટ રજી. નંબર : E - ૫૬૪ (કચ્છ)

# શ્રી કચ્છી દશા ઓશવાલ જૈન જ્ઞાતિ મહાજન - નલીયા (કચ્છ)

ધર્મશાળા ફલીયા, નલીયા, તા. અબડાસા (કચ્છ), પીન નં. ૩૭૦૬૫૫. ફોન નં. ૦૨૮૩૨-૨૨૨૩૩૭

## તા. ૦૧-૦૪-૨૦૧૭ થી ૩૧-૦૩-૨૦૧૮ સુધી વર્ષનું શ્રી આવક-જાવક પત્રક

| આવક | રકમ | ખર્ચ | રકમ |
|---|---|---|---|
| શ્રી દુકાન તથા મહાજનવાડી ભાડો | ૪૧૭૩૩૦.૦૦ | મિલકત મરામત રીપેરીંગ ખર્ચ | ૭૮૮૩૯.૦૦ |
| વ્યાજ F/D વ્યાજ ૫૩૯૦૯૪ | | વહીવટી ખર્ચ | |
| S/B વ્યાજ ૩૯૩૩૦ | | પગાર બોનસ ૧૨૯૩૦૦.૦૦ | |
| ઈન્કમ ટેક્ષ રીફંડ વ્યાજ ૩૮૩ | ૫૭૮૮૦૭.૦૦ | પોસ્ટેજ કુરીયર ૧૯૦૦.૦૦ | |
| | | બેંક કમીશન ૭૧૨.૨૫ | |
| ડીવીડન્ડ | ૧૦૦.૦૦ | જાહેરાત ખર્ચ ૫૦૦૦.૦૦ | |
| દાન | | પ્રીન્ટીંગ સ્ટેશનરી ૭૩૭૯.૦૦ | |
| સાધર્મિક ભક્તિ ૩૫૫૮૪.૦૦ | | ટેલીફોન ખર્ચ ૮૮૮૪.૦૦ | |
| આંયબીલ ભેટ ૧૯૮૧.૦૦ | | લીગલ ખર્ચ ૫૦૦.૦૦ | |
| સાધુ-સાધ્વી ભેટ ૯૭૪૦.૦૦ | | મુસાફરી ખર્ચ ૧૯૫૦.૦૦ | |
| સંઘ જમણ ૫૧૬૨૭૯.૧૧ | | લાઇટ બીલ ૪૭૧૭૯.૦૦ | ૨૦૨૮૦૪.૨૫ |
| સાધારણ ૩૦૨૭૨૦.૦૦ | | ઓડીટ ફી | ૨૫૩૦૦.૦૦ |
| સર્વસાધારણ ૪૧૩૦૦૦.૦૦ | | ચેરીટી કમીશનર ફાળો | ૧૪૩૮૩.૦૦ |
| પંચાન્હિકા મહોત્સવ ૧૪૩૯૫૭૮.૦૦ | ૨૭૧૮૮૮૨.૧૧ | ડેડ સ્ટોક મરામત | ૩૪૫૯૦.૦૦ |
| | | ઘસારા ખર્ચ | ૩૪૮૬૫.૦૦ |
| અન્ય આવક | ૧૧૭૭.૦૦ | ટ્રસ્ટ હેતુ ખર્ચ | |
| | | સાધુ-સાધ્વી વૈયાવચ્ચ ૪૦૭૭૩.૦૦ | |
| | | તથા આયંબિલ | |
| | | સાધારણ ખર્ચ ૧૨૬૫૨૪.૦૦ | |
| | | ચાતુર્માસ ખર્ચ ૩૩૦૩૭૮.૦૦ | |
| | | પંચાન્હિકા મહોત્સવ ખર્ચ ૪૧૮૬૨.૦૦ | ૫૩૯૫૩૭.૦૦ |
| | | માનવ રાહત ખર્ચ | ૧૭૧૩૯.૦૦ |
| | | ઈન્કમટેક્ષ કાયદાપ્રમાણે એક્યુમલેટ | ૧૫૦૦૦૦૦.૦૦ |
| | | સંઘ જમણ | ૫૬૬૧૦૩.૦૦ |
| | | | ૩૦૧૩૫૬૦.૨૫ |
| | | ચાલુ ચાલે ખર્ચથી વધારો | ૭૦૨૭૩૫.૮૫ |
| **કુલ ₹** | **૩૭૧૬૨૯૬.૧૧** | **કુલ ₹** | **૩૭૧૬૨૯૬.૧૧** |

## તા. ૩૧-૦૩-૨૦૧૮ સુધીનું પાકું સરવૈયું

| ફંડો અને જવાબદારી | રકમ | લેણાં | રકમ |
|---|---|---|---|
| ટ્રસ્ટ ફંડ | ૨૮૯૮૫૬૦.૭૫ | સ્થાવર મિલકત | ૩૫૯૫૩૭૪.૦૦ |
| આજીવન સભ્ય પદ ફી | ૨૮૨૭૦૦.૦૦ | F.D. સ્ટેટ બેંક નલીયા | ૭૭૩૧૯૫૬.૦૦ |
| ભોજનશાળા ફંડ | ૬૩૬૭૬૬૭.૧૩ | ફર્નીચર | ૨૪૭૪૦૮.૦૦ |
| અંકિત ખાતા | ૧૪૫૭૮૧૩.૩૫ | ડીપોઝીટ - લાઇટ મીટર | ૧૬૭૨૨.૦૦ |
| ઈન્કમટેક્ષ કાયદાપ્રમાણે એક્યુમલેટ | ૧૫૦૦૦૦૦.૦૦ | T.D.S. ૨૦૧૬-૧૭ ૬૬૬૧૬ | |
| આવક-જાવક ખાતુ | ૨૦૫૧૭૫૧.૪૯ | T.D.S. ૨૦૧૭-૧૮ ૯૩૩૦૨ | ૧૫૯૯૧૮.૦૦ |
| | | વ્યાજ વસુલાત | ૫૧૪૮૮૭.૦૦ |
| | | બેંકો તથા રોકડ | |
| | | સ્ટેટ બેંક નલીયા ૮૬૫૮૧૯.૧૧ | |
| | | ICICI બેંક, નલીયા ૨૫૪૦૮૦.૧૧ | |
| | | અરિહંત બેંક, મુંબઈ ૨૩૪૮૯૦.૫૦ | |
| | | યુનાઈટેડ બેંક, મુંબઈ ૯૨૯૯૩૯.૦૦ | |
| | | પુરાંત હાથમાં ૭૪૫૯.૦૦ | ૨૨૯૨૧૯૭.૭૨ |
| **કુલ ₹** | **૧૪૫૫૮૪૬૨.૭૨** | **કુલ ₹** | **૧૪૫૫૮૪૬૨.૭૨** |

**શ્રી કચ્છી દશા ઓશવાલ જૈન જ્ઞાતિ મહાજન - નલીયા વતી (ટ્રસ્ટીગણ)**

ઓડીટર્સ : **મેસર્સ ખીમજી કુંવરજી એન્ડ કંપની** (ગાંધીધામ), ઓડીટેડ બેલન્સશીટ તા. ૩૧-૦૭-૨૦૧૮ (ગાંધીધામ)

|| શ્રી ચંદ્રપ્રભુ સ્વામીયે નમઃ || **ટ્રસ્ટ રજી. નંબર : ઈ - ૧૦૫૧ (કચ્છ)**

# શ્રી પાંજરાપોળ ગૌશાળા ચેરીટેબલ ટ્રસ્ટ - નલીયા (કચ્છ)

નલીયા (કચ્છ), તા. અબડાસા - ૩૭૦૬૫૫.

## તા. ૦૧-૦૪-૨૦૧૭ થી ૩૧-૦૩-૨૦૧૮ સુધી વર્ષનું શ્રી આવક-જાવક પત્રક

| આવક | | રકમ | ખર્ચ | | રકમ |
|---|---|---|---|---|---|
| B.S.N.L. ટાવર તથા મકાન, ખેતી ભાડા | | ૧૦૦૭૦૦.૦૦ | મરામત/રીપેરીંગ તથા વિમા પ્રીમીયમ | | ૫૮૯૩૧.૦૦ |
| વ્યાજ F/D ખાતો | ૫૮૩૬૭૩.૦૦ | | વહીવટી ખર્ચ | | |
| S/B ખાતો | ૪૪૮૪૩.૭૫ | ૬૨૮૭૧૬.૭૫ | સ્ટાફ પગાર | ૧૪૭૦૦૦.૦૦ | |
| | | | બોનસ | ૧૧૫૦૦.૦૦ | |
| ડીવીડન્ડ | | ૧૦૦.૦૦ | લાઇલબીલ | ૮૯૪૬.૦૦ | |
| દાન ભેટ | | | કોમ્પસેશન | ૧૮૦૦૦.૦૦ | |
| સદ્‌ગૃહસ્થોની ભેટ | ૧૩૮૮૪૬૦.૦૦ | | પોસ્ટ ખર્ચ | ૪૨૨૧૩.૦૦ | |
| ઢોર દાખલ લાગો | ૨૬૭૦૦.૦૦ | | સ્ટેશનરી | ૨૯૩૭૫.૦૦ | |
| વસ્તુ ભેટ | ૩૬૦૬૬૯.૦૦ | ૧૭૭૫૮૨૯.૦૦ | મુસાફરી ખર્ચ | ૧૧૫૪.૦૦ | |
| અન્ય આવક | | | જાહેરાત ખર્ચ | ૧૫૫૦૦.૦૦ | |
| ઢોર વેચાણ | ૪૩૪૦૦.૦૦ | | પેટ્રોલ તથા રીપેરીંગ | ૧૧૨૨૫.૦૦ | |
| ખાતર વેચાણ | ૭૭૫૦૦.૦૦ | | સભ્ય ફીસ | ૫૦૦૦.૦૦ | |
| ખેતીવાડી આવક | ૮૦૨૦૦.૦૦ | | બેંક કમીશન | ૮૯૯.૧૫ | ૨૯૦૮૧૨.૧૫ |
| દુધ વેચાણ | ૪૦૩૬૨૩.૦૦ | | ઓડીટ ફી | | ૨૩૦૦૦.૦૦ |
| ઢોર ભાડો | ૫૩૫૧૦.૦૦ | | ચેરીટી કમીશનર ફાળો | | ૨૪૫૯૧.૦૦ |
| અન્ય આવક | ૫૯૧૮.૦૦ | ૬૬૪૧૫૧.૦૦ | ઘસારા ખર્ચ | | ૨૨૧૦.૦૦ |
| | | | ખેતી વાડી ખર્ચ | | ૫૩૪૨૦.૦૦ |
| | | | પાંજરાપોળ રનીંગ ખર્ચ | | |
| | | | ઢોર માવજત | ૨૭૫૭૮૦.૦૦ | |
| | | | ઢોર ચારામણી | ૨૩૨૫૯૬.૦૦ | |
| | | | ડાંઢરવતરો ખરીદી | ૧૦૬૫૮૦૩.૦૦ | |
| | | | લીલો ઘાસ ખરીદી | ૧૦૨૬૪૮.૦૦ | |
| | | | ખાણ ભૂસો ખરીદી | ૫૯૫૭૭૧.૦૦ | |
| | | | કુતરાના રોટલા, પક્ષી ચણ | ૪૩૬૦.૦૦ | |
| | | | પાંજરા પોળ ખર્ચ | ૧૬૪૦.૦૦ | |
| | | | ઢોર સાંખાઇ | ૧૮૯૫૦.૦૦ | ૨૨૯૭૫૪૮.૦૦ |
| | | | ખર્ચથી આવકમાં વધારો | | ૪૧૮૯૮૪.૬૦ |
| કુલ ₹ | | **૩૧૬૯૪૯૬.૭૫** | કુલ ₹ | | **૩૧૬૯૪૯૬.૭૫** |

## તા. ૩૧-૦૩-૨૦૧૮ સુધીનું પાકું સરવૈયું

| ફંડો અને જવાબદારી | | રકમ | મિલકત લેણાં | | રકમ |
|---|---|---|---|---|---|
| ગઈ સાલના બાકી ટ્રસ્ટ ફંડ | | ૨૧૦૭૯૨.૨૨ | સ્થાવર મિલકત | | ૨૩૬૪૬૩.૦૦ |
| કાયમી જીવદયા ફંડ | | | રોકાણ F.D. દેના બેંક નલીયા | ૫૫૬૪૫૩૬ | |
| ગઈ સાલની | ૧૦૬૯૯૦૭૨.૭૩ | | F.D. અરીહંત બેંકમુંબઈ | ૪૫૦૦૦૦ | ૬૦૧૪૫૩૬.૦૦ |
| ચાલુ સાલની ભેટ | ૦૮૮૮૮૮.૦૦ | ૧૦૭૮૭૯૬૦.૭૩ | ફર્નીચર | | ૮૯૪૯.૦૦ |
| | | | હીરોહોન્ડા | | ૬૮૯૦.૦૦ |
| ઢોર આપેલ તેની ડીપોઝીટ | | ૧૬૧૦૦૦.૦૦ | ડીપોઝીટ – લાઇટ મીટર | | ૪૪૪૦.૦૦ |
| | | | સ્ટોક ડાંઢરવતરો | ૬૯૩૦૦૦ | |
| | | | ખાણ | ૩૮૭૫૦ | ૭૩૧૭૫૦.૦૦ |
| | | | વસુલ નહીં આવેલ રકમ | | |
| | | | વ્યાજ વસુલાત | ૧૧૮૫૮૯ | |
| | | | ટી.ડી.એસ. ૨૦૧૬-૧૭ | ૫૦૦૯૩ | |
| | | | ટી.ડી.એસ. ૨૦૧૭-૧૮ | ૫૮૩૮૯ | ૨૨૭૦૭૧.૦૦ |
| | | | રોકડ અને બેંક | | |
| | | | દેના બેંક નલીયા | ૨૯૭૧૩૧૮.૪૩ | |
| | | | અરિહંત બેંક, મુંબઈ | ૫૯૩૭૧૫.૫૦ | |
| | | | ICICI બેંક, નલીયા | ૨૦૧૬૭૪.૦૦ | |
| | | | યુનાઈટેડ બેંક, મુંબઈ | ૭૭૪૧૭.૦૦ | |
| | | | રોકડ પુરાંત | ૩૯૨૪૮.૦૦ | ૩૮૮૩૩૭૨.૯૩ |
| | | | આવક-જાવક ખાતો | | |
| | | | ગઈ સાલની નૂકશાની | ૪૬૫૨૬૫.૬૨ | |
| | | | ચાલુ સાલનો વધારો | ૪૧૮૯૮૪.૬૦ | ૪૬૨૭૧.૦૨ |
| કુલ ₹ | | **૧૧૧૫૯૭૫૨.૯૫** | કુલ ₹ | | **૧૧૧૫૯૭૫૨.૯૫** |

## શ્રી પાંજરાપોળ ગૌશાળા ચેરીટેબલ ટ્રસ્ટ - નલીયા (ટ્રસ્ટીગણ)

ઓડીટર્સ : **મેસર્સ ખીમજી કુંવરજી એન્ડ કંપની** (ગાંધીધામ), ઓડીટેડ બૅલન્સશીટ તા. ૩૧-૦૭-૨૦૧૮ (ગાંધીધામ)

## ગરવા ગુરૂદેવોના ગુરૂપૂજને હેટ્રીક!!!




તપચક્રવર્તી અચલગચ્છાધિપતિ પ.પૂ. આ. ભ.નું ગઢશીસા મુકામે યાદગાર ચાતુર્માસ પ્રવેશ ડુમરા સ્થાને તપસ્વી , કવી અને વાકપટુ મુનીરાજ શ્રી કલાપ્રભસાગરજી મ.સા. આદીઠાણાઓનું ધબકતું ચાર્તુમાસ અને કોવઈનગર સ્થાને શાંતમૂર્તી, શ્રમણધર્મે, વફાદાર મુનીરાજ શ્રી કંચનસાગરજી મ.સા.નું ભાવશીલ ચાર્તુમાસ પ્રવેશે...

ત્રણેયના મુખકમલ ઉપર ઝળકતું તેજ વલય!

તપ ત્યાગના પ્રેરણા સ્ત્રોત સમા ગુરૂદેવો !

ફક્ત માંગલીક પ્રવચને જ હિપ્નોટાઈઝ કરતા આવા અવલ નંબરના ગુરૂદેવોને કામળી વહોરાવી ગુરૂપૂજન કરવાનો મને લાભ મળે તો? અલખના આરાધકોના હસ્તે સંયમ સુરભીનો વાસક્ષેપનો મારા માથે છંટકાવ થાય તો? પરમ પંથના પથીકોની એક અમીભરી દ્રષ્ટિ મારા ઉપર પડે તો? ભયોભયો! ચાલ જીવ ચાલ, વડીલોની કૃપાદ્રષ્ટિ હશે તો, મમ્મીના શુભાશીષ હશે તો ''લાભાર્થી'' બની પણ શકું! મારે લાભ લેવો જ છે. મનમાં ઘંટનાદ સાથે અંતરનાદની આરતી પ્રગટી. દશાઈ નાતની ખાનદાની અને ખુમારીએ મુચ્છોએ તાવ આવ્યો. ત્રણેયને સ્મરતાં અસીમ અહોભાવની પ્રચંડ ભરતી ઘટમાં પસરાઈ! ના ગુમાન, ના વટ, ના વાહવાહ, ફક્ત દેવ-ગુરૂ અને ધર્મનું સ્મરણ કર્યું. શુભ સંકલ્પોનું સ્વસ્તીક ચીતરી શ્રદ્ધાની જ્યોતને સતેજ કરી તેજસ્વી તરવરાટે ચરણ માંડ્યા તે સ્થળે ત્રણેય મુકામે ૫૨/૪૨ના સંપન્ન શ્રધ્ધા ભક્તોના પૂર ઉમટ્યા હતા. લાખ લાખની છલાંગે બોલી અને આદેશની ઈન્તેજારી વધતી હતી. મહારથીઓ સૌ મને લાભ મળે તેવી અપેક્ષાએ આતુર. પ્રચંડ જનસમુદાયની આંખો કોણ હશે એ સૂરો શ્રાવક ને કોણ હશે એ ગુરૂ ભક્ત? કોણ હશે એ ભાગ્યનો ભરથાર. બોલી બોલનારા હજારો લાખોના આંકને આંબવા સંગીતના સૂરે ઝૂમી ઉઠ્યા હતા. આ. ભ. સાથે સો મુની ભગવંતો અચલગચ્છની આ જાહોજલાલીએ ઝુમી ઉઠ્યા હતા... અને માતુશ્રી તથા વડીલોની આશીષ વર્ષા વરસી. સ્વપ્નું સાકાર થયું. મનોરથ મોગરો થઈને મ્હેંકી ઉઠ્યા હતા. નામ જાહેર થયું. ત્રણેય ધર્મસભાએ લાભાર્થીનું નામ છે... માતુશ્રી મણીબાઈ ખેતશી મોમાયા હસ્તે પહાડી અવાજના લોક ગાયક ઉત્તમચંદભાઈ. ૫૨/૪૨ ના મહાજનોના શ્રેષ્ઠીઓએ તાલીઓનો પ્રચંડ ઘોષ કર્યો. રૂબરૂ ફોન, SMS વગેરે માધ્યમોએ અનુમોદનાની આરતી ઉતારી. ઉત્તમભાઈના નેત્રો નેહે નીચર્યા અને ત્રણેય ગુરૂદેવોનું ગુરૂપૂજન કરી ક.દ.ઓ. નાતને ગરીમા અપાવી. (નાતમાં પ્રથમ રેકર્ડ ગુરૂપૂજન) છે. ઉત્તમભાઈના આ ઉત્તમ કાર્યે ઝૂકી તો જવાય ને?

**– લહેરચંદ વેલજી મૈશેરી**

## પર્વાધિરાજ પર્યુષણમાં અચૂક યાદ આવે છે

મુલુંડ પશ્ચિમના શ્રી વાસુપૂજ્ય જિનાલયના ટ્રસ્ટી શ્રી ચીમન મેઘજી મોતા (વારાપધર) પર્યુષણ પર્વ દરમિયાન વ્યાખ્યાન દરમિયાન હૃદયગમ અને વિનયયુક્ત ભાષામાં પાટે બિરાજમાન સાધુ સાધ્વીના અલંકાર વર્ણવી ભાષણથી શરૂઆત કરતા તે સાથે ગચ્છાધિપતિ અને આચાર્ય ભગવંતનું કોઇ આડંબર નહિ કે પળ માત્રની ઉતાવળ નહી, મુખેથી શબ્દ કે હૃદયમાંથી સોંસરા ઉભરતા જણાતા. શ્રોતાઓના ભાવમાં ઉમેરો થતો એવી વાણી !

બીજા સજ્જન તે મોટી સિંધોડીના નામવંત મુરબ્બી કાર્યકર સ્વ. શ્રી માલશી આણંદજી મૈશેરી (મસ્જિદબંદર) ચાતક ડોળે પર્વાધિરાજની વરસો વરસ રાહ જૂએ અને કાચે મંડી પડે. મોટી સિંધોડીના શ્રી નેમિનાથ જિનાલયના દેવદ્રવ્યની વૃધ્ધિની ખેવના સાથે ગામવાસીઓનો સંપર્ક કરતા જાય હતા ગામવાસીઓ પણ સ્વેચ્છિક આગળ આવે.

ગામના જ્ઞાતિભાઇઓ ધર્મ ધ્યાનમાં મન પરોવે. ઘાસચારા અને અનેક પ્રવૃત્તિઓ પણ સ્થાનિક સાથ સહકારથી પાર પડે. અનોખું આકર્ષણ જામે. ધન્ય છે બન્ને જ્ઞાતિજનોને !

**– કાંતિલાલ કેશવજી મોતા,** મુલુંડ

### 'પ્રકાશ સમીક્ષા'ની WhatsApp આવૃત્તિ

**જ્ઞાતિજનોને લગભગ દૈનિક ધોરણે જ્ઞાતિ સંસ્થાઓની વિવિધ પ્રવૃત્તિઓના સમાચાર મળતા રહે તે માટે 'પ્રકાશ સમીક્ષા'ની આવૃત્તિ WhatsApp ના માધ્યમે આપવાનું નક્કી થયું છે. આમાં કોઇ ચર્ચાસ્પદ કે વિવાદાસ્પદ સમાચારો કે લેખો અપાશે નહીં આ અંગેની નિયમાવલિ ઘડાઇ રહી છે. રસ ધરાવતા જ્ઞાતિજનોએ પોતાના નામ, પરિચય 'પ્રકાશ સમીક્ષા' સમિતિના ટ્રસ્ટી/સભ્ય શ્રી તિલકભાઇ કુંવરજી લોડાયાને ૯૯૪૦૬ ૩૬૬૪૬ WhatsApp પર મોકલવા વિનંતિ છે.**

# ‘એકીકરણ’ પછીના પ્રથમ જ્ઞાતિ અધિવેશનને સફળ બનાવી

આપણી જ્ઞાતિના ચતુર્થ (બંને જ્ઞાતિઓના ‘એકીકરણ’ પછીના પ્રથમ) જ્ઞાતિ સંમેલનને બધી રીતે સફળ બનાવવાની તૈયારીઓ જોરશોરથી શરૂ કરી દેવામાં આવી છે. સમસ્ત મહાજન સાથે મુંબઈ મહાજન, વડોદરા મહાજન તથા ગાંધીધામ મહાજનના પદાધિકારીઓ જ્ઞાતિમાં આ અંગેની જાગૃતિ લાવવા માટે કટિબદ્ધ બન્યા છે. વિવિધ સ્થળોએ સભાઓ, સેમિનારો તથા રોડ શૉનાં આયોજનો થઈ રહ્યાં છે. હાલે તો ઉત્સાહનું વાતાવરણ દેખાય છે. આપણા ઘરનો જ પ્રસંગ છે એમ સમજીને આપણે પણ આપણો યત્કિંચીત ફાળો આપવાની ફરજ બજાવવી જોઈએ. જ્ઞાતિના વિકાસ માટે એક નાનામાં નાની વ્યક્તિ પણ મદદરૂપ થઈ શકે છે. એવી વ્યક્તિઓનાં સૂચનો પણ સમસ્ત મહાજનના પદાધિકારીઓએ સહર્ષ સ્વીકારવાં જોઈએ.




સમસ્ત મહાજન સાથેનો પત્ર-વ્યવહાર કયા સરનામે કરવો એની વિગતો તાત્કાલિક જાહેર કરવામાં આવે એ ઈચ્છનીય છે. એની સાથે સમસ્ત મહાજનના ફોન નંબર (કે નંબરો) પ્રકાશ સમીક્ષામાં જાહેર કરવા જોઈએ. જ્ઞાતિજનોએ પોતાનાં સૂચનો સારા અક્ષરે લખીને સમસ્ત મહાજનના સેક્રેટરી જનરલને મોકલી આપવાં જોઈએ. જેનો અમલ થઈ શકે એમ હોય એવાં સૂચનોને અલગ તારવીને એક ખાસ પુસ્તિકા (કે સ્મરણિકા)માં એમનો સમાવેશ કરીને એ પુસ્તિકા સંમેલનમાં આવનાર પ્રતિનિથિઓ કે મહાનુભાવોમાં વિતરિત કરવી જોઈએ. પ્રતિનિધિઓને એ મુદ્દાઓ ઉપર ચર્ચા કરવાની તક મળવી જોઈએ.

જ્ઞાતિની પ્રગતિ અને વિકાસ અંગેનો ઈતિહાસ વિવિધ પુસ્તકોમાં મોજૂદ છે; પણ (ભૂ.પૂ.)નાની ન્યાતનો ઈતિહાસ અસ્તિત્વમાં નથી. નાની ન્યાત (એટલે ભૂતપૂર્વ નાની ન્યાત) ને લગતી (લિખિત) માહિતી સ્વ. ચંદ્રસેનભાઈ મોમાયા પાસે હતી; પણ એમાં અમુક કુટુંબોના બઢાવી - ચઢાવીને (અતિશયોક્તિ ભર્યા) વર્ણનો હોવાથી વિરોધનો વંટોળ ઊભો થયો હતો. એટલે એને લગતી પુસ્તિકાનું પ્રકાશન શક્ય બન્યું ન હતું. (આ માહિતી સ્વ. શ્રી ચંદ્રસેનભાઈએ જાતે મને આપી હતી.) નાની ન્યાતને લગતી માહિતી આપણી યુવા પેઢીને આપવાની આપણી ફરજ છે, જેથી ભવિષ્યની પેઢીઓ બહિષ્કાર જેવાં પગલાં ભરતાં અચકાય. જ્ઞાતિમાં સંપ અને સહકારનું વાતાવરણ જળવાઈ રહે.

બીજા (હુબલી) સંમેલન અગાઉથી નાની ન્યાતને થયેલો અન્યાય દૂર કરીને, એને મૂળ જ્ઞાતિમાં સમાવિષ્ટ કરવા માટેની ચળવળની શરૂઆત થઈ ચૂકી હતી. આ લેખકે આપણી જ્ઞાતિ હસ્તકના દેરાસરોમાં નાની ન્યાતને ધાર્મિક વિધિઓની સંપૂર્ણ છૂટ મળવી જોઈએ એ મતલબના લેખો પ્રકાશ સમીક્ષામાં લખવાની ઝુંબેશ શરૂ કરી હતી. મેં (આ લેખકે) બંને જ્ઞાતિઓ મૂળે એક જ છે એવું ‘દાખલા-દલીલો સાથે’ પ્રકાશ સમીક્ષામાં પૂરવાર કર્યું હતું. એક ભાઈ દશા જ્ઞાતિમાં અને બીજો ભાઈ (વિધવા વિવાહ - ઘરઘેણાને કારણે) નાની ન્યાતમાં હોય તો બંને જ્ઞાતિઓ અલગ કઈ રીતે? મારા લેખોનો અમુક જૂનવાણી આગેવાનોએ વિરોધ કર્યો. હુબલી અધિવેશનમાં મેં સ્વ. શ્રી હીરાચંદભાઈ મેપાણીને, ‘જ્ઞાતિ હસ્તકના દેરાસરોમાં નાની ન્યાતને ધાર્મિક વિધિઓની સંપૂર્ણ છૂટ મળવી જોઈએ’ એવી મતલબનો ઠરાવ રજૂ કરવાની વિનંતી કરી હતી; પણ એ શક્ય ન બન્યું.

તે પછી મેં ‘મુંબઈ સમાચાર’ જેવા છાપાંઓમાં લેખો લખવાનું શરૂ કર્યું. અમુક લેખોએ ભારે ઉહાપોહ સર્જ્યો. ‘ચિત્રલેખા’ના પ્રતિનિધિએ ફોન ઉપર મારી સાથે ચર્ચા કરી. તેમણે બંને જ્ઞાતિઓના પ્રમુખોની મુલાકાતો લઈને એ અંગેનો લેખ ‘ચિત્રલેખા’માં છાપ્યો હતો. આપણા આચાર્ય મહારાજ સાહેબો તથા અ. ભા. અચલગચ્છ જૈન સંઘના પ્રમુખશ્રી સાથે મેં પત્ર વ્યવહાર કર્યો. સને ૧૯૭૨-૭૩ થી શરૂ કરીને અંદાજે ૨૦૦૭-૦૮ સુધીના પ્ર.સ. ના અંકોમાં ‘એકીકરણ’ અંગેની પ્રક્રિયા સંબંધી લેખો મળી જ રહેશે. એનું સંકલન કરવાની જહેમત ઉઠાવવી પડશે. ‘એકીકરણ’ અંગેની સઘળી કાર્યવાહી તત્કાલીન મહાજન પ્રમુખ શ્રી ચિમનભાઈ મોતાની રાહબરી હેઠળ પાર પડી હતી. શ્રી ભૂપેન્દ્રભાઈ દંડે પણ મહત્ત્વની ભૂમિકા ભજવી હતી.

આગામી સંમેલનમાં આપણે ખભે-ખભા મિલાવીને આપણી જ્ઞાતિને ‘સર્વોત્તમ જ્ઞાતિ’નું બિરૂદ મળે એવા પ્રયાસો કરીએ.

**- શામજી પદમશી છેડા,** ગાંધીધામ

# શ્રી અનંતનાથજી મહારાજ જૈન દેરાસર અને તેના સાધારણ ફંડો

૩૦૨/૩૦૬, નરશી નાથા સ્ટ્રીટ, શ્રી અનંતનાથજી મહારાજ ચોક, ખારેક બજાર, મુંબઇ - ૪૦૦ ૦૦૯

ફોન : ૨૩૪૨ ૧૩૪૪ ● ૨૩૪૪ ૧૯૨૯

શ્રી ક.દ.ઓ. જૈન જ્ઞાતિજનો,

જય જિનેન્દ્ર - જય જય શ્રી અનંતનાથ.

મુંબઈના મસ્જિદબંદર વિસ્તારમાં શ્રી અનંતનાથજી ટ્રસ્ટની માલિકીના જે જે મકાનો છે તેમની વિગતો (તે ક્યાં સ્થિત છે તે તથા તેમની અન્ય માહિતી) આ સાથે આપીએ છીએ. ટ્રસ્ટની માલિકીના મકાનોથી, જ્ઞાતિજનોના હિતાર્થે, જ્ઞાતિજનોને કઈ રીતે વધારેમા વધારે ફાયદા થાય તે બાબત સલાહ-સૂચનો મોકલવા શ્રી ક.દ.ઓ. જૈન જ્ઞાતિજનોને આમંત્રણ છે. જ્ઞાતિજનો પાસેથી જે સલાહ-સૂચનો મળશે, તેના પર ટ્રસ્ટ બોર્ડ વિચારણા કરશે.

ઉપરોક્ત બાબત આ પહેલા પ્રકાશ સમીક્ષાના તા. ૧૬ થી ૨૨ મે ૨૦૧૫, તા. ૦૯ થી ૧૫ મે ૨૦૧૬ તથા તા. ૦૫ થી ૧૧ માર્ચ ૨૦૧૮ના અંકમાં આપેલ જા.ખ. ના સંદર્ભમાં કોઈ પ્રતિભાવ/પ્રત્યુતર પ્રાપ્ત થયા નહીં.

ટ્રસ્ટને ટ્રસ્ટના મસ્જિદ બંદર, મુંબઈ-૯ સ્થિત સર્વ મકાનોના રીડેવલપમેન્ટ કરવા માટે સૂચનો મળતા રહે છે. જ્ઞાતિજનોના હિતનું સમાજોપયોગી કામ કરવામાં રસ ધરાવતા સમાજના બિલ્ડર/ડેવલપર્સ, શ્રી ક.દ.ઓ. જૈન જ્ઞાતિજન/નો ને મકાનોની વિગતો ધ્યાનમાં લઈ તેમના રીડેવલપમેન્ટ બાબત ફિસીબીલીટી રિપોર્ટ (Feasibility report) તૈયાર કરી મોકલવા વિનંતી. વધુ વિગતો માટે ટ્રસ્ટના કાર્યાલયે સંપર્ક કરવો.

લિ. શ્રી અનંતનાથજી મહારાજ જૈન દેરાસર અને તેના સાધારણ ફંડોના ટ્રસ્ટીઓ




| NOS. | C.S. NOS. | BLDG. NAMES | PLOT AREAS (Sq. Mt) | PLOT AREAS (Sq. Ft) (A) | TENANT AREAS (CARPET AREAS) (Sq. Ft) (X) | TENANT AREAS (BUILTUP AREAS) (Sq. Ft) (X * 1.2) | TENANT AREAS (BUILTUP AREAS) (Sq. Ft) (B) | FSI (B)/(A) | TENANTS COMM. | TENANTS RESI. | TOTAL TENANTS | CARPET AREAS (Sq. ft) COMM. | CARPET AREAS (Sq. ft) RESI. | REMARKS |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| 1 | 889 | JATHAWALLA GHAR | 154.68 SQMT | 1664.97 SQMT | 6171.52 SQFT | 7405.82 SQFT | 7405.82 SQFT | 4.44 | 22 NOS | 7 NOS | 29 NOS | 3928.35 | 2243.17 | |
| 2 | 886 | NAKHODA GHAR | 957.37 SQMT | 10305.13 SQFT | 1826.32 SQFT | 2191.58 SQFT | 48164.14 SQFT | 4.67 | 4 NOS | NIL | 4 NOS | 1826.37 | NIL | |
| 3 | 885 | DERASAR GHAR + DERASAR | | | 28847.52+7500 | 34617.02+9000 | | | 7 NOS | NIL | 7 NOS | 2654.23 | NIL | Remaining Area for Derasar Upasarey ETC |
| 4 | 884 | ANANT JYOT | | | 1962.95 SQFT | 2355.54 SQFT | | | 2 NOS | NIL | 2 NOS | 1962.93 | NIL | |
| 5 | 890 | NAVAGHAR | 321.35 SQMT | 3459.01 SQFT | 2856.34 SQFT | 3427.6 SQFT | 10610.38 SQFT | 3.06 | 7 NOS | 2 NOS | 9 NOS | 2699 | 157.5 | |
| 6 | 891 | MALBARI GHAR | | | 5985.65 SQFT | 7182.78 SQFT | | | 7 NOS | 18 NOS | 25 NOS | 2789.6 | 3196 | |
| 7 | 892 | BESANIYA GHAR | 154.31 SQMT | 1660.99 SQFT | 2062.60 SQFT | 2475.12 SQFT | 2475.12 SQFT | 1.49 | 3 NOS | NIL | 3 NOS | 2062.55 | NIL | |
| 8 | 910 | ANANT SADAN | 190.45 SQMT | 2050.00 SQFT | 4937.23 SQFT | 5924.67 SQFT | 5924.67 SQFT | 2.89 | 19 NOS | NIL | 19 NOS | 4937.24 | NIL | |
| 9 | 957 | ANANT NIWAS | 1323.59 SQMT | 14247.12 SQFT | 42794.33 SQFT | 51353.19 SQFT | 54191.39 SQFT | 3.80 | 21 NOS | 107 NOS | 128 NOS | 12718 | 30076.29 | |
| 10 | 972 | SHAKGULLY | | | 2365.17 SQFT | 2838.2 SQFT | | | 2 NOS | 11 NOS | 13 NOS | 827 | 1538.15 | |
| 11 | 920 | OLD ANANT BHUVAN | 1292.65 SQMT | 13914.08 SQFT | 8576.97 SQFT | 10292.36 SQFT | 61714.91 SQFT | 4.43 | 08 NOS | 34 NOS | 42 NOS | 2812 | 5765 | |
| 12 | | NEW ANANT BHUVAN | | | 42448.73 SQFT | 51422.55 SQFT | | | 114 NOS | 15 NOS | 129 NOS | 35529.73 | 6919 | |

॥ શ્રી અનંતનાથાય નમઃ ॥

# KDO શ્રી કચ્છી દશા ઓશવાલ જૈન જ્ઞાતિ મહાજન, મુંબઈ

અણમોલ જ્ઞાતિ – અનંત ગૌરવ

૩૦૨/૩૦૬, નરશી નાથા સ્ટ્રીટ, શ્રી અનંતનાથજી ચોક, મુંબઈ–૪૦૦ ૦૦૯. ફોન : ૦૨૨–૨૩૪૪ ૮૨૭૪

નવી મુંબઈ ઐરોલી ખાતે આવેલ ‘‘**કસ્તુરી–પદમ**’’ ભવનના ભૂમિદાતા માતુશ્રી કસ્તુરીબાઇ મુરજી દંડ અને શેઠશ્રી પદમશી કાનજી મૈશેરી તથા મુંબઇ (મસ્જિદ બંદર) ટનટન પુરા સ્થિત શેઠ શ્રી કાનજી વિસનજી પાલાણી મહાજનવાડી વેચાણની રકમ, સખીદાતા શેઠશ્રી લક્ષ્મીચંદ ધારશી મોતા તથા શ્રી અનંતનાથજી મહારાજ જૈન દેરાસર અને તેના સાધરણ ફંડ ટ્રસ્ટ દ્વારા લોન/સહાય મળેલ. ફાળાથી ‘‘**કસ્તુરી–પદમ**’’ ભવન–મહાજનવાડીનું ચણતર થયેલ, ઉપરોક્ત ઈમારતનું ઈન્ટેરિયર કાર્ય બાકી રહેતા વણવપરાયેલી સ્થિતિમાં છેલ્લા લાંબા સમયથી નાણાકીય વિકટ પરિસ્થિતિઓના કારણોથી પૂર્ણ થયેલ નથી.

સમય પરિવર્તન, જ્ઞાતિમાં સાનુકૂળ વાતાવરણ, ચતુર્થ જ્ઞાતિ સંમેલન–૨૦૧૮ના આયોજનની તડામર તૈયારીઓ... ૨૦૧૪માં ગત મહાજનની શ્રી નયન ભેદાની આગેવાનીના સમયે મહાજન વાડીની અંદર વિવિધ જગ્યાએ નામકરણ (તક્તિ) આયોજનની યોજના નક્કી કરાયેલ જે અત્રે આપેલ છે. આપ સૌ જ્ઞાતિજનોને, દેશાવરના મહાજનોને નામ આપવાની શરતે વડીલોની સ્મૃતિપટ રૂપે ઉદાર દિલે આપની ઈચ્છાનુસાર ફાળો નોંધાવી મહાજન વાડીનું કાર્ય ત્વરિત વેળાએ પૂર્ણ કરાવવામાં સહભાગી થઇ અમને પ્રેરક બળ અર્પશો. એવી આપ સૌ જ્ઞાતિજનોને વિનમ્ર ભાવે અપીલ.

| શ્રી કચ્છી દશા ઓશવાલ જૈન જ્ઞાતિ મહાજન, મુંબઈ<br>સંચાલિત<br>કસ્તૂરી–પદમ ભવન વિવિધલક્ષી સંકુલ–ઐરોલી, ભંડોળ યોજના | | K.D.O. Jain Gnati Mahajan - Mumabi<br>Kasturi-Padam Bhavan Vividhlaxi Complex - Airoli<br>Scheme for Funds Gathering | |
|---|---|---|---|
| ૧) | મેઈન ગેટ : રૂ. ૧ કરોડ ૨૫ લાખ<br>બેક ગેટ : રૂ. ૫૧ લાખ | 1) | Main gate : ₹ 1 crore 25 lakhs<br>Back gate : ₹ 51 lakhs |
| ૨) | બેઝમેન્ટ : રૂ. ૨૫ લાખ | 2) | Basement : ₹ 25 lakhs |
| ૩) | પૅસેજ<br>પૅસેજ ૧ : રૂ. ૨૧ લાખ<br>પૅસેજ ૨ : રૂ. ૨૧ લાખ<br>પૅસેજ ૩ : રૂ. ૨૧ લાખ<br>પૅસેજ ૪ : રૂ. ૨૧ લાખ | 3) | Wing<br>1st wing : ₹ 21 lakhs<br>2nd wing : ₹ 21 lakhs<br>3rd wing : ₹ 21 lakhs<br>4th wing : ₹ 21 lakhs |
| ૪) | પૅસેજ (B)<br>પૅસેજ ૧ : રૂ. ૧૧ લાખ<br>પૅસેજ ૨ : રૂ. ૧૧ લાખ<br>પૅસેજ ૩ : રૂ. ૧૧ લાખ<br>પૅસેજ ૪ : રૂ. ૧૧ લાખ | 4) | Wing (B)<br>1st wing : ₹ 11 lakhs<br>2nd wing : ₹ 11 lakhs<br>3rd wing : ₹ 11 lakhs<br>4th wing : ₹ 11 lakhs |
| ૫) | પેહલા માળની રૂમો<br>નં. ૧ : રૂ. ૨૫ લાખ<br>નં. ૨ : રૂ. ૨૫ લાખ | 5) | Rooms on 1st floor<br>No. 1 : ₹ 25 lakhs<br>No. 2 : ₹ 25 lakhs |
| ૬) | બીજા માળની રૂમો<br>નં. ૧ : રૂ. ૧૫ લાખ<br>નં. ૨ : રૂ. ૧૫ લાખ<br>નં. ૩ : રૂ. ૧૫ લાખ<br>નં. ૪ : રૂ. ૧૫ લાખ | 6) | Rooms on 2nd floor<br>No. 1 : ₹ 15 lakhs<br>No. 2 : ₹ 15 lakhs<br>No. 3 : ₹ 15 lakhs<br>No. 4 : ₹ 15 lakhs |
| ૭) | ત્રીજા માળની રૂમો<br>નં. ૧ : રૂ. ૧૫ લાખ<br>નં. ૨ : રૂ. ૧૫ લાખ<br>નં. ૩ : રૂ. ૧૫ લાખ<br>નં. ૪ : રૂ. ૧૫ લાખ | 7) | Rooms on 3rd floor<br>No. 1 : ₹ 15 lakhs<br>No. 2 : ₹ 15 lakhs<br>No. 3 : ₹ 15 lakhs<br>No. 4 : ₹ 15 lakhs |
| ૮) | મેઈન બૅન્ક્વેટ હૉલ : રૂ. ૨ કરોડ ૫૧ લાખ | 8) | Main Banquet Hall : 2 coror 51 lakhs |
| ૯) | ચોથા માળની રૂમો<br>નં. ૧ : રૂ. ૧૫ લાખ   નં. ૫ : રૂ. ૧૫ લાખ<br>નં. ૨ : રૂ. ૧૫ લાખ   નં. ૬ : રૂ. ૧૫ લાખ<br>નં. ૩ : રૂ. ૧૫ લાખ   નં. ૭ : રૂ. ૧૫ લાખ<br>નં. ૪ : રૂ. ૧૫ લાખ   નં. ૮ : રૂ. ૧૫ લાખ | 9) | Rooms on 4th floor<br>No. 1 : ₹ 15 lakhs   No. 5 : ₹ 15 lakhs<br>No. 2 : ₹ 15 lakhs   No. 6 : ₹ 15 lakhs<br>No. 3 : ₹ 15 lakhs   No. 7 : ₹ 15 lakhs<br>No. 4 : ₹ 15 lakhs   No. 8 : ₹ 15 lakhs |
| ૧૦) | મિની હૉલ : રૂ. ૫૧ લાખ | 10) | Mini Hall : ₹ 51 lakhs |
| ૧૧) | પૅન્ટ્રી : રૂ. ૧૪ લાખ | 11) | Pantry : ₹ 14 lakhs |
| ૧૨) | સ્ટોર રૂમ ૧ : ૫.૫ લાખ<br>સ્ટોર રૂમ ૨ : ૫.૫ લાખ | 12) | Storeroom : ₹ 5.5 lakhs<br>Storeroom : ₹ 5.5 lakhs |
| ૧૩) | લિફ્ટ ૧ : રૂ. ૧૫ લાખ<br>લિફ્ટ ૨ : રૂ. ૧૫ લાખ | 13) | Lift no. 1 : ₹ 15 lakhs<br>Lift no. 2 : ₹ 15 lakhs |
| ૧૪) | સાધારણ ફંડ : રૂ. ૧૧૧,૧૧૧/– | 14) | Ordinary fund : ₹ 111,111/- |
| ૧૫) | સંપૂર્ણ વાડીનું રાચરચીલું : રૂ. ૫૧ લાખ | 15) | Complete furniture works of hall : ₹ 51 lakhs |

❖ દાતાશ્રીઓના ઋણ છીએ ❖

# BETI BACHAO ! BETI PADHAO !

**CS CHARUL YOGESH PATEL (Nagda)**
M.Com, ACS, SET cleared
M : 9821189727
Asst. Professor,
Dept. of Accountancy,
SIES College of Commerce & Economics
SION (E), Mumbai – 400 022.



For the last couple of years, the above phrase has become a government sponsored drive. In fact for about more than two decades NGOs and social scientists are trying to spread the above message in their own ways, but considering the importance of this issues, the government took up this issue and used all medias like news papers, TVs and radio for wide spread publicity and percolation of this message. With this brief preamble, I will try to put down my thoughts on this topic.

We all know that every family wants a male child so that the linage or dynasty of the family goes on. Before the statutory ban on sex detection tests of feotus, there was a rampant trend and practice of aborting the girl in feotus. Prenatal sex determination was banned in India in 1994, under the Pre-conception and Prenatal Diagnostic Techniques (Prohibition of Sex Selection) Act. The act aims to prevent sex-selective abortion, which, according to the Indian Ministry of Health and Family Welfare, "has its roots in India's long history of strong patriarchal influence in all spheres of life". Prenatal sex determination had caused the girl child number to go down at alarming rates as compared to the number of boys in India, which is also another factor that led to its banning.

This practice lead to the serious disturbance in the numeric strength of boys and girls, wherein the boys drastically outnumbered the girls and as a result there was a crisis of marriageable boys not getting suitable girl for alliance. In India almost every ten years, the Central Government sponsored census is conducted and the outcome of last couple of surveys indicated the serious disturbance in the numeric strength of boys and girls. The main reason of this state of affairs is the desire of almost every family for a heir and only boy was considered a heir and girls did not have right in the parental properties. Beside, there was an evil practice of demanding dowry from the parents of girl in marriage proposals, in spite of shortage of girls! So Government enacted Dowry Prohibition Act, 1961. Although this act came into force in 1961, there was no perceptible reduction in dowry related cases and crimes. So in 1973, the government made it stringent and amended so that the Code of Criminal Procedure, 1973 (2 of 1974) shall also apply to offences under this Act as if they were cognizable offences. Besides, Protection of Women from Domestic Violence Act, 2005 was also enacted to fight against crimes and harassment of women. Also at that time the girls were not encouraged to go to school and were made to do only domestic chores. Girls getting higher education and taking up job or running a business was considered a far fetched idea. Many young brides were even burnt alive or killed by in-laws for dowry, as a girl was considered a financial burden for the family and thus was not welcome either in parental home or in in-laws home, where she was considered an evil necessity. While boy was considered a bread winner so was welcome. But the consequences of the reduction in numeric strength of girls were so alarming that society and government both came to forefront to correct the anomaly. This is primafacie a socio economic issue and as such needs to be attacked on two fronts.

The social scientists have come up with various ideas and suggestions and government accepted some of them and enacted a couple of laws to stop feoticide of girl child, anti dowry act and domestic violence act. All these laws have provision of fine and punishment. These steps started giving good results and so the birthrate of girls improved. These steps are for BETI BACHAO aspect of the slogan or phrase.

But still the girls were considered a burden and financial drain on family. It was felt by a large number of intellectuals and

sociologists that the illiteracy among women was one of the reasons and causes for the belief that a girl child is a burden on family. As a result government started free education and even scholarships for girl students to encourage parents to send the girls to school. Some states have even offered concessions to girls for transportation to and fro school. Schemes like Mid-day meal were also implemented as incentive. These steps have started giving salutary results, which is BETI PADHAO part of the phrase.

Even after these steps, the evil menace of dowry continued to haunt society. So to mitigate the hardships of parents for a daughter's marriage, Sukanya Smrudhi Yojana is started and supported by government, in which investment made by way of monthly installments carries a reasonably high interest rate and a sizable amount gets accumulated over a selected period of time which can be used for the marriage of daughter. All these steps are in right direction and over a period of time will yield positive results and the natural balance between the numeric strength of boys and girls will be restored.

As the girls started going to schools and colleges, the educated girls and women also opted for jobs and carrier. The IT industries opened up new opportunities for women as they are by their inherent nature good at soft skills. The banking, medicine and education are other fields where the women power is visible in large scale. But this women emancipation lead to another social problem of sexual harassments of girls and women at work places. To overcome this menace the government enacted 'The sexual harassment of women at workplace Prevention, Prohibition, and Redressal Act 2013'. This was an act for prevention of sexual crimes against women and their protection, but crime against women continued though in reduced number. That prompted government to enact an act 'Compensation Scheme for Women Victims/Survivors of Sexual Assault/other Crimes – 2018'.


।। શ્રી ચંદ્રપ્રભુસ્વામિ નમઃ ।। ।। શ્રી શાંતિનાથાય નમઃ ।।

**ખુશ ખબર.... ખુશ ખબર.... ખુશ ખબર....**

**શ્રી લાલા-સાંધવ ગામનાં દંડ પરિવારો... શ્રી ગજોડવાલા નાગરજા સતો દાદાને નમતા ભાવિકો... જોગશ્રી...**

જય જિનેન્દ્ર સાથે જણાવવાનું કે... શ્રી ગજોડ ગામે શ્રી દાદાના નુતન મંદિરનું નવનિર્માણ સાકાર પામી લગભગ પૂર્ણતાના આરે છે.

**તા. ૨૫-૧૧-૨૦૧૮ (કારતક વદ-૩) રવિવાર**ના સવારના (૯થી ૨ વાગ્યા) સુધી નુતન મંદિરના ઉદ્‌ઘાટનના તેમજ **ભુવાશ્રી/ભુઈમા શ્રી ના ગંધી બદલાવવા**ના કાર્યક્રમના મંગલ પ્રસંગે સર્વેને પધારવા હાર્દિક નિમંત્રણ છે. મંદિર સુધી જવા માટે નવો રસ્તો પણ બનાવેલ છે જેથી મોટરગાડી થી જઈ શકાશે.

શુભ દિવસે પહેડી પ્રસાદ-ભોજન-નાસ્તાની વ્યવસ્થા રાખવામાં આવેલ છે. પધારનાર ભાવિકોએ આવવા-જવાની ટીકીટો પોતાની રીતે કઢાવી લેવી અને તેની જાણ વહેલી તકે તા. ૨૫-૧૦-૨૦૧૮ પહેલાં કરવી જેથી વ્યવસ્થા કરવાની સુગમતા રહે.

નુતન મંદિરના નિર્માણમાં જે ભાવિકોને ''ફુલ નહિં તો ફુલની પાંખડી'' રૂપે ફાળો લખાવી લાભાર્થી થવાની ઈચ્છા હોય તો વહેલી તકે તા. ૨૫-૧૦-૨૦૧૮ સુધી પોતાના નામો અને રકમ પહોંચાડવા વિનંતી. લાભાર્થીના નામો યોગ્ય સ્થાને તખ્તી પર લખવામાં આવશે. ગોધરા ગામના મૈશેરી પરિવારના શ્રી ગજોડવાલા દાદાને નમતા ભાવિકોને પણ નિમંત્રણ છે. આપશ્રીઓને શ્રી દાદાના દરેક પ્રસંગે હાજર રહેવા નિમંત્રણ છે.

અત્યાર સુધી નુતન મંદિરના નિર્માણના લાભાર્થી પરિવારોના નામો નિચે મુજબ આવેલ છે.

**૧) શ્રી શામજીભાઈ નરશી દંડ પરિવાર, ૨) શ્રીમતી મધુરીબેન નવીનભાઈ હીરજી દંડ પરિવાર, ૩) શ્રીમતી મધુરીબેન હિરાચંદ નરશી દંડ પરિવાર, ૪) માતુશ્રી દમયંતી મણીલાલ પ્રેમજી દંડ પરિવાર, ૫) માતુશ્રી દમયંતીબેન હંસરાજ દંડ પરિવાર, ૬) શ્રી ઝવેરચંદ વસનજી દંડ પરિવાર**

સંપર્ક : **શ્રી મહેશભાઈ દંડ**, સાંધવ – મો. **98692 60739**

**શ્રી પ્રવીણભાઈ દંડ**, લાલા – મો. **98218 44144** **શ્રી સૂર્યકાન્ત હીરજી દંડ** - મો. **93221 26602**

દર્શનાભિલાષી : **શ્રી શામજીભાઈ નરશી દંડ** – પ્રમુખ, **શ્રી સૂર્યકાન્ત હીરજી દંડ** – ઉપપ્રમુખ

## એક મૌન સાધકનો સંસાર... **વીરચંદ કલ્યાણજી ધરમશી** *(ગતાંકનું અનુસંધાન)*

***ગતાંકમાં યાંત્રિક શરતચૂકથી બહુમુલ્ય આંતરરાષ્ટ્રીય ખ્યાતિ ધરાવતા આપણી જ્ઞાતિના બહુમુલ્ય પ્રતિભાશાળી વિદ્વાન વીરચંદભાઈ વિષેનો ઉપરોક્ત લેખ અપૂર્ણ રહી ગયો હતો, તેનું યોગ્યતઃ સંબધ્ધ અનુસંધાન અત્રે આપીએ છીએ.***



એક પ્રમાણિત સમજને વિકસિત કરી. એ વ્યક્તિએ એનું પુરું જીવન દઈ દીધું હતું પણ એમના નિધન પછી લાંબા સમય સુધી એમની કોઈ ચર્ચા જ ન થઈ. એમનું કાર્ય વેરાયેલું હતું અને કેટલીય વાર એમની ઉપલબ્ધિઓનું શ્રેય જેમ્સ બર્જર જેવા કેટલાક પ્રખ્યાત પુરાતત્ત્વવેત્તાઓએ પોતે જ લઈ લીધું. ધરમશીભાઈ એ ઉપેક્ષિત મનીષીની જીવન સ્થિતિઓને સમજવામાં અને એમના અસાધારણ યોગદાનનું વિગતે અધ્યયન કરવામાં વર્ષો સુધી રત રહ્યા. એમનું આ અધ્યયન જ્યારે પુસ્તકરૂપે પ્રગટ થયું ત્યારે ૧૯મી સદીના દક્ષિણ એશિયાના પુરાતત્ત્વ સમ્બન્ધી સંશોધનો પર એક નવો પ્રકાશ પડ્યો. ભગવાનલાલ ઈન્દ્રજીનું યોગ્ય મહત્ત્વ સ્થાપિત થયું. વિશેષજ્ઞોની વચ્ચે વિવિધ સ્તરે એમના શોધ અધ્યયનની સરાહના થઈ. એશિયાટિક સોસાયટીએ વીરચંદ ધરમશીનું એમના આ મહત્ત્વપૂર્ણ કાર્યને માટે રજત પદકથી સન્માન કર્યું.

વયોવૃદ્ધ ધરમશીભાઈ આ દિવસોમાં હિન્દી સિનેમાના અભ્યુદય કાળથી લઈને બીજા વિશ્વયુદ્ધ સુધી એના આંતિરક વિકાસ અને એની ગતિશીલ તત્ત્વોના વિશ્લેષણની એક બૃહદ પરિયોજનામાં મશગુલ છે. આ લોકપ્રિય માધ્યમ નિમિત્તે એક પ્રકારનું સાંસ્કૃતિક ચિંતન છે. તેઓ થાકતા નથી. હું એમને પૂછું છું કે આપના જીવનનો મૂલ મંત્ર શો છે? તેઓ હસે છે અને કહે છે, 'ચરેવૈતિ, ચરેવૈતિ.'

*(યોગાનુયોગે મુંબઈના અંગ્રેજી વર્તમાનપત્ર મુંબઈ મીરરમાં ૩૧ જુલાઈ ૨૦૧૮ના ઉપરોક્ત લેખની મોટા ભાગની હકીકતોને સમાવેશ કરતો લેખ "Virchand Dharamsey The unschooled historian" શીર્ષક હેઠળ પ્રગટ થયો હતો.)*

*(નિરીક્ષકમાંથી સાભાર)*

*(૧૩ મે ૨૦૧૮, રવિવારના નવભારત ટાઈમ્સ, મુંબઈમાં પ્રગટ થયેલ શ્રી વિજય કુમાર લિખિત હિન્દી લેખનો અનુવાદ : અભિજિત વ્યાસ)*

---

## ધર્મ સંદેશ - ૧૨૬





રચયિતા: **જયકાંત મોતા**
ઘાટકોપર (તેરા)
૯૮૧૯૬ ૨૮૩૮૨

**આડી ચાવીઓ -**

[૧] ૧૦૮ પાર્શ્વનાથમાંના એક (૩); [૨] આબુમાં એમના પ્રભુના ગોખલા છે (૬); [૬] ચાર પ્રતિમા નું ઝૂમખું, — મુખજી (૧); [૭] જિનાલયના મુખ્ય ભગવાન (૫); [૮] આદીનાથના — પુત્રો હતા (૧); [૯] —ના માથી ધર્મગુરૂઓને વંદન કરો (૨); [૧૦] આનો ગુણ કેળવો (૨); [૧૩] ગૌતમ સ્વામીએ રચેલ સૂત્ર (૬); [૧૫] વીસ વિહરમાન માંના ૧૯માં તિર્થંકર (૪); [૧૭] ઉપરા ઉપરી —ઉપવાસ એટલે છઠ (૧); [૧૮] આપણે મોક્ષ — ધર્મ કરીએ (૩); [૨૦] સતારા પાસે આવેલઆ ગામમાં સુંદર જિનાલય (૪); [૨૨] જ્યાં બાળકોને ઉત્તમ સંસ્કારોનું સિંચન થાય (૪); [૨૩] એક તપ (૫); [૨૫] એક કષાય (૨); [૨૬] પ્રભુની પ્રથમ પુજા આનાથી થાય (૩); [૨૭] ધર્મની — સમજ ગુરૂદેવો પાસેથી જ મળે (૨); [૨૮] રાજસ્થાન નું એક પાર્શ્વનાથનું તીર્થ (૩); [૨૯] — નો લોચ થાય (૨);

**ઊભી ચાવીઓ -**

[૧] આ અનંતજીવ છે (૪); [૩] સવારનું પ્રતિક્રમણ (૨); [૪] —ના કુળમાં ચોર હોય એનો ધર્મ સાથે કોઈ મેળ ના હોય (૨); [૫] ૧૦૮ પાર્શ્વનાથમાંના એક (૫); [૯] શાંતિનાથ ભગવાન નું એક તીર્થ (૩); [૧૦] ગુજરાતમાં દરીયા કિનારે સરસ મજાનું જિનાલય છે (૩); [૧૧] સિધ્ધ ભગવાનની આરાધના આ ધાન્યથી થાય (૨); [૧૨] — ચાર પ્રકારના હોય છે (૨); [૧૪] પાયધુની ઉપર આવેલ — નું જિનાલય (૪); [૧૫] વીસ વિહરમાનમાંના પાંચમા સુજાત તીર્થંકરના પિતા (૪); [૧૬] આનો દુરઉપયોગ એટલે પાપને આમંત્રણ (૨); [૧૮] પવિત્ર (૩); [૧૯] પ્રભુ પાપીને — ભણાવે જ છે (૨); [૨૦] દેરાસરનું એક ઉપકરણ (૪); [૨૨] ગુજરાતનું મહાવીર સ્વામીનું એક તીર્થ (૪); [૨૪] રાજસ્થાનમાં આવેલ ચિંતામણી પાર્શ્વનાથ નું એક તીર્થ (૩); [૨૫] — આ પાપનો નાશ થાય (૨); [૨૬] ધર્મ કહે છે —થી નહી પણ કળથી કામ લો (૨); [૨૭] દાન ના ક્ષેત્રો કેટલા? (૨)

**(ઉકેલ અન્યત્ર)**

## આરોગ્ય પ્રકાશ : આરોગ્ય માટે ઉપયોગી માહિતી - ભાગ ૨

- **ડૉ. વીરચંદ લખમશી નાગડા,** M.B.B.S. (Bom), **મુલુંડ, M : 09757303562 / 07069621931**

**૬. તજ અને શરીરની ચરબી :** શરીરમાંથી વધારાની ચરબી ઘટાડવા તજનો ટુકડો ચૂસતા રહેવું જોઈએ એમ ભારતના પૌરાણિક ગ્રંથોમાં લખ્યું છે આજ વાત હાલ અમેરિકાની યુનિર્વસીટી ઑફ મીશીગનના વૈજ્ઞાનીકોએ તારવા છે. સિનેમાલ્ડિહાઈડ તરીકે જાણીતું ખાસ ઉદયનશીલ ઘટક, એસેન્શીયલ ઑઈલ તજમાં હોય છે, જે તેને વિશિષ્ટ ફ્લેવર આપે છે. આ ઑઈલ મેટાબોલીઝમ (ચયાપચય)માં બદલાવ લાવવામાં મહત્વનો ભાગ ભજવે છે. એડિયોસાઈટ્સ તરીકે શરીરમાં ભરાઈ રહેલા ચરબીના કોષોને બાળીને શરીરમાં ગરમી પેદા કરવાનું કામ તજ કરે છે. 'મેટાબોલીઝમ' નામની જરનલમાં છપાયેલ અભ્યાસ મુજબ તજની હાજરીથી શરીરમાં મેટાબોલીઝમમાં મહત્વનો ભાગ ભજવતાં બે પ્રોટીન પેદા થાય છે. શરીરમાં સાધારણ રીતે વધારાની એનર્જી ચરબીરૂપે સંગ્રહ થાય છે. તજ આ ચરબીના કોષોને એનર્જીમાં રૂપાંતરીત કરવાની પ્રક્રીયાની પહેલ કરે છે. શરીરની ચરબી ઘટાડવા માટે રોજ ૧ નાની ચમચી થી શરૂ કરી ૧ મોટી ચમચી સુધી (પોતાની પ્રકૃતિ મુજબ) તજ પાવડર ખાવું જોઈએ કે ખોરાકમાં લેવું જોઈએ. (તજના આ પ્રયોગ સાથે બેઠાડુ જીવન ત્યજવુ, કસરત આસન અને ચાલવાનું ઉમેરો, (Salt) અને સાકર નો ઉપયોગ શક્ય તેટલું ઘટાડો.)

* ''જાડાપણું અને તેના આર્યુવેદિક તેમજ આધુનિક ઉપાય'' માટે વાંચો Online પ્રકાશ સમીક્ષા 16 May થી 22 May 2016.

**૭. મીઠું** (Salt) **:** મીઠું એ સાકર મેંદાની જેમ સફેદ ઝેર છે. જેમને હાઈ બી.પી. અને હાર્ટની તકલીફ હોય છે એમને ડૉક્ટર મીઠું બંધ કરવાનું કહે છે. (Salt free diet) ગમે તેવું પ્રેશર હોય મીઠું એકદમ બંધ કરવાનું નથી. રસોઈમાં મીઠું ન હોય તો તે સ્વાદ વગરની લાગે અને મીઠું શરીરને જરૂરી છે. તેના દ્વારા શરીરની ઘણી ક્રિયાઓ થાય છે. મુંબઈ જેવા શહેરોમાં પસીનો ખૂબ થાય છે. ઉનાળામાં તો ગામડામાં રહેનારને પણ થાય જ છે. પસીનો બે પ્રકારનો હોય છે, દેખાય એવો અને ન દેખાય એવો. ઘણીવાર આપણને ખ્યાલ પણ નથી આવતો પણ શરીરમાંથી પસીનો નીકળતો હોય છે. પસીનામાં શરીરમાં રહેલું મીઠું (Nacl - સોડિયમ અને ક્લોરાઈડ) બહાર નીકળે છે. આખા દિવસ માં આસરે ૧ થી ૧½ લીટર પસીનો નીકળે છે. આ મીઠાની ખોટ પૂરવા માટે આપણે રોજનું ઓછામાં ઓછું ૫ ગ્રામ (૧ ચમચી) મીઠું લેવું જ જોઈએ. સોડિયમ અને ક્લોરાઈની ટેસ્ટ કરવાથી આ તત્ત્વો એટલે મીઠું શરીરમાં પ્રમાણસર છે કે નહિં તેની ખબર પડે. ડૉ. દિગંબર નાઈક પોતાના દર્દીઓનું હાલ બે વર્ષમાં ચેકીંગ કરાવ્યું તેમાં મોટા ભાગના દર્દીઓમાં મીઠું ઓછું જણાયું. મીઠું ઓછું હોય તો માથું દુખે, અસંગત બોલવાનું શરૂ થાય. ફીટ આવે કે દર્દી બેશુધ્ધ પણ થઈ શકે. પરંતુ ધ્યાન રાખો કે મીઠાનું વધુ પ્રમાણમાં ઉપયોગ પણ નુકશાનકારક છે. બ્લડ પ્રેશર વધે છે; વાળ જલ્દી સફેદ થાય છે; હાર્ટ-કીડની પર બોજો વધે છે. અથાણા, પાપડ, ફરસાણ, ખારાશીંગ, ધાણાદાળ વગેરેમાં મીઠાનું પ્રમાણ વધારે જ હોય છે.

**૮. શાકાહાર :** હાલમાં શાકભાજીનો આહારમાં વધુ ઉપયોગ (ખાસ કરીને વગર રાંધેલા) નો પ્રચાર વધુ થાય છે પણ તેને બદલે અન્નઆહાર એટલે કે જુવાર બાજરી ઘઉં ચોખા જેવા આખા અનાજ, મગ, મઠ, વાલ, વટાણા જેવા કઠોળ અને ઘી, તેમલ, માખણ, છાસ, દહીં, ગોળ, મસાલા, ટોપરું, શીંગદાણા, તલ, ગરમ તેજાના વગેરેનો ઉપયોગ કરવો આરોગ્યદાયી છે. આખા અનાજ અને કઠોળમાંથી ફાયબર મળી રહે છે. આર્યુવેદ માને છે કે મોટા ભાગના શાક પચવામાં ભારે, આફરો કરનાર, ગૅસ અને વધુ મળ ઉત્પન્ન કરનાર છે. આર્યુવેદના મતે જીવંતી (ડોડી), લીલા વટાણા, મૂળાની ભાજી, બ્રાહ્મી, પુનર્નવા (સાટોડી), તાંદડજો, પાલકની ભાજી વગેરે શ્રેષ્ઠ શાક છે. 'ભાવપ્રકાશ નિઘંટુ' (આર્યુવેદનું પુસ્તક)માં શાક વિશે લખ્યું છે કે શાકના વધુ સેવનથી હાડકા નબળા પડી જાય છે. શરીરનો વર્ણ ખરાબ થાય છે, આંખોનું તેજ ઘટે છે. લોહી અને વીર્યને હાની પહોંચે છે. બુદ્ધિ મંદ થાય છે. સ્મૃતિનો ધ્વંશ થાય છે. વાળ સફેદ થાય છે. શાકને કાપવા, બાફવા, છોલવાથી, વારંવાર હલાવવાથી, સોડા નાખી રાંધવાથી, વારંવાર ગરમ કરવાથી એનાં સત્વો ઘણા ઓછા થઈ જાય છે. શાક થોડા ખાવા હોય તો પણ તેમાં રાઈ, મેથી, હીંગ, જીરું તેલ વગેરેનો વધાર કરી, સુપાચ્ય અને ગૅસ ન કરે તેવા બનાવી ખાવા જોઈએ. કાચા તો નહીંજ. મેદસ્વી, માંદા માટે શાક-આહાર થોડું હિતકારક હોય પણ તંદુરસ્ત શ્રમજીવી અને અન્ન-આહારી વ્યક્તિ માટે કાચો શાક-આહાર તદન્ન બિનજરૂરી અને ક્યારેક હાનિકારક બની શકે. શાકભાજી ખાવા હોય તો શ્રેષ્ઠ રીત એનો સુપ બનાવી એટલે કે બાફી તેને ગાળીને લેવો જેથી ઉપયોગી તત્ત્વો સુપમાં સચવાઈ

રહે. અન્ન આહારી હશો તો અન્ન માંથી રેષા મળી રહેશે અને સુપમાં ઉપયોગી તત્વો મળી રહેશે. સુપને પણ વધાર કરી વાતહર બનાવવું આરોગ્યદાયી. આધુનિક પોષણ-શાસ્ત્રની દૃષ્ટિએ પણ અન્ન-આહાર જ શ્રેષ્ઠ છે. શાકભાજીને આરોગ્યનો આધાર માનવાની જે ભૂલ આપણે પશ્ચિમી અસર હેઠળ કરી રહ્યા છીએ તે બાબત સાવધાન થવાની જરૂર છે. પશ્ચિમના દેશોમાં સ્થૂળતાનું પ્રમાણ ધીમે ધીમે વધતું જ જાય છે અને તે માટે ત્યાંના વૈજ્ઞાનીકોએ જાહેર કર્યું કે ઓછી કેલરીવાળો ખોરાક ખાવ અને ફાયબરનું પ્રમાણ વધારો. ફાયબર ખરાબ છે એમ નહિં પણ શાકના ફાયબર પચી શકે તેવા નથી. જ્યારે અનાજ કઠોળમાં રહેલા ફાયબર પચી શકે છે. આમ બાફેલા શાક અને અન્ન આહાર શ્રેષ્ઠ છે.

**૯. મોસંબી :** ભારતમાં પહેલીવાર મોઝાંબીક ટાપુ પરથી આવેલ આ ફળ મોસંબી તરીકે ઓળખાયું. તેની ત્રણ જાત છે. નેવલ, જમૈકા અને માલ્ટા. તેમાં નેવલ (અમેરીકન જાત) સૌથી ઉત્તમ છે. મોસંબી એકાદ મહીનો બગડ્યા વિના સચવાઈ રહે છે પણ હમણાં કોલ્ડસ્ટોરેજમાં તેનાથી વધુ સમય જળવાય છે. લીંબુ કરતાં અનેકગણું ફાયદાકારક છે. તે બિમાર માટે ઉત્તમ પોષક ફળ છે. મોસંબીનો રસ અનેક દર્દો મટાડે છે. તેના ફૂલ અને છાલમાંથી સુગંધી તેલ અને એસન્સ બનાવાય છે. તેના અર્ક સાબુ, પીણા અને દારૂમાં નંખાય છે. પાચનની તકલીફવાળાએ રોજ મોસંબીના રસમાં મરી કે આદુનો રસ ઉમેરી પીવું. કાંઈપણ કામ કરતાં થાક લાગે તો કામના કલાકો વચ્ચે કે રીસેસમાં મોસંબીના રસનો એક ગ્લાસ રોજ પીવો. દરરોજ એક બે મોસંબી ચાવીને ખાવાથી દાંત મજબુત બને છે. દરરોજ મોસંબીનો રસ પીવાથી શરીરમાં શક્તિ, સ્ફૂર્તિ અને કાંતિની ઝડપથી વૃદ્ધિ થાય છે. ઑપરેશન પછી રોજ મોસંબીનો રસ પીવાથી જલ્દી શક્તિ, સ્ફૂર્તિ મળે છે. એમાં કાર્બોહાઈડ્રેટ ૧૦.૯%, પ્રોટીન ૧.૫%, લોહતત્ત્વ ૦.૩ મી. ગ્રા., વિટામીન સી ૬૩ મી. ગ્રા. અને પાણી ૮૪.૬% દર ૧૦૦ ગ્રામ દીઠ હોય છે. મોસંબી ઠંડી અને ભારે હોઈ, કફ-શરદીની તકલીફવાળાએ તેનો ઉપયોગ કરતી વખતે તેને સહેજ હુંફાળું કરવું અથવા તેમાં આદુનો રસ ઉમેરવું. આમ અશક્ત અને બિમાર માણસ માટે આ ઉત્તમ ફળ છે.

**૧૦. શવાશન :** સૌથી સરળ અને સૌને ગમે તેવું આસન. જમીન પર સુઈ બન્ને હાથ બાજુપર રાખી, હથેળી ચત્તી રાખવી. શરીરને એકદમ ઢીલું કરી નાખવું. પગને એક બીજાથી દોઢ ફૂટના અંતરે રાખવા, આંખ બંદ રાખવી. કોઈપણ અંગને હલાવવું નહિં, શ્વાસોશ્વવાસ નોર્મલ રાખવા, મગજ સજાગ રાખવું, શરીરને અને મનને ઢીલા કરવા, પગથી લઈને માથા સુધી દરેક અંગને ઢીલા (રીલૅક્સ) થવાનો ઑર્ડર આપવો, કે વિચાર કરવા. પગની આંગળીઓ, પંજો ઢીલો થાય છે. એમ વિચાર કરવો કે રીલૅક્સનો ઑર્ડર આપવો; ઘૂંટી ઢીલી થાય; પીંડી ઢીલી થાય છે આમ ઉપર ઉપર જતાં માથા સુધી દરેક અંગને રીલૅક્સ થવાનો ઑર્ડર આપવો. શ્વાસ પર ધ્યાન કેન્દ્રીત કરવું જેથી શરીર અને મન ઢીલા થશે, શિથિલ થશે. જેટલો સમય સુધી થઈ શકે તેટલો સમય કરવો. બીજા આસનોથી શરીર થાકે ત્યારે આ આસન કરવું અને ઉંઘતાં પહેલાં ખાસ કરવું. હૃદયરોગ, હાઈ બી.પી. કે માનસિક તાણ અનુભવતી વ્યક્તિઓ માટે આ આસન ખૂબ જ ઉપયોગી છે. આ આસનમાં ઓશિકા વિના સુવાથી ગુરુત્વાકર્ષણને લીધે લોહી શરીરના પાછળના ભાગને વધુ મળે છે. નાના મગજ, કરોડ રજ્જુના મણકાઓ, પગની પીંડીઓ, હાથપગની પાછળની નસો વગેરેને લોહીનો પૂરતો પૂરવઠો મળે છે. ૧૦ થી ૧૫ મિનિટ આ આસન કર્યા પછી હાથપગની આંગળીઓનું હલનચલન કરવું. પછી ડાબે અને જમણે પડખે થવું પછી હાથ લાંબા કરી આળસ મરોડવું પછી ધીમેથી બેઠા થવું. ઝટકી મારીને ઉભા ન થવું.

## શ્રી કે.ડી.ઓ. જૈન જશાપર મહાજન

### શ્રી જશાપર ગામની મીટીંગ

જય જિનેન્દ્ર,

જશાપર ગામવાસીઓની સર્વસાધારણ જનરલ મીટીંગ **તા. ૨૬-૮-૨૦૧૮ને વાર રવિવારના સમય ૪ થી ૮ વાગ્યાસુધી** આવેલ છે. સર્વે ગામવાસીઓને પધારવા વિનંતી.

**-: કાર્યસુચિ :-**

૧) ગત વર્ષ મીનીટનું વાંચન અને બહાલી.
૨) ૨૦૧૭-૨૦૧૮ વર્ષના હિસાબની રજુઆત.
૩) શૈક્ષણિક સહાયતા અને સરસ્વતી સન્માન.
૪) પ્રમુખ શ્રીની મંજુરી અને રજુઆત.
૫) નવા બંધારણ વીશે ચર્ચા.

**સ્થળ : વીરજી જીવરાજ મેપાણી હૉલ,**
''દેવપૂંજ'' વાલજી લધા રોડ, મુલુંડ (વેસ્ટ),
મુંબઇ-૪૦૦ ૦૮૦.

**લી. શ્રી કે.ડી.ઓ. જૈન જશાપર મહાજન**

જ્ઞાતિને સ્પર્શતા સમાચારો ટૂંકમાં પાનાની એક બાજુએ સારા અક્ષરે કાર્યક્રમ પૂર્ણ થાય કે તરત લખી મોકલવા વિનંતી.

**શ્રી હંસકુમાર ભવાનજી અરજણ ખીમજી આગામી સંમેલનના મુખ્ય દાતા સ્વીકૃત થયા**

સમસ્ત મહાજનના ટ્રસ્ટ બોર્ડની તા. ૫-૮-૨૦૧૮ની સભામાં ટ્રસ્ટી શ્રીમતી માલતી હરીશ ધરમશીએ આપેલું રાજીનામું સ્વીકારાયું હતું અને તેમની જગ્યાએ શ્રી હંસ બી. ખીમજીની સર્વાનુમતે નિમણુંક થઇ હતી.

આ પછી તે જ દિવસે સમસ્ત મહાજને નીમેલ વરિષ્ઠ સમિતિની એક સભામાં ટ્રસ્ટ બોર્ડે જાહેર કરેલ આર્થિક આયોજનની યોજના અંતર્ગત શ્રી હંસ ખીમજીએ સંમેલનના મુખ્ય લાભાર્થી તરિકેની જવાબદારી સ્વીકારી હતી.

**'મહારાષ્ટ્ર એકમે' ૪૦ વર્ષ પૂર્ણ કર્યાં**

આપણી જ્ઞાતિનું દ્વિતીય સંમેલન ૧૯૭૯માં હુબલીમાં યોજાયું તેની પૂર્વભૂમિકાની નિર્મિતી દરમ્યાન જ્ઞાતિ વસતીના વિવિધ વિસ્તારોને એકત્ર-સંકલિત કરતા પાંચ એકમો રચાયા હતા, જેમાંના એક એવા મહારાષ્ટ્ર એકમની સ્થાપના જલગામ મુકામે ૧૩-૮-૧૯૭૮ના થઇ હતી. ''પ્રકાશ-સમીક્ષા'' મહારાષ્ટ્ર એકમના સર્વ ભૂતપૂર્વ અને વર્તમાન પદાધિકારીઓ, કાર્યકરો અને જ્ઞાતિજનો તેમજ મહારાષ્ટ્ર એકમના મહિલા મંચનું અભિવાદન કરે છે અને ભવિષ્યની ઉત્તરોત્તર પ્રગતિ માટે શુભેચ્છાઓ પાઠવે છે. **– પ્રકાશ સમીક્ષા સમિતિ**

**જાહેરાત આપનારાઓને નિવેદન :** પ્રકાશ સમીક્ષામાં જાહેરાતની મેટર ટપાલ કે ઈમેઈલ દ્વારા મોકલાવતી વખતે એક જવાબદાર વ્યક્તિનો મો. નંબર મોકલવો જેથી આવશ્યક હોય ત્યારે સંપર્ક સાધી શકાય.

# શ્રી ક.દ.ઓ. વિદ્યાર્થી સંઘ

તરફથી **૨૨ જુલાઇ ૨૦૧૮ના રવિવારના ઇન્ટીગ્રેટેડ સેમિનાર**નું આયોજન ફ્રેંડસ એકેડેમી, મુલુંડ મુકામે કરવામાં આવ્યું હતું.

કાર્યક્રમની શરૂઆત બપોરે ૨.૩૦ વાગે વિદ્યાર્થી સંઘના કાર્યકર્તા કુ. સિધ્ધિ અને કુ. વિધિ દ્વારા નવકાર મહામંત્રના સ્મરણ સાથ સ્પીકર શ્રીમતી કીર્તિદાબેન મેકાણી, સ્પીકર શ્રી નિલેશભાઇ વીકમશી, ગેસ્ટ શ્રી કમલેશભાઇ વીકમશી, દાતાશ્રી હિરાચંદભાઇ દંડ અને મનોજભાઇ લોડાયા અને પ્રમુખશ્રી હેમીલ જયેશ દંડ દ્વારા દીપ પ્રાગટ્યન કરીને થઇ.

આ સેમિનારમાં શ્રીમતી કિર્તિદાબેન મેકાણી (સિંગાપોર) અને શ્રી નિલેશભાઇ વીકમશી (ફોર્મર પ્રેસિડેન્ટ ઓફ ઇન્સ્ટિટ્યૂટ ઓફ ચાર્ટર્ડ અકાઉન્ટન્ટ ઓફ ઇન્ડિયા)એ યુવાનોને **ક્રાફટીંગ યોર પર્સનલ બ્રાન્ડ, ઇન્ટરવ્યૂ સ્કીલ, રેઝ્યુંમ બનાવવું, લાઇફ ગોલ્સ** જેવા વિવિધ વિષયો પર પી.પી.ટી. દ્વારા શિખામણ આપી. યુવાનોને **સ્પેશલ રાઉન્ડન્ટેબલની સીટીંગ** અરેંજમેન્ટમાં બેસાડવામાં આવ્યા હતા. સેશન બાદ યુવાનોના સવાલો ના ઉકેલ માટે ક્યુ એન્ડ એ કાર્યક્રમનો લાભ લીધો. સ્પીકર્સ શ્રીમતી કીર્તિદાબેન અને શ્રી નિલેશભાઇનું સન્માન કરવામાં આવ્યું. સાથેજ દાતાશ્રીઓનું પણ બહુમાન કરવામાં આવ્યું. કાર્યક્રમ બાદ અલ્પાહારની વ્યવસ્થા પણ કરવામાં આવી હતી.

આ કાર્યક્રમના દાતાશ્રીઓ માતુશ્રી પુષ્પાબેન દામજી લોડાયા (હસ્તે : મનોજભાઇ), માસ્ટર વિહાન દંડ, ધનલક્ષ્મી ટ્રેડિંગ કું. (હસ્તે : પુનશીભાઇ), શ્રી દેવચંદ ધરમશી, શ્રી વિક્રમ નાગડા, શ્રી વસંતભાઇ વિકમશી અને એક સદ્‌ગૃહસ્થ પરિવાર હતા.

આ કાર્યક્રમને સફળ બનાવવા વિદ્યાર્થી સંઘના પ્રમુખ શ્રી હેમીલ દંડના નેતૃત્વમાં ઉપ-પ્રમુખ શ્રી ઊર્મિન લોડાયા, માનદ-મંત્રી કુ. એકતા લોડાયા, સહ માનદ-મંત્રીઓ કુ. લબ્ધી લોડાયા અને શ્રી શુભમ લાપસીયા, માનદ કોષાધ્યક્ષ રૂષભ પોલડીયા, સહ માનદ કોષાધ્યક્ષ શ્રી પ્રિન્સ ધરમશી અને કુ. શ્રૃષ્ટી લોડાયા, કમિટી મેમ્બર્સ મીત મૈશેરી, અશ્વિન લોડાયા અને ચિરાગ લોડાયા અને કોંટેક્ટ મેમ્બર્સ ધનિષ્ઠા ધરમશી, ડિમ્પલ જીવાણી, ઇશીતા છેડા, હર્ષિતા પોલડીયા, હેતલ લોડાયા, ક્રિના નાગડા, નિશિતા દંડ, નિતિ મૈશેરી, સાક્ષી મોતા, સિધ્ધિ લોડાયા, ઉર્વી લોડાયા, વિધિ છેડા, ભવ્ય દંડ, ધર્મીલ મૈશેરી, ધર્મીલ નાગડા, ગૌતમ સ. લોડાયા, ગૌતમ ઉ. લોડાયા, જૈનમ નાગડા, હર્ષિત દંડ, હિત દંડ, મોહિત લાપસીયા, પૂર્વેશ લોડાયા, સ્મિત લોડાયા, શ્રુત દંડ, ઉજ્જવલ લોડાયા, ઉર્વેશ છેડા, વંદન ધરમશી, અને વિપુલ સોનીએ ભારી જહેમત ઉઠાવી.

## શીઘ્રકવિ શ્રી લહેરચંદ મૈશેરીના પ્રથમ પુસ્તક ''લહેરીની લહેર'' સદ્ગુરૂની મહેર

ગોરેગાંવમાં પૂ. મુનીરાજ શ્રી ઉદયરત્ન સા.મ.સા. અને પૂ. મુનીરાજ ગુણવલ્લસાગરજી મ.સા.ની નીશ્રામાં અચલગચ્છ જૈન સંઘ ગોરેગાંવ હસ્તક પૂ. મુનીરાજ શ્રી સર્વોદયસાગરજી મ.સા. ની પ્રથમ પુણ્યતીથીએ ત્ર્યાન્હિકા મહોત્સવે અ.ભા. અચલગચ્છ વિધીપક્ષ જૈન સંઘ ક.દ.ઓ. જૈન જ્ઞાતિ મહાજન મુંબઇ અને બૃહદ મુંબઇના સંખ્યાબંધ સંઘોના પદાધિકારીઓની ઉપસ્થિતીમાં સંગીત અને ગીતોની રમઝટ વચ્ચે ભારી ઉમળકે. શ્રી સોમચંદભાઇ લોડાયા આરીખાણા, લક્ષ્મીચંદ લાલજી પોલડીયાના હાથે તાળીઓના ગળગળાટે વિમોચન થયું. સંબંધીઓ શુભેચ્છકો સાથે કલ્પેશભાઇ મોતા, ચીમનભાઇ મોતા, કુમારભાઇ દંડ પ્રવીણભાઇ લોડાયા, કમલેશ શિયાળ, મનોજભાઇ લોડાયા અને ભાંડુપ સંઘના સભ્યો પધારી. શુભેચ્છાઓ અર્પી. અનંતનાથ ટ્રસ્ટના ટ્રસ્ટી અને મહાજનશ્રીના પ્રમુખ શ્રી કલ્પેશભાઇ મોતાએ પુસ્તકના પ્રકાશક ''શ્રી સારિત્રરત્ન ફાઉન્ડેશન ચેરીટેબલ ટ્રસ્ટ''ને લહેરચંદભાઇની ૭૮ વરસની ઉમર જેટલા રૂા. ૭૮૦૦૦/- અને પ્રસંગને અનુરૂપ વધુ રકમ ઉમેરીને રૂા. દોઢ લાખ જ્ઞાતિ ઇતિહાસના પ્રકાશન માટે જાહેર કર્યા. ભાંડૂપના ચારૂ સંસ્કાર સામાયિક મંડળના શ્રી નયના નરેશ મૈશેરી, શ્રી વીણા જવેરચંદ પીર, મનોજ લોડાયા. રસોડામાં એકાસણાં તપસ્વીઓની વૈયાવચ્ચ કરતા અનીતા યોગેશ પટેલ આદી સૌ બહેનોએ પણ બહુમાન કર્યું. જ્ઞાનેશ લાપસીયાએ સભામાં અનુમોદના કરી. ગુણવલ્લભસાગરસૂરીશ્વરજી મ.સા.એ અનુમોદનીય વાક્યોએ ભાવનો અભિષેક કર્યો. ૫૫૦ જણાંએ સ્વામી ભક્તિનો લાભ આપ્યો.

## કુળદેવી અંબાઇ માંજી અસીમ કૃપા...

સિંહ તે સવારી, સિંહ તે સવારી
ઇજ પાંજીમાં, ઇજ અંબાઇમાં
ખોના કુળજી ગૌરવવંતી મિટ્ઠી મિટ્ઠીમાં
ઇજ પાંજીમાં, ઇજ અંબાઇમાં
ઇત શોભેં સુથરી તીરથ ધામ... ઇજ
ધિલસેં ભાવીંક ભનાયો મંદિર... ઇજ
પુનઃસ્થાપનાને ભાવેં ક્યોં હવન...ઇજ
ઠેક ઠેકાણેથી ભાવિક સચેં જાય...ઇજ
ભાવેં નમે ભાવિકને ગિને આશીર્વાદ...ઇજ
માડી આશીષ ડીજા ધિલસેં નકજા ભુલચુક માફ... ઇજ
નમીજામીને રશ્મિન ચેતો, કરીજા ભલો મિણજોમાં...ઇજ

**- રશ્મિન ખોના** (મુંબઇ)

## શ્રી ક.દ.ઓ. મંડળ ડોંબિવલી સાંસ્કૃતિક કાર્યક્રમ

શ્રી ક.દ.ઓ. મંડળ ડોંબિવલી દ્વારા ૧૨-૮-૨૦૧૮ના બાળવર્ગથી વડીલો સુધીના દરેક ગ્રુપો માટે (ચીત્રકળા, નિબંધ લેખન, સ્મૃતિ, એક મિનિટ, વેસ્ટમાંથી બેસ્ટ, પ્રશ્ન મંચ, નેલ આર્ટ, ગહુંલી અને ધાર્મિક અંતાક્ષરીસહ પ્રશ્નોતરી) વિવિધ સાંસ્કૃતિક હરીફાઇઓનું આયોજન કરવામાં આવ્યું હતું.

સાંસ્કૃતિક કાર્યક્રમમાં પહેલા, બીજા ક્રમાંક માટે તેમજ પ્રોત્સાહીત ઇનામો મહાનુભાવો, જ્ઞાતિજનો અને મંડળના સભ્યો દ્વારા આપવામાં આવ્યા હતા. જે ભાગ્યશાળીઓના ઇનામો બાકી હોય તેમણે મંડળના સમયે મંડળના કાર્યાલયમાંથી મેળવી લેવા નમ્ર વિનંતી.

સાંસ્કૃતિક કાર્યક્રમનું સંપૂર્ણ સંચાલન તેમજ આભાર વિધી મંડળના માનંદમંત્રી શ્રી મહેન્દ્ર મેઘજી મોતા (વારાપધર)એ કરી હતી. મંડળના સર્વે સભ્યો શ્રી હેમંત ધુલ્લા, શ્રી ભુપેન્દ્ર ડાઘા, શ્રી મહેન્દ્ર મોતા, શ્રી વિશ્વજીત લોડાયા, શ્રી મનોજ ખોના, શ્રી પ્રજ્ઞેશ નાગડા, શ્રી મુકેશ વિકમશી, શ્રી ચેતન નાગડા, શ્રી મુકેશ શિયાડ, શ્રી પ્રફુલ નાગડા, શ્રી સંજય નાગડા, શ્રી ગીરીશ નાગડા, શ્રીમતી ભાવનાબેન મોમાયા, શ્રીમતી જીજ્ઞાબેન છેડા, શ્રી નીલેશ મૈશેરી, શ્રી વિપુલ મોમાયા અને કલ્પેશ ધરમશીના સહયોગે વ્યવસ્થા કરી હતી.


**સેલ ૧૦% થી ૫૦% સેલ**

**ગીરીશ ગાલા - ઘાટકોપર - હેમન ગાલા પ્રેઝન્ટસ**

- ટ્રેડીશનલ કસબ - જીક - જરી તાર વર્ક સાડી
- હેન્ડ વર્ક - પારસી, બટકસબ, જરદોશી સાડી
- એથનીક સેલા, ફેન્સી પટોડા
- એક્સકલુસીવ બાંધણી - સાડી - ચણીયા ચોલી
- પીટા વર્કની સાડી - ચણીયા ચોલી
- જરી વર્ક - ગોટા વર્ક તથા રેશમ વર્કના ચણીયા ચોલીનો ભરપુર ખજાનો લેવા જરૂરથી પધારો

**નારી ફેશન**

૧૦૨, વિદ્યાવિહાર બીલ્ડીંગ, દેરાસર લેન, ઘાટકોપર (ઈસ્ટ), મુંબઈ-૪૦૦ ૦૭૭. ફોન : 2501 5570 રવિવાર બંધ

## શ્રી જખૌ રત્નટુંક જૈન દેરાસર તથા સાધારણ ફન્ડ ટ્રસ્ટ

પર્યુષણ મહાપર્વની આરાધના કરવા જખૌ પધારવા ભાવભર્યું આમંત્રણ છે. પૂ. સાધ્વી શ્રી આનંદ કિરણાશ્રીજી મ.સા.નું ચોમાસુ મળેલ છે. પર્યુષણ પ્રારંભ ગુરૂવાર ૬-૯-૨૦૧૮ થી ૧૩-૯-૨૦૧૮. નોંધ : મુંબઇ થી ૪-૯-૨૦૧૮ના ટ્રેન નં. ૧૯૧૧૫ સયાજી એક્સપ્રેસ, દાદર થી ભુજ અને વળતાં તા. ૧૫-૯-૨૦૧૮ના સયાજી એક્સપ્રેસ ભુજથી દાદર ટ્રેન નં. ૧૯૧૧૬ પોત પોતાની ટીકીટ કઢાવી મહાજન શ્રીના સેક્રેટરીશ્રી ને જાણ કરવા નમ્ર વિનંતી જેથી વ્યવસ્થા કરવામાં સરળતા રહે.

## શ્રી ક.દ.ઓ. જૈન સંઘ પુના

અષાઢી બીજની ઉજવણી શ્રી પુના સંઘ દ્વારા પુરજોશથી કરાયેલ. શરૂઆત નવકાર મહામંત્રથી માતુશ્રી કાંતાબાઇ લક્ષ્મીચંદ રંતાણીએ કરેલ. મંત્રી સૌ રીટા ભરત ભાટે દ્વારા ગત મિનિટસ તથા અહેવાલનું વાંચન થયેલ. ખજાનચી શ્રી ભાવિન લહેરચંદ પોલડિયા દ્વારા ઓડિટેડ હિસાબ રજુ કરાયેલ. ગત વર્ષ દરમિયાન સંઘમાંથી વિદાય લીધેલ સદગત આત્માઓને શ્રધ્ધાંજલિ અપાયેલ તથા નવા જન્મ, સગપણ લગ્નની માહિતી પી.પી.ટી દ્વારા અપાયેલ જેની તૈયારી ભાવિન પોલડીયા તથા દેવેન્દ્ર પ્રતાપ લોડાયાએ કરેલ. આ વરસે કલ્ચરલ કોઓરડીનેટર્સની જવાબદારી સુપ્રિયા આકાશ લોડાયા તથા અમિત ઝવેરચંદ લોડાયાએ નિભાવેલ.

પ્રારંભમાં સ્વાગત ગીત પછી વિવિધ મનોરંજન કાર્યક્રમોની રજુઆત કરવામાં આવી. શ્રી સંઘ દ્વારા ત્રિવાર્ષિક દાતાઓનું પુણેરી પાઘડી પહેરાવી સન્માન કરાયેલ. જેનું સુંદર સંચાલન સૌ. મીતા પ્રશાંત લાલકાએ કરેલ. છેલ્લા વીસ વરસથી પુના સંઘમાં સેવા આપનાર શ્રી ખુશાલ લાલજી મહેશ્વરીનું શ્રી સંઘ દ્વારા બહુમાન થયું. પ્રમુખશ્રી કિશોર તેજપાલ રતાણી દ્વારા બાળકોને ઇનામ અપાયેલ.

## પારોલા તીર્થ

પારોલા તીર્થમાં ચાતુર્માસાર્થે બિરાજમાન વિદુષી સાધ્વી પૂ. શ્રી પુણ્યગુણાશ્રીજી મ.સા.ના શિષ્યા પૂ. સાધ્વી શ્રી સંયમગુણાશ્રીજી મ.સા.ની નિશ્રામાં ચાતુર્માસી નિત્ય સંકિર્તન, વ્યાખ્યાન, જાપ, જ્ઞાન સાથે ગમત, દર રવીવારે અનુષ્ઠાન તેમજ બહાર ગામથી આવેલ આરાધકોની શાતાપૂર્વક તપશ્ચર્યા થઇ રહી છે.

## સાંયરા તિર્થે ચાતુર્માસ શાનદાર પ્રવેશ

૨૦-૭-૨૦૧૮ પૂ. સા. શ્રી ચારૂપ્રજ્ઞાશ્રીજી મ.સા., પૂ. સા. શ્રી અનંતયશાશ્રીજી મ.સા., પૂ. સા. શ્રી અપૂર્વયશાશ્રીજી મ.સા. તથા પૂ. સા. શ્રી અર્હમયશાશ્રીજી મ.સા. આદિઠાણા ૪ ચારનું વાજતે ગાજતે સામૈયુ કરવામાં આવેલ. જેમાં ઉત્તમભાઇ મોમાયા, પ્રેમચંદભાઇ મોમાયા, જવેરચંદભાઇ લોડાયા, રતીલાલભાઇ ધ્રોળ, રંગત જમાવેલ. પ્રવેશમાં કુલ્લ ૫૦૦ ભાવિકોની સંખ્યા હતી.

ચાતુર્માસ પ્રવેશ ધામધુમપૂર્વક થયા બાદ આરાધનાની વણથંભી યાત્રા શરૂ થઇ ચૂકી છે. ૫-૮-૨૦૧૮ના પૂ. ચારૂલતાશ્રીજી મ.સા.ના શિષ્યા સરળ સ્વભાવિ પૂ. સા. શ્રી ચારૂપ્રજ્ઞાશ્રીજી મ.સા., પૂ. સા. શ્રી અનંતયશાશ્રીજી મ.સા. આદિઠાણા-૪ની શુભનિશ્રામાં માતુશ્રી ગંગાબાઇ લધાભાઇ દેવરાજ મુલજી પટેલ પરિવાર દ્વારા 'નવકાર' ભાષ્ય જાપનું આયોજન કરાયું હતું.

સોનામાં સુગંધ રૂપ પૂ. ચારૂપ્રજ્ઞાશ્રીજી મ.સા.ના સંયમ સુવર્ણ વર્ષની ૬૦ તીથીઓ ગુરૂભક્તો પરિવારજનો દ્વારા જાહેરાઇ કરાઇ સંપૂર્ણ ચાતુર્માસના દાનવીર દાતા માતુશ્રી દમયંતી રતનશી કુંવરજી લોડાયા પરિવાર.

## શ્રી વરાડીયા નગરે ૧૧૬મી ધ્વજા

અબડાસા તાલુકાંના કોઠારાથી ૪ કિ.મી. નાં અંતરે આવેલા વરાડીયા ગામે શ્રી ચિંતામણી પાર્શ્વનાથ પ્રભુજી જિનાલયની ૧૧૬મી વર્ષગાંઠ નિમિત્તે ગામની ૧૦૧ નિયાણી બહેનો વરાડીયા પધારશે. આ પ્રસંગે પૂ. સાધ્વીશ્રી ચારૂપ્રજ્ઞાશ્રીજી મ.સા.ના શિષ્યા હિતચિંતક પૂ. સા. શ્રી અનંતયશાશ્રીજી મ.સા. આદિઠાણાની શુભ પાવન નિશ્રામાં બે દિવસીય કાર્યક્રમોનું આયોજન કરવામાં આવ્યું છે.

ચિંતામણી પાર્શ્વનાથ પ્રભુજીની વર્ષગાંઠ પ્રસંગે ધ્વજારોહણ અઢાર અભિષેક સહિત સંપૂર્ણ લાભ મહાજનશ્રીના આદેશથી વરાડીયા ગામની બહેનોને પ્રાપ્ત થયેલ છે.

વર્ષો પછી વરાડીયા ગામની દેશાવર-મુંબઇ અને કચ્છભરમાંથી ૧૦૧ નિયાણીઓ પોતાની જન્મભૂમી


લગ્નસરાની સાડીઓમાં કેડીઓ જ્ઞાતિનું વિશ્વસનીય નામ

**અવસર સારીઝ**

* સાચી/ટેસ્ટેડ કસબ અને જીંક કસબ સાડીઓ, ચણીયા ચોલી.
* રીયલ/ટેસ્ટેડ ઘરચોળા, બોર્ડરો, પાનેતર, બાંધણીઓ તથા ફેન્સીવર્ક સાડીઓ

૧ રૂપલ અપાર્ટમેંટ, દાદાસાહેબ ફાળકે રોડ, સાધના હોટલની સામે, દાદર (ઈસ્ટ), મુંબઈ-૪૦૦ ૦૧૪. ફોન : 022-24164239
સંપર્ક : દિનેશ દેઢિયા - 92234 25676

માદરેવતન કચ્છ પધારી રહેલ છે, ત્યારે ગામનાં નાકે તેઓનું ભવ્યાતિભવ્ય સ્વાગત કરવામાં આવશે. ધ્વજા મહોત્સવ કાર્યક્રમને સફળ બનાવવા વરાડીયા જૈન સંઘ તથા સર્વે નિયાણી બહેનો જહેમત ઉઠાવી રહેલ છે.

### કોઠારા જૈન પાઠશાળા

શ્રી કોઠારા જૈન પાઠશાળા દ્વારા યાત્રા પ્રવાસ કાર્યક્રમ યોજાયો હતો. વાંકુ, રાપરગઢવારી, આરિખાણા, સાંયરા, જિનાલયોનાં દર્શન તથા પિંગ્લેશ્વર મહાદેવના દર્શન કરી દરિયા કિનારે અલ્પાહાર યોજાયો હતો. યાત્રા દરમ્યાન વિવિધ પ્રભાવનાઓ તથા સંઘપૂજન પણ થયેલ પાઠશાળાનાં શિક્ષીકા તોરલબેન શાહનંદ તથા સર્વે કાર્યકરોએ જહેમત ઉઠાવી હતી.

### શ્રી ક.દ.ઓ. જૈન મહાજન હુબલી

૧૩-૮-૨૦૧૮ના દિવસે ચેન્નાઇ નિવાસી શ્રી પ્રવિણભાઇ ડાઘાના માર્ગદર્શનમાં વિપાશનાની સમજણ આપતાં ધ્યાનનું આયોજન કરવામાં આવેલ. જેનો બહોળા પ્રમાણના જ્ઞાતિ ભાઇ-બહેનો એ લાભ લીધેલ.

૧૪-૮-૨૦૧૮ના કે.ડી.ઓ. યુથ ફોરમ દ્વારા પીવીઆર સિનેમા હૉલમાં ગુજરાતી ચલચિત્ર ચલમન જીતવા જઇએ નું આયોજન કરવામાં આવેલ સમસ્ત કચ્છી-ગુજરાતી પટેલ સમાજના ભાઇ-બહેનોએ ચલચિત્ર જોઇ ખુશ થયા હતા અને સામાજિક ચિત્રની પ્રશંસા કરી.

૧૫મી ઓગસ્ટના શ્રી કે.ડી.ઓ. જૈન અંગ્રેજી માધ્યમ શાળામાં ધ્વજવંદનનો કાર્યક્રમ રાખવામાં આવેલ. મુખ્ય અતિથી તરીકે શ્રી તિલકચંદભાઇ કુંવરજી લોડાયા (રીટાયર્ડ ઇન્કમટેક્ષ અધિકારી) દ્વારા ધ્વજવંદન, વૃક્ષારોપણ તથા ઇનામ વિતરણ. યોજવામાં આવેલ આ પ્રસંગે શાળાના સ્ટાફ એમનો પરિચય આપ્યા હતો. પ્રિન્સીપાલ શ્રીમતી ઉમારાણીએ આભાર વ્યક્ત કરતા અતિથીશ્રીને સાલ ઓઢાળી, પુષ્પગુચ્છ તેમજ મોમેન્ટો અર્પણ કરેલ શ્રી તિલકભાઇએ પ્રત્યુતર આપતાં બાળકો સાથે થોડો સંવાદ કરેલ. આ પ્રસંગે શ્રી ચંદ્રકાંતભાઇ પટેલ, શ્રી વિરેન્દ્રભાઇ છેડા, શ્રી યશપાલભાઇ છેડા, શ્રી ભરતભાઇ લાલકા, શ્રી હીરેનભાઇ છેડા, શ્રી મોહિતભાઇ દંડ તથા શ્રી જયેશભાઇ ખોના હાજર રહ્યા હતા.

### શ્રી કચ્છી જૈન મહિલા મંડળ, ઇન્દોર

શ્રી કચ્છી જૈન સમાજ ઇંદોર આયોજીત મહિલા મંડળ મિટીંગ ૬-૮-૨૦૧૮ના સમાજ ભવન પર રાખવામાં આવેલ. મહિલા મંડળની નવા સત્રની શરૂઆત પણ એ દિવસે થઇ. મિટીંગની થીમ ફ્રેન્ડશીપ ડે પર હતી. મીટીંગમાં મકાઇની મિઠાઇ, ફરસાણ અને ડેકોરેશનની હરિફાઇ રાખવામાં આવેલ. જેમાં ૧૦ થી ૧૨ સહભાગીઓ એ ભાગ લીધેલ. જેમાં મકાઇની મિઠાઇમાં ૧) હેતલ નિમિષ મૈશેરી, ૨) રોહિતાબેન ભુપેનભાઇ શાહને પ્રાઇઝ મળેલ. મકાઇની ફરસાણમાં ૧) ઇન્દિરાબેન લક્ષ્મીચંદભાઇ શાહ, ૨) સરોજબેન દિનેશભાઇ દંડને પ્રાઇઝ મળેલ. મકાઇની ડેકારેશનમાં ૧) મીનલબેન ચંદ્રેશભાઇ ધરમશી, ૨) અરૂણાબેન પારસભાઇ હરિયાને પ્રાઇઝ મળેલ.

### શ્રી મહિલા હિતવર્ધક મંડળ - હુબલી

૧૧-૮-૨૦૧૮ના શ્રી મહિલા હિતવર્ધક મંડળની બહેનોએ ત્રીવેણી સંગમ ઉજવ્યો. અષાઢી બીજ નીમીત્તે કચ્છી ઢબની સાડીઓનો ફેશન શો રાખવામાં આવેલ જેમાં ભાગ લેનાર લગભગ બધાજ મોટી ઉમરના હતા. ત્યારબાદ ૧૫મી ઓગસ્ટના ૭૨મા આઝાદી દિનની ઉજવણી માટે રાષ્ટ્રીય ચીન્હો બનીને આવ્યા હતા કે.ડી.ઓ. મેન્શનના બાળકો. રક્ષાબંધન નીમીત્તે એડીબલ રાખીની હરિફાઇ રાખવામાં આવેલ જેમાં પ્રથમ પારૂલ મીલન ધરમશી, દ્વિતિય મેઘના સચીન લોડાયા તથા તૃતીય સોનલ મીતેષ નાગડા હતા. અલ્પાહારના દાતા હતા. રીમા અવીન ધરમશી અને પ્રભાબેન પુનમચંદ ધરમશી. બેસ્ટ ડ્રેસનાં વીનર ૫૦ની ઉપરના ગ્રુપમાં નીલમ લહેરચંદ મોમાયા હતા અને ૫૦ થી નાની ઉમરમાં અંકીતા સંતોષ લાલકા હતા.

### શ્રી ક.દ.ઓ. જૈન મહાજન - ગદગ

૧૪-૭-૨૦૧૮ને શનિવારના કચ્છી નૂતન વર્ષ નિમિત્તે શ્રી ક.દ.ઓ. જૈન મહાજનશ્રી ગદગ દ્વારા સ્કૂલ માટે ગંદરગી રોડ ઉપર ૧૨ એકર લીધેલ જગ્યાની મુલાકાત તથા ભૂમિ પૂજનનો કાર્યક્રમ યોજવામાં આવેલ. આ પ્રસંગે જગ્યા લેવા માટે મદદરૂપ થયેલ શ્રી હરીશ મુનવર, શ્રી સતીશ લુઠીયા, શ્રી દિનેશચંદ લોડાયા, શ્રી પ્રદિપ ખોના, શ્રી વિપુલ લુઠીયા, શ્રી રવિન્દ્રકુમાર લોડાયા, શ્રી કુમારપાળ લાલકા તથા અન્ય મહાનુભાવોનું મહાજનશ્રીના પદાધિકારી દ્વારા સન્માન કરવામાં આવેલ. ગામવાસીઓ માટે આવતા જતા બસ તથા કારની વ્યવસ્થા કરવામાં


કલા - કસબ અને કલરનો અનોખો સમન્વય
જ્યોતિ
સિલ્ક સાડી એમ્પોરીયમ
Sachi Jari maate real nam
૨૮, ગની મેન્શન, અરોરા થિયેટર પાછળ,
માટુંગા (સે.રે.), કિંગ્સ સર્કલ, મુંબઈ-૪૦૦ ૦૧૯.
Tel.: 2404 3995 / રવિવારે બંધ Sunday Closed
Originally at Zaveri Bazar since 1976

આવેલ. કાર્યક્રમની પૂર્ણાહુતી બાદ શ્રી પાશ્વીર પૂંજાભાઇ તરફથી કાયમી નાડી ગુડી જમણવાર મહાજનશ્રીના હોલમાં રાખવામાં આવેલ.

### શ્રી શંખેશ્વર પારસનાથ જિનાલય - તિરૂપુર

પૂ. ગુરૂવર્ય હેમપ્રભાશ્રીજી મ.સા. કી સુશિષ્યા પૂ. પ્રીયવન્દાશ્રીજી મ.સા. આદી ઠાણા ૬ નું પ્રવેશ તારીખ ૨૨-૭-૨૦૧૮ના શ્રી સુવિધિનાથ જૈન દેરાસરથી થયેલ. બહોળી સંખ્યામાં ભાઇઓ થતા બહેનો ભાગ લીધેલ.

ચાતુર્માસ દરમિયાન રોજ સવારના વ્યાખ્યાન અને બપોરના સ્વાધ્યાય ચાલે છે. દર શનીવાર અને રવિવારના બાળકો અને બહેનો માટે શિબીર ચાલુ છે. ઘણી બધી જુદી જુદી તપસ્યા ચાલુ છે.

### શ્રી કુલપાકજી તીર્થ યાત્રી સંઘ

દર મહિનાના પહેલા રવિવારે કાચીગુડાથી શ્રી કુલપાકજી તીર્થ યાત્રા માટે એક બસની વ્યવસ્થા છે. સાથે સાથે દર મહિનાના ત્રીજા રવિવારે કાચીગુડા થી મેડચલ શ્રી પાર્શ્વનાથ ૭૨ જિનાલય તીર્થ યાત્રા માટે એક બસની વ્યવસ્થા છે. નકરો વ્યક્તિ દીઠ રૂા. ૫૦/- માત્ર છે તથા બસના લાભાર્થી માટે ૫૧૦૦/- નકરો છે. વધુ થી વધુ સંખ્યામાં લાભ લેવા વિનંતી. દર મહિને શ્રી મેડચલ ૭૨ જિનાલય યાત્રા માટે શ્રી સંઘે કાયમી સંઘપતી માટે દર મહિને રૂા. ૨૫૦૦/-ના અનુદાનની યોજના કરી છે.

૩૦-૯-૨૦૧૮ના ચૈત્યપરિપાટીમાં શ્રી મેડચલ ૭૨ જિનાલય તીર્થ ક્ષેત્રે દાતાઓનું સન્માન સમારોહ આયોજીત કરવામાં આવેલ છે.

### જીવન સંધ્યા, ગદગ

છેલ્લા કેટલાક મહિનાઓ દરમ્યાન શ્રીમતી હંસાબેન પુનસી ખોના, ૫૩, રાયચુરની ઇચ્છા પ્રમાણે તેમનું દેહદાન ગદગની હોસ્પિટલમાં કરાયું હતું. શ્રીમતી પ્રમીલાબેન નેમચંદ ધરમશી (મુંબઇ)એ નેત્રદાન કર્યું હતું. ગદગમાં ડોક્ટરોના વર્તુળમાં 'જીવન સંધ્યા'નું નામ સન્માનીય છે.

### જીવન સંધ્યા, ગદગનું નૂતનીકરણ

ગદગ મહાજનના પ્રમુખ શ્રી દીપક ખોનાએ જીવન સંધ્યાનું ટ્રસ્ટીપદ સ્વીકાર્યું છે અને ટ્રસ્ટીઓ શ્રી મહેન્દ્ર વીકમશી અને હરીશ મુનવરે જીવન સંધ્યામાં વસતા આપણા જ્ઞાતિજનોની અને કર્મચારીઓની વ્યક્તિગત મુલાકાત લીધી હતી. ત્યારે બાથરૂમ, બોરવેલ, બગીચો, રસોડું, સ્ટોર રૂમ, વોટર સાફટેનર ઇત્યાદિનું નિરીક્ષણ કરીને યાદી બનાવી હતી. ટ્રસ્ટીઓએ ૩૧ ડિસેમ્બર ૨૦૧૮ પહેલાં જીવન સંધ્યાને શક્યતઃ વધુમાં વધુ સગવડો સાથે નૂતનીકરણ કરવાનો નિર્ધાર કર્યો છે.

### શ્રીમતી સોનલબેન અજય મોમાયા - હુબલી



હુબલીના શ્રીમતી સોનલબેન અજય મોમાયા (મહિલા ઉદ્યોજક)એ 'જીવન સંધ્યા' માટે છાપરાનું અટપટું કામ નિઃશુલ્ક કરી આપ્યું હતું. જે બીજા કોઇ પાસેથી કરાવતાં ૩૦ થી ૪૦ હજારનો ખર્ચ થયો હોત. સોનલબેન પંદરેક વર્ષથી પેબ સ્ટ્રકચરલ ફેબ્રીકેશનના ઉદ્યોગમાં વ્યસ્ત છે. તેમણે અનેક વેરહાઉસ, ઓડીટોરીયમ, લગ્નના હૉલ, શાળાના હૉલ, ઇન્ડસ્ટ્રીયલ શેડ, કાર, શોરૂમ માટે કામ કર્યું છે. તેઓ હુબલીમાં પોલીકાર્બોનેટ શીટ વર્કમાં પ્રણેતા છે. ધારવાડ, ગદગ, બીજાપુરના બસ સ્ટેન્ડ, ધારવાડ હાઇકોર્ટ અને અન્ય ઘણા સ્થળે તેમનું કાર્ય પ્રશંસા પામ્યું છે.

### સમસ્ત મહાજનની મહાસમિતિની સભા

સમસ્ત મહાજનની મહાસમિતિની સભા ૫-૮-૨૦૧૮ના મળી હતી. જેમાં કુલ ૮૨ સભ્યો હાજર રહ્યાં હતાં. સેક્રેટરી જનરલ શ્રી નિશીથ દંડે છેલ્લા ત્રણ મહિનામાં સંસ્થાના સંસ્થાકીય ફેરફાર/સુધારા/કાર્યવાહી બાબત વિસ્તૃત જાણકારી આપી હતી અને પાવર પોઇન્ટ પ્રેઝન્ટેશન દ્વારા હાલમાં થઈ રહેલી ૧૦ કમિટીની કાર્યવાહીઓ પર પ્રકાશ પાડયો હતો અને ડીસેમ્બરના


**શ્રી મહાવીર એમ્બ્રોઈડરી**

રાજ નીકેતન બિલ્ડીંગ, ભંડારકર રોડ,પોસ્ટ ઑફીસની સામે, માટુંગા. ફોન : 2402 5070 / 86522 39537

**સાચી જરીના ઘરચોળા તેમજ સાચી જરીની સાડીઓ સારા ભાવે વેંચાતા લઈશું.**

સોમવાર બંધ


### ધર્મ સંદેશ - ૧૨૬ નો ઉકેલ

આડી ચાવીઓ -
(૧) કંકણ (૨) દેરાણી જેઠાણી (૬) ચૌ (૭) મૂળનાયક (૮) સો (૯) શિશ (૧૦) દયા (૧૩) જગચિંતામણી (૧૫) દેવસન (૧૭) બે (૧૮) પામવા (૨૧) વણી (૨૨) પાઠશાળા (૨૩) નવનિધાન (૨૫) માન (૨૬) બરાસ (૨૭) સાચી (૨૮) નાકોડા (૨૯) વાળ

ઊભી ચાવીઓ -
(૧) કંદમૂળ (૩) રાઇ (૪) જેના (૫) ભયભંજન (૯) શિયાણી (૧૦) દમણ (૧૧) ધઉં (૧૨) દેવ (૧૪) ચિંતામણી (૧૫) દેવસેન (૧૬) સત્તા (૧૮) પાવન (૧૯) પાઠ (૨૦) વાળાકુચી (૨૨) પાનસર (૨૪) નિતોડા (૨૫) મારા (૨૬) બળ (૨૭) સાત

નલીયામાં યોજાનારા જ્ઞાતિના ચતુર્થ સંમેલન બાબતની તૈયારીઓનો ચિતાર આપ્યો હતો અને મહાસમિતિના સભ્યોને ૨૭ વર્ષ પછી જ્ઞાતિ ભેગી થઈ રહી છે ત્યારે જ્ઞાતિના ભવિષ્યને ઉજ્જવળ બનાવવા સંપૂર્ણ સહયોગ આપીને સંમેલનને સફળ બનાવવા હાકલ કરી હતી. જ્ઞાતિમૈયાની પ્રિન્ટ કોપી બનાવીને તેના પ્રકાશનની માહિતી આપી હતી. જે જે ગામોમાં પ્રતિનિધિનાં મરણ થયાં હોય કે ન હોય તે તે ગામના પ્રતિનિધિઓની નિમણુંક મહાસમિતિએ કરી હતી.

### નલીયા બાળાશ્રમ ભૂતપૂર્વ છાત્રો જોગ

આપ સૌને વિદિત છે કે જ્ઞાતિનું આગામી ચતુર્થ સંમેલન નલીયા મધ્યે ડિસેંબર ૨૩-૨૪-૨૫, ૨૦૧૮ના યોજાઈ રહ્યું છે. આના અનુસંધાનમાં આપણા સૌનો એક વોટ્સએપ ગ્રુપ બનાવવાનું વિચારી રહ્યાં છીએ. આપ સૌ મહેરબાની કરી ફોનથી નીચે જણાવેલ વ્યક્તિનો સંપર્ક સાધશોજી. જવેરચંદ આણંદજી ખોના-ગાંધીધામ 9825227319, વીરચંદ પાસ્વીર મૈશેરી-ડોંબિવલી 9833642097, હેમંત (કિશોર) શામજી મોતા-લોનાવલા 93707108991, કિરણ લખમશી મોતા-નલીયા 9925991118, ભરત વેરશી જીવાણી-ડોંબિવલી 9833391313.

### ક્ષતિ સુધાર

- ગતાંકમાં પાના નં. ૧૧ ઉપર આપણી જ્ઞાતિના શ્રેષ્ઠી સુશ્રાવક **હિતેશ માણેકજી મોતા**એ પોતાના પુત્રના લગ્નપ્રસંગે આત્મકલ્યાણક જયણા ધર્મની સર્વાધિક કાળજી રાખવાના સંકલ્પ સાથે તેને અમલમાં મૂકવા શક્યતઃ સર્વ જહેમત લીધી હતી તેની અનુમોદના કરતા લેખના શીર્ષકમાં તેમનું નામ દર્શાવવામાં અમારી ક્ષતિ થઈ હતી તે શરતચૂક બદલ ક્ષમાપ્રાર્થના.
- ગતાંકમાં પાનાં નં ૧૫ ઉપર આપણા જ્ઞાતિ ઈતિહાસ સંશોધક રમેશ મુલજી લોડાયા-ભરૂડીયા-મુલુંડનો 'ધરમશી' ગોત્ર અંગેનો અગાઉ પ્રકાશિત થયેલો લેખ શરતચૂકથી ફરીથી છપાયો છે તે બદલ ક્ષમસ્વ.
- ગતાંકમાં પાના નં. ૩૫ ઉપર રાષ્ટ્રીય કરાટે સ્પર્ધામાં વિજેતા શૌર્ય હિતેશ ધરમશી તથા પાના નં. ૩૬ ઉપર સમદ્ર જહાજના કેપ્ટનની પરીક્ષામાં ઉતીર્ણ થનારા મિખિલ મણિકાંત ધરમશીનુ ગામ  સુથરીને બદલે કોઠારા વાંચવું.

**- તંત્રી મંડળ**

### હોમિયોપેથિક મેડીકલ કેમ્પ

શ્રી રાયચંદ હંસરાજ ધરમશી ચેરીટેબલ ટ્રસ્ટ અને શ્રી કીરીટભાઈ લક્ષ્મીચંદ લાપસીયા પરિવાર અને શ્રી અનંત સમર્પણ - ઘાટકોપરના સથવારે નીચે મુજબ હોમિયોપેથીક મેડીકલ કેમ્પ અનંત છાયા, રૂમ નં. ૧૦૪, આર. બી. મહેતા માર્ગ, (૬૦ ફીટ રોડ), ઘાટકોપર (ઈસ્ટ), મુંબઈ-૪૦૦ ૦૭૭ ખાતે યોજાયેલ છે.

હાડકા તપાસણી માટેનો કેમ્પ શનિવાર, તા. ૨૫-૦૮-૨૦૧૮ના સવારના ૧૦ વાગ્યાથી બપોરના ૨ વાગ્યા સુધી યોજાયેલ છે. રજીસ્ટ્રેશનના રૂા. ૫૦/- ત્યાં આવીને ભરવાના રહેશે.

કિડની, લીવર, સ્કિન, હેર, થાઈરોડ તથા અન્ય રોગની તપાસણી માટે શનિવાર તા. ૨૫-૦૮-૨૦૧૮ના બપોરના ૨ વાગ્યાથી સાંજના ૫ વાગ્યા સુધી તથા રવિવાર તા. ૨૬-૦૮-૨૦૧૮ના સવારના ૧૦ વાગ્યાથી બપોરના ૨ વાગ્યા સુધી યોજાયેલ છે. રજીસ્ટ્રેશનના રૂા. ૧૦૦/- ત્યાં આવીને ભરવાના રહેશે.

ઈચ્છુક જ્ઞાતિજનોએ લાભ લેવા સંપર્ક શ્રીમતી શ્વેતા મિતેશ શાહ પાસે મોબાઈલ નંબર : 9619270430 પર રજીસ્ટ્રેશન કરાવવું જરૂરી છે.


**સોનલ આર્ટ**

**પારસી વર્ક, કસબ વર્ક, જીક કસબ, પીટા વર્ક, મોચી ટાકો, બટ કસબની સાડીઓ અને ચણીયાચોળી રેડી સ્ટોકમાં મળશે. તેમજ ઓર્ડર થી બનાવી આપવામાં આવશે.**

**શાંતીભાઈ - 9967841792**

'શિવમ', ડી-૨૦૧, રઘુનાથ નગર, વાગલે એસ્ટેટ, રોડ નં. ૯, શિવસેના ઓફીસની સામે, થાણા.

**અરિહંત બેંક**

**શ્રી અરિહંત કો. ઓપ. બેંક લિ.**

Estd. 1984

(Since 34 years)

H.O.: GB 10A & 10B, Karma Stambh, Opp. Kailash Commercial Complex, L.B.S. Marg, Vikhroli (W), Mumbai - 400 083. Phone: 2579 9326 / 96198 46622


**નોટીસ :** આથી નોટિસ આપવામાં આવે છે કે બેંકની **૩૫મી વાર્ષિક સભા શનિવાર, તા. ૨૫-૦૮-૨૦૧૮ના રોજ બપોરે ૩.૦૦ કલાકે, શ્રી કાલીદાસ નાટ્ય મંદિર, પી.કે. રોડ, મુલુંડ (વે), મુંબઈ-૪૦૦ ૦૮૦** મધ્યે મળશે. જેમાં સર્ક્યુલેટ થયેલ એજન્ડા પ્રમાણે કાર્યવાહી હાથ ધરવામાં આવશે. **સર્વે સભ્યોને હાજર રહેવા વિનંતી.**

લી. **કિરણ લાલજી પટેલ** (ચીફ એક્ઝિક્યુટિવ ઓફિસર)

## પાસ થયા અભિનંદન



**પુજા જયંત શાહ (ધરમશી)**
નાગપુર (મહારાષ્ટ્ર)
**B.A. II માં 72%**



**પ્રીતેશ રીતેશ શાહ**
સુજાપુર (ઇન્દોર )
**H.S.C. CBSE**

## શ્રી સતીષ હંસરાજ નાગડા પ્રજાઉ (તિરૂપુર)ને તમિલ ગુર્જર રત્ન એવોર્ડ



૧૫-૮-૨૦૧૮ના કોઇમ્બતુર ખાતે શ્રી તમિલિયન ગુજરાતી સમાજ દ્વારા સતીષભાઇને તેમની સમાજસેવાની કદર રૂપે તમિલ ગુર્જર રત્ન એવોર્ડ થી સન્માનિત કરવામાં આવ્યા છે.

# શ્રી વીરજી લધાભાઇ ક.દ.ઓ. જૈન વિદ્યાર્થીગૃહ ખાતે ૭૨મી જશને આઝાદીની ઉજવણી

શ્રી વીરજી લધાભાઇ ક.દ.ઓ. જૈન વિદ્યાર્થીગૃહ અને શ્રી ભવાનજી અરજણ ખીમજી એજ્યુકેશનલ કેમ્પસ ઘાટકોપર વેસ્ટમાં દરવર્ષની જેમ ૧૫મી ઓગસ્ટની ઉજવણી માટે શ્રી વીરજી લધાભાઇ વિદ્યાથીગૃહના વિદ્યાર્થીઓ તેમજ શ્રીમતી લ. વી. કન્યા છાત્રાલયની વિદ્યાર્થીનીઓ દ્વારા આગલા દિવસની સાંજથી રંગોળી, તોરણ, બલુન્સથી પોડિયમને શણગારવામાં આવ્યું.

૧૫મી ઓગસ્ટ સવારના ૮ વાગ્યા થી પ્રમુખ શ્રી મધુકાંતભાઇ ખોના, ઉપપ્રમુખ શ્રીમતી દમયંતીબેન લોડાયા અને માનદમંત્રી શ્રી નરેશભાઇ મોમાયાએ અથિતિવિશેષ શ્રી દિલીપકુમાર કુસુમકાન્ત નાગડા (ડેપ્યુટી કમિશનર - ઇન્કમટેક્સ)નું સ્વાગત કરવા તૈયાર હતા. શ્રી દિલીપકુમાર નાગડાના હસ્તે બરોબર ૮.૩૦ વાગે હોસ્ટેલના પ્રાંગણમાં V.L.V.G. બેન્ડના ટ્યુન સાથે અને માર્ચપાસ્ટ સાથે રાષ્ટ્રધ્વજ વંદન થયું.

૯ વાગ્યા પછી V.L.V.G.ના ૧ લે માળે પોડિયમમાં વિદ્યાર્થીગૃહના તેમજ કન્યાછાત્રાલયની વિદ્યાર્થીનીઓ દ્વારા દેશપ્રેમથી ભરપૂર ગીતો ડાન્સ મ્યુઝિક, પિરમિડ ડાન્સ, ઇન્સ્ટન્ટ પેઇન્ટિંગ વર્ક વગેરે સાથે જશને આઝાદીનો કાર્યક્રમ પ્રસ્તુત થયો. શ્રીમતી હર્ષાબેન ધરમશી અને શ્રીમતી દિપ્તીબેન ધરમશીએ કાર્યક્રમના આયોજન માટે જહેમત કરેલ. જેનું સફલ સંચાલન શ્રી V.L.V.G.ના વિદ્યાર્થી શ્રી ભૂમિત લોડાયાએ કરેલ.

ટ્રસ્ટી શ્રી હીરાચંદભાઇ દંડ, શ્રી રવિન્દ્રભાઇ શાહ વ્ય.સ.ના અધિકારીઓ, શ્રી હેમરાજ ગોશર, શ્રીમતી ધનલક્ષ્મીબેન મોમાયા, શ્રી પરાગ શાહ, શ્રી અનુજભાઇ લોડાયા, કન્યાછાત્રાલયના અધિકારીઓ શ્રીમતી વિમળાબેન ગોશર, શ્રીમતી લિનાબેન મધુકર શાહ, શ્રીમતી પ્રીતિબેન જૈન, શ્રીમતી હિનાબેન ધરમશી, શ્રીમતી નીતલબેન લોડાયા અન્ય આમંત્રિતો હાજર રહ્યા હતા.

પોતાના પ્રાસંગિક પ્રવચનમાં અતિથિ વિશેષ શ્રી દિલીપકુમાર નાગડાએ જાપાનીશ જેવી દેશભક્તિ હોવી જોઇએ તેમ જણાવ્યું હતું. મેનેજીંગ ટ્રસ્ટી શ્રી કમલેશભાઇ વીકમશીએ કહ્યું હતું કે અજ્ઞાનતાનો અંત આવે તોજ દેશનો વિકાસ થાય. કન્યાછાત્રાલયના પ્રમુખ શ્રીમતી વિમલાબેન ગોશર એ નારીશક્તિનું સન્માન થશે તોજ ખરા અર્થમાં દેશ આઝાદ થયો ગણાશે એમ જણાવ્યું હતું.

કાર્યક્રમ દરમિયાન C.A.ની પરીક્ષામાં પહેલાજ પ્રયાસમાં ૪૫મા નંબરે પાસ થનાર વિદ્યાર્થી શ્રી મયંક પ્રીતિ રૂપેન જૈન (ધુલ્લા) કોઠારા, તેમજ CBSE ૧૦મી માં ૯૯% પ્રાપ્ત કરી સોમૈયા કોલેજમાં પ્રથમ આવનાર રાશિ સુનિલ શાહ (છેડા)નું બહુમાન કરવામાં આવેલ.

માનદમંત્રી શ્રી નરેશભાઇ મોમાયાએ જશને આઝાદીના કાર્યક્રમની સફળતા માટે કેપ્ટન શ્રી ગુલશન ડાઘા અને વાઇસ કેપ્ટન શ્રી દર્પણ મોતા અને ગૃહપતિ શ્રી દિલીપભાઇ રાઠોડ, શ્રી સનતભાઇ ખોના અને કન્યાછાત્રાલયની બેન શ્રીમતી જીગ્નાબેન લોડાયા અન્ય વિદ્યાર્થી વિદ્યાર્થીનીઓ એ કરેલ મહેનતને બિરદાવી. કાર્યક્રમના અંતમાં વિદ્યાર્થીગૃહ દ્વારા અલ્પાહારની વ્યવસ્થા કરવામાં આવી હતી.

## નવા/બદલાયેલા સરનામા/ફોન – (પુરું નામ અને નવું સરનામું મોકલવાની સાથે જુનું રદ કરવાનું સરનામું અવશ્ય જણાવવું)

| | |
|---|---|
| **નવીનચંદ વિસનજી નાગડા** (PS 7143) | C/o. પાર્શ્વચંદ્ર ધામ ધર્મશાળા, આદીનાથ સોસાયટી, તળેટી રોડ, પાલીતાણા - ૩૬૪ ૨૭૦. મો. : 097279 97413 |
| **રતીલાલ ટોકરશી ધરમશી** (PS 4367) | ૫૦૨, રાજહંસ ટાવર, પાંચમે માળે, ભાવેશ્વર નગર, ભુજ કચ્છ - ૩૭૦ ૦૦૧. મો.: જતીન 09727326145 |
| **નિલેશ સોમચંદ માલદે (ડાઘા)** (PS 5037) | H/504, લીલારીયા એપાર્ટમેન્ટ, આઈઓસી પેટ્રોલ પંપની સામે, સામા સાવલી રોડ, વડોદરા - ૩૯૦ ૦૨૪. મો.: 099250 02633 |
| **કમલેશ શીવજી લાપસીયા** (PS 1261) | ૧૦૧, સુવર્ણ લક્ષ્મી કો.હા.સો., સુયોગ મંગલ કાર્યાલય સામે, તિલક રોડ, ડોમ્બીવલી (ઈસ્ટ) - ૪૨૧ ૨૦૧. મો. : 098929 14076 |
| **મોનીશ દિલીપ ખોના** (PS 2059) | બી/૨૩, માઈકલ એપાર્ટમેન્ટ, રત્ના સુપર માર્કેટ પાસે, પી. કે. રોડ, મુલુંડ (વેસ્ટ), મુંબઈ - ૪૦૦ ૦૮૦. મો.: 098920 11304 |
| **નીરવ બકુલ ગોશર** (PS 3489) | C-405, વિનાયક પ્રાઈડ, ભોપર ડેસલેપાડા રોડ, વરદ સિદ્ધિવિનાયક હૉલની પાસે, ડોમ્બીવલી (ઈસ્ટ) - ૪૨૧ ૨૦૧. મો. : 088799 29052 |
| **જયેશ દામજી ખોના** (PS 3445) | ૩૦૩, અમિત ડોમ્બીવલી કો.હા.સો., ૩જે માળે, સમ્રાટ હોટલ પાસે, દીનદયાલ ક્રોસ રોડ, ડોમ્બીવલી (વેસ્ટ) - ૪૨૧ ૨૦૨. મો. : જયેશ 093222 13703, અનિતા 096999 85781 |
| **શાંતિભાઈ લધાભાઈ શાહ (લોડાયા)** (PS 6832) | પ્લોટ નં. ૩, શાંતિ જ્યોત, રણજીત નગર, કાલડા કૉર્નર, દરગાહ રોડ, એચડીએફસી બેન્ક પાસે, ઔરંગાબાદ - ૪૩૧ ૦૦૫. મો.: 093716 66166 |
| **જીતેન્દ્ર ઉમરશી શાહ** (PS 5463) | 8/20, G2, હિમાદ્રી ટાવર્સ, બીજો ક્રોસ, ગુરૂરાજા લેઆઉટ, બીએસકે ૩જો સ્ટેજ, ટીવીએસ અશ્વ શોરૂમની પાછળ, બેંગલોર-૫૬૦ ૦૮૫. મો. : 098864 43665 |

## જીવનચક્ર

### જન્મ

| | | | | |
|---|---|---|---|---|
| ૨૬-૦૪-૧૮ | ઘાટકોપર | પરમ, ઋષભ જીતેન્દ્ર લોડાયા | નલિયા | પુત્ર |
| ૨૭-૦૫-૧૮ | દીવા | તનય, ભાવિની મેહુલ એન. દંડ | સેવક ભરૂડીયા | પુત્ર |
| ૨૦-૦૬-૧૮ | વાશી | નતાશા, હિમાંષી પ્રણય લલિત મોતા | કોઠારા | પુત્રી |

### સગપણ

| | | | | |
|---|---|---|---|---|
| ૨૯-૦૭-૧૮ | મુલુંડ | અનૂપ (અર્જુન) જયંતીલાલ હંસરાજ લોડાયા | મોટી ખાવડી | ૩૩ |
| (ભુલ સુધાર) | ડોમ્બીવલી | ડૉલી ખુશાલ જેઠાભાઈ રામજી ખોના (પાલાણી) | કોઠારા | ૩૩ |
| ૦૩-૦૮-૧૮ | ડોમ્બીવલી | કપિલ હિરેન સોમચંદ ધુલ્લા | સુથરી | ૨૮ |
| | હૈદરાબાદ | હેનલ દિપક મેઘજી મોમાયા | વરાડિયા | ૨૩ |
| ૦૫-૦૮-૧૮ | વિક્રોલી | શ્રેયાંસ બંકિમ દામજી ધરમશી | સેવક ભરૂડીયા | ૩૧ |
| | જામનગર | આરતી જતિન કાનજી દંડ | સેવક ભરૂડીયા | ૨૬ |
| ૧૫-૦૮-૧૮ | હુબલી | મેહુલ પ્રવીણ ખીમજી મોમાયા | સાંયરા | ૨૮ |
| | ધુલિયા | માનસી મયુર લક્ષ્મીચંદ ધરમસી (ભાટે) | સુથરી | ૨૮ |

### આંતરજ્ઞાતિય સગપણ

| | | | | |
|---|---|---|---|---|
| ૧૪-૦૭-૧૮ | ડોમ્બીવલી | સૂરજ આશિષ પાટોલે | ડોમ્બીવલી | ૨૭ |
| (ભુલ સુધાર) | ડોમ્બીવલી | પૂર્વા રાયચંદ જીવાણી | જખૌ | ૨૬ |
| ૧૪-૦૭-૧૮ | બેંગલોર | આકાશ ધીરીષ જયંતિલાલ મોમાયા | વરાડીયા | ૨૫ |
| | અમદાવાદ | પ્રેરણા મહેન્દ્ર મોહનલાલજી પોરવાલ (જૈન) | કન્તાલીયા (પાલી) | ૨૫ |

### મરણ

| | | | | |
|---|---|---|---|---|
| ૦૬-૦૮-૧૮ | પારોલા | નૂતન પિયુષ નાગડા | લાલા | ૪૦ |
| ૧૪-૦૮-૧૮ | રાયપુર | શશીકાન્ત વેલજી શીવજી નાગડા | જખૌ | ૭૧ |
| ૧૬-૦૮-૧૮ | ભૂજોડી | દિનેશભાઈ વેલજી ધરમસી | સાંધાણ | ૭૦ |

# શ્રી નલિયા નાગડા ગોત્રના અંબેમાતાને નમતા ભાવિકોની સમૂહ પહેડીનો અહેવાલ

શ્રી નાગડા ગોત્રના ભાવિકો દ્વારા નલિયામાં **તારીખ ૧૩–૭–૨૦૧૮ અને ૧૪–૭–૨૦૧૮**ના બે દિવસીય પ્રોગ્રામો સાથે સમૂહ પહેડીનું ખૂબજ ઉત્સાહ અને ઉમંગથી આયોજન થયું હતુ. આ પ્રસંગે દેશાવરથી ૨૫૦ થી વધુ ભાવિકો આ પહેડી પ્રસંગ ઉજવવા પધારેલ હતા.

પહેલા દિવસે એટલે ૧૩-૭-૨૦૧૮ના સવારના ૯.૩૦ કલાકે માતાજી તથા ક્ષેત્રપાળ દાદાની બહારથી પધારેલા અને સ્થાનિક ભાવિકો દ્વારા અતિ પવિત્ર વિધિ એટલે નીમાલ કરવામાં આવ્યું હતું. બપોરે ૧૨.૩૯ વિજય મુર્હતે શ્રી માણેકજી કાનજી નાગડા પરિવાર (પટેલ) હુબલી દ્વારા શ્રી સિધ્ધચક્ર અધિષ્ઠાયિકા શાસન ગચ્છ સામ્રાજ્ઞિ શ્રી ચક્રેશ્વરીમાતાજી સહીત સિધ્ધિદાયક શ્રી સિધ્ધચક્ર મહાપૂજન શ્રી કેવલભાઈ શાહ અને સંગીતકાર કિશોર સેંગાર અને સાથી કલાકારોના સથવારે તથા પૂજ્ય પુનિતગુણા શ્રીજી મ.સા. તથા આદિઠાણા બે ની નિશ્રામાં પૂજન ભણાવવામાં આવ્યું હતું. આ પરિવાર દ્વારા સંપૂર્ણ નલિયાવાસીઓ સાથે સાધર્મિક ભક્તિરૂપે બપોરે ભોજનની વ્યવસ્થા કરવામાં આવી હતી. આ પૂજન પ્રસંગે જીવદયા માટે ઉત્તમ ફાળો થયો હતો અને તે રાત્રે સાથે શેઠ શ્રી કુસુમકાન્ત વર્ધમાન જીવરાજ નાગડા, શ્રી લહેરચંદ હીરજી નાગડા તથા શ્રી ભાગ્યચંદ હીરજી નાગડાને ભાવપૂર્વક શ્રધ્ધાંજલિ આપવામાં આવી હતી તથા હરીલાલભાઈ અબોટી, લલિતભાઈ ખોના તથા મહેશ નાગડાએ અવનવા ભક્તિ ગીતો રજુ કરી મંત્રમુગ્ધ કર્યા હતા. તેમનું બહુમાન કરવામાં આવ્યું હતું. કાર્યક્રમનું સંચાલન રાજેશ લખમશી મોતાએ કર્યું હતું. તે રાત્રે આરતીનો ચડાવો માતુશ્રી મધુરીબેન કુલીનકાન્ત નાગડા હસ્તે શ્રી કેતન કુલીનકાંત નાગડા તેરા (નાંદેડ) પરિવારે લીધો હતો. સાથે સાથે આવતા વર્ષે એવી જ ભક્તિભાવથી પહેડીનું પ્રસંગ ઉજવવાનું નક્કી થયું હતું.

બીજા દિવસે એટલે ૧૪-૭-૨૦૧૮ના (અષાઢી બીજ) સવારે પૂજ્ય જયકીર્તિ મ.સા.ના ચાતુર્માસ પ્રવેશ પ્રસંગે સંપૂર્ણ નલિયાવાસી સાથે નવકારશીનું આયોજન કરવામાં આવ્યું હતું. ત્યારબાદ ૯.૩૦ કલાકે સર્વે ભાવિકો પહેડી માટે ઉપસ્થિત થઈ ગયા હતા. સૌ પ્રથમ આ ચડાવાના લાભાર્થી અતિ ઉત્સાહપૂર્વક માતુશ્રી મધુરીબેન કુલીનકાન્ત નાગડા હસ્તે શ્રી કેતન કુલીનકાંત નાગડા પરિવાર દ્વારા પહેડી પ્રસાદ અને ધ્વજા વાજતે ગાજતે લઈ માતાજીને ચડાવવામાં આવેલ હતા. માતાજી દ્વારા સર્વે ભાવિકોને આશીર્વાદ અને જુવાર મંજુર થયા છે એવો સંદેશો મળતા જયનાદથી આ પ્રસંગને વધાવવામાં આવ્યો હતો.

આ ત્રણ દિવસના પ્રોગ્રામમાં જુગલ માણેકજી નાગડા, મહેશ ખીમજી નાગડા, મહેશ શામજી નાગડા, ચેતન લહેરચંદ નાગડા, શ્રેણિક તેજપાલ નાગડા, તેમની અથાગ મહેનતના પરિણામરૂપ સફળ આયોજન થયું હતું. આ સાથે શ્રી નલિયા જૈન જ્ઞાતિ મહાજન, શ્રી નરશીનાથા ચેરીટેબલ ટ્રસ્ટ, શ્રી ચન્દ્રપ્રભ અતિથિગૃહ અને નલિયાવાસીઓ દ્વારા સંપૂર્ણ સહકાર મળ્યો હતો. પ્રતીક કેટર્સના ભીખુભાઈએ બંને દિવસ સુંદર ભોજન તથા મંડપ અને સાઉન્ડ માટે કિરણભાઈ મોતા, ફોટોગ્રાફી માટે ઋષભ તેજપાલ નાગડા દ્વારા સુંદર સહયોગ મળ્યો હતો. નાગડા ગોત્ર પરિવાર સહુનો આભાર વ્યકત કરે છે.

**શ્રી નલિયા નાગડા ગોત્ર**

# શ્રી નાગડા ગોત્રના કુળદેવી શ્રી અંબે માતાની સમૂહ પહેડી
## સંવત ૨૦૭૪ અષાઢ સુદ ૨ તા. ૧૪-૭-૨૦૧૮ શનિવાર





શ્રી સિધ્ધચક્ર પુજન





રાત્રી ભાવના અને સંચાલન





માતાજીની આરતી





પહેડી પ્રસાદ અને ધ્વજારોહણ



પૂ. જયકિર્તી મ.સા.નું ચાતુર્માસ પ્રવેશ



ભાવતા ભોજન







નાગડા ગોત્રની કમિટીના સભ્યો

# પ્રથમ પુણ્યતિથિએ શ્રધ્ધાંજલિ



જન્મ :
તા. ૧૫-૦૧-૧૯૫૭

અરિહંત શરણ :
તા. ૦૯-૦૯-૨૦૧૭

## સ્વ. અ.સૌ. પ્રભાબેન પ્રમોદ નાગડા

ગામ : લાલા, હાલ : બુરહાનપુર (ખીરકીયાવાળા)

**(ભુઈમાં લાલા, રાપરગઢવારી નાગડા પરિવાર)**

જીવન ન દરેક ડગલે કુટુંબના દરેક પગલે તમે પરિવારના સદા પથદર્શક રહ્યા છો.
વર્ષ વિત્યું તમારી વિદાય ને પણ તમારા સ્નેહ સંસ્કારો હરપળ યાદ આવે છે.
તમારી ઉપસ્થિતી નથી એ મન માનતું જ નથી તમારી ઓટ ક્યારેય પુરાવાની નથી
તમારો લાગણીભર મિલનસાર સ્વભાવ પળે પળ યાદ આવશે.
અમે અંતરમનથી ભાવભિની  શ્રધ્ધાંજલિ આપીએ છીએ.

પરમ કૃપાળુ પરમાત્મા આપની આત્માને ચિરશાંતી અને ઉચ્ચગતિ આપે એજ પ્રાર્થના...

### -: શોકાતુર :-

| | | | |
|---|---|---|---|
| પતિ | : | **પ્રમોદ મુલજી લીલાધર નાગડા** | બુરહાનપુર |
| પુત્ર-પુત્રવધુ | : | **સૌ. અલ્પા હર્ષલ નાગડા** | બુરહાનપુર |
| પુત્રી-જમાઈ | : | **સૌ. અલ્પા મેહુલ દંડ** | સુરત |
| | | **સૌ. હેમાલી વિપુલ મોતા** | હૈદરાબાદ |
| જેઠ-જેઠાણી | : | **સ્વ. કલ્પનાબેન મણીકાંત નાગડા** | મીરારોડ |
| દેર-દેરાણી | : | **સૌ. તનુજા લલીત નાગડા** | - |
| | | **સૌ. લક્ષ્મી ચંદ્રેશ નાગડા** | જલગામ |
| | | **સ્વ. મીના મિતેશ નાગડા** | જલગામ |
| નણંદ-નંદોઈ | : | **ગં.સ્વ. હીરાબેન તુકારામ પાટીલ** | મુલુંડ |
| | | **ગં.સ્વ. દમયંતીબેન કિશોર મોમાયા** | ભાઈંદર |
| | | **સૌ. દિવ્યાબેન પ્રદીપ શિયાળ** | જાલના |
| પૌત્રી | : | **ફલક હર્ષલ નાગડા** | - |
| દોહિત્રા-દોહિત્રી | : | **ઉદીત, મીત, આર્ચા, રીયા** | - |
| ભાઈ-ભાભી | : | **ગં.સ્વ. લીનાબેન હેમેન્દ્ર મોમાયા** | વડોદરા |
| બેન-બનેવી | : | **સૌ. ખમાબેન પ્રતાપ લાલકા** | મુલુંડ |
| | | **ગં.સ્વ. હેમલતાબેન ટેકેન્દ્ર ધરમશી** | ઈંદોર |
| સાસુ-સસરા | : | **સ્વ. મીઠ્ઠીબાઈ મુલજી નાગડા** | ખીરકીયા |
| માતા-પિતા | : | **સ્વ. ચંપાબેન દેવશી મોમાયા** | મઢી |

જ્ઞાતિની એક માત્ર પ્રવૃત્ત યુવા સંસ્થા

# શ્રી કચ્છી દશા ઓશવાલ વિદ્યાર્થી સંઘ - મુંબઇ

Estd. 1954

## "INTEGRATED SEMINAR - CRAFTING YOUR PERSONAL BRAND"


Deep Pragatyam


Speaker Mrs. Kirtida Mekani


Speaker CA Nilesh Vikamsey


Special Guest CA Kamlesh Vikamsey


President - Hemil Jayesh Dand


Sponsor Mr. Manoj Lodaya


Sponsor CA Hirachand Dand


Felicitation Mrs. Kirtida Mekani


Felicitation CA Nilesh Vikamsey



Question & Answer Session


Secretary Ekta Udayan Lodaya



Audiences


VS Team's

**CDO Prakash Samiksha** **R.N.I.No. MAHGUJ/1998/04640**
Posted at Mumbai Partika Channel Sorting Office, Mumbai - 400 001

**SHRI VIRJI LADHABHAI KDO JAIN VIDYARTHIGRUH - GHATKOPAR**

## શ્રી વીરજી લધાભાઇ ક.દ.ઓ. જૈન વિદ્યાર્થીગૃહ - ઘાટકોપર
## શ્રી ભવાનજી અરજણ ખીમજી એજ્યુકેશનલ કેમ્પસ
## શ્રીમતી લક્ષ્મીબાઇ વીરજી લધાભાઇ ક.દ.ઓ. જૈન કન્યા છાત્રાલય

**SHRI BHAWANJI ARJAN KHIMJI EDUCATIONAL CAMPUS** follow us on : / VLVG-BAK

72TH INDEPENDENCE DAY CELEBRATION

# JASHN - E - AAZADI

*Feel the pride of being the part of such glorious nation*

**CHIEF GUEST : SHRI DILIPKUMAR KUSUMKANT NAGDA (NALIYA - ANDHERI)**

Dtd. Wednesday, 15th August, 2018

**Venue : VLVG - BAK**
Cama Lane, Ghatkopar (West),
Mumbai - 400 086.



ઉપસ્થિત મહાનુભાવો



ડાબેથી : મુખ્ય અતિથિ વિશેષ - શ્રી દિલીપ નાગડા, શ્રી કમલેશ વિકમશી, શ્રી નરેશ મોમાયા, શ્રીમતી વિમલાબેન ગોસર, સુત્ર સંચાલન - શ્રી ભુમિત લોડાયા



શાળાના વિદ્યાર્થીઓનું દેશભક્તિ નૃત્ય



કન્યા છાત્રાલય દ્વારા દેશભક્તિ નૃત્ય



વિદ્યાર્થીઓ દ્વારા પિરામીડ નૃત્ય



કન્યા છાત્રાલય દ્વારા પિરામીડ નૃત્ય



વિદ્યાર્થીગૃહના છાત્રો સાથે મહાનુભાવો



કન્યા છાત્રાલય ટીમ સાથે મહાનુભાવો

If undelivered, please return to :
**C.D.O. PRAKASH SAMIKSHA,** C/o. R. R. Nagda, Advocate, 29/41, Tamarind Lane, Rajabahadur Compund, Near Stock Exchange Bldg., Fort, Mumbai - 400 001.
Printed & Published by : **RAICHAND R. NAGDA** on behalf of **C.D.O. PRAKASH SAMIKSHA, SAMITI (Owner)** and Printed at **THE NEW MILLENNIUM PRINTERS,** 314, Mathuradas Mill Compound, N. M. Joshi Marg, Lower Parel, Mumbai - 400013 and Published by him from Premises No. 13A Situate at 29/41, Tamarind Lane, Rajabahadur Compund, Fort, Mumbai - 400 001.
**Editor : Raichand R. Nagda**

To,